RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 273 Dt. 29-04-2026 Page : 08 Price : Rs 3




Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

### સંગઠનાત્મક તાકાતથી ભારતીય જનતા પાર્ટીની રાજ્યમાં 'ક્લિનસ્વીપ'

# મહાનગર પાલિકાઓમાં કેસરીયો લહેરાયો

## ૮૪ માંથી ૭૦ નગરપાલિકાઓ જીતી; કોંગ્રેસ અને AAPનું ભાવિ ધુંધળુ

રાજકોટ, તા. ૨૮

ગુજરાતની તમામ ૧૫ મ્યુનિસિપલ કોર્પોરેશન બેઠકોના પરિણામો હવે બહાર આવી ગયા છે. ભાજપે બધી મ્યુનિસિપલ કોર્પોરેશનો જીતીને ક્લીન સ્વીપ હાંસલ કરી છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં, ભાજપે ૧૯૨ માંથી ૧૫૮ બેઠકો જીતીને શહેરી રાજકારણ પર પોતાની મજબૂત પકડ દર્શાવી. આ જીત સ્પષ્ટપણે દર્શાવે છે કે ગુજરાતમાં તેની સંગઠનાત્મક તાકાત મજબૂત છે. દરમિયાન, ભારતીય ક્રિકેટર રવિન્દ્ર જાડેજાની બહેન નયનાબા જાડેજા રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી હારી ગઈ.

ભાજપે રાજકોટમાં પણ અસાધારણ રીતે સારું પ્રદર્શન કર્યું, ૭૨ મ્યુનિસિપલ કોર્પોરેશનની બેઠકોમાંથી ૬૫ બેઠકો જીતી, જ્યારે કોંગ્રેસને ફક્ત ૭ થી સંતોષ માનવો પડ્યો. આમ આદમી પાર્ટી અહીં ખાતું પણ ખોલવામાં નિષ્ફળ ગઈ. દરમિયાન, ભાજપે ૩૬ રાજકોટ જિલ્લા પંચાયત બેઠકોમાંથી ૩૪ બેઠકો જીતી, જ્યારે કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના ઉમેદવારોએ એક-એક બેઠક જીતી. ભારતીય ક્રિકેટર રવિન્દ્ર જાડેજાની બહેન નયનાબા જાડેજા રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી હારી ગઈ. તેમણે આ ચૂંટણી કોંગ્રેસના ઉમેદવાર તરીકે લડી. એવું કહેવામાં આવી રહ્યું છે કે, કૌટુંબિક સંબંધો ઉપરાંત, ભાભીઓ વચ્ચે રાજકીય યુદ્ધ પણ જોવા મળ્યું. રાજકોટમાં, રવિન્દ્ર જાડેજાના



બહેન, નયનાબા જાડેજા, જે કોંગ્રેસની ટિકિટ પર ચૂંટણી લડ્યા હતા, તેઓ વોર્ડ નંબર ૨ માં હારી ગયા. ભાજપે વોર્ડ નંબર ૨ માં જીત મેળવી. સુરતમાં મત ગણતરી પૂર્ણ થઈ ગઈ છે, જેમાં ભાજપે જંગી જીત નોંધાવી છે. ભાજપે શાનદાર પ્રદર્શન કર્યું છે, ૧૨૦ માંથી ૧૧૫ બેઠકો જીતી છે. આમ આદમી પાર્ટીએ ફક્ત ચાર બેઠકો જીતી છે, જ્યારે કોંગ્રેસે ફક્ત એક જ બેઠકો જીતી છે. ગુજરાતના શિક્ષણ મંત્રી રીવાબા જાડેજાએ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પરિણામો વિશે વાત કરતા કહ્યું, ''આ શ્રેય ભાજપના તમામ કાર્યકરોને જાય છે. જનતા સમજી ગઈ છે કે વિકાસ સાથે જોડાવા માટે, તેમણે ભાજપને પસંદ કરવો જ જોઈએ. આ જીતનો શ્રેય વડા પ્રધાન મોદી સહિત આપણા ટોચના નેતૃત્વને જાય છે.''

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં કુલ ૧૯૨ બેઠકોમાંથી ૧૫૮ બેઠકો જીતીને, ભાજપે ગુજરાતના સૌથી મોટા શહેરમાં પોતાનું વર્ચસ્વ વધુ મજબૂત બનાવ્યું છે. કોંગ્રેસે નવ બેઠકો મેળવી. આમ આદમી પાર્ટી અને અઈખઈખ અહીં કોઈ સફળતા મેળવી શક્યા નહીં. એક રીતે, ભાજપે આ ચૂંટણીમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં પ્રભુત્વ મેળવ્યું છે.

આ પરિણામને શહેરી મતદારોએ શાસક પક્ષની તરફેણમાં નિર્ણાયક મતદાન કર્યું હોવાના પુરાવા તરીકે જોવામાં આવી રહ્યું છે. આ ફરી એકવાર ગુજરાતભરની સ્થાનિક સંસ્થાઓમાં ભાજપની ચૂંટણી તાકાત અને પ્રભાવ દર્શાવે છે. ગુજરાતની તમામ ૧૫ મ્યુનિસિપલ કોર્પોરેશન બેઠકોના પરિણામો હવે બહાર આવી ગયા છે. ભાજપે બધી મ્યુનિસિપલ કોર્પોરેશનોમાં ક્લીન સ્વીપ હાંસલ કરી છે. રાજકોટમાં પણ ભાજપનું પ્રદર્શન પ્રભાવશાળી રહ્યું હતું, તેણે ૭૨ મ્યુનિસિપલ કોર્પોરેશન બેઠકોમાંથી ૬૫ બેઠકો જીતી હતી, જ્યારે કોંગ્રેસને ફક્ત સાત બેઠકોથી સંતોષ માનવો પડ્યો હતો. રાજકારણના નિષ્ણાતો સ્થાનિક સ્વારજની ચૂંટણીને વિધાનસભા ચૂંટણી માટેની સેમીફાઇનલ ગણે છે. ૨૬ એપ્રિલે ગુજરાત રાજ્યની ૧૫ મહાનગરપાલિકા, ૮૪ નગરપાલિકા, ૩૪ જિલ્લા પંચાયત, ૨૬૦ તાલુકા પંચાયત અને ખાલી પડેલી ૧૧ નગરપાલિકાની ૧૩ બેઠક પર ચૂંટણી યોજાઈ હતી. આ ચૂંટણીના પરિણામોમાં ભાજપનો દબદબો રહ્યો છે. ગુજરાતની તમામ ૧૫ મહાનગરપાલિકામાં ભાજપનો ભગવો લહેરાયો છે. જ્યારે ૩૪માંથી ૩૩ જિલ્લા પંચાયતોમાં ભાજપે બાજી મારી છે જ્યારે એક આમ આદમી પાર્ટીના ફાળે ગઈ છે. ૨૬૦ તાલુકા પંચાયતમાંથી ૨૫૩માં ભાજપની જીત થઈ છે. તેમજ ૮૪માંથી ૭૮ નગરપાલિકામાં ભાજપનો પરછમ લહેરાયો છે.

### ભાજપનો ગુજરાત સાથેનો સંબંધ વધુ ગાઢ– અખંડ : મોદી

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ફરી એકવાર ભાજપને પ્રચંડ જનસમર્થન મળ્યું છે. ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ ભાજપને મળેલી ભવ્ય જીતને લઈને સોશિયલ મીડિયા પર પોસ્ટ કરતા ઉમેદવારોને અભિનંદન આપ્યા છે. તેમજ ગુજરાતની જનતાનો આભાર વ્યક્ત કર્યો છે.

### કમલમમાં જીતની ઉજવણી

ગુજરાતની સ્થાનિક સ્વરાજની ચૂંટણીના પરિણામો જાહેર થઈ ગયા છે. સ્થાનિક સ્વરાજની મતગણતરીમાં પાંચ વાગ્યા સુધીમાં મહાનગરપાલિકા હોય કે, નગરપાલિકા કે જિલ્લા કે તાલુકા પંચાયત તમામમાં ભાજપ જીતી રહ્યું છે. જ્યારે કોંગ્રેસ અને આપની સાથે સપા અને અઈંખઈંખ એ પણ થોડી બેઠકો પોતાના કબ્જે કરી છે. ત્યારે આ ભવ્ય જીતની ઉજવણી માટે કમલમ ખાતે ભારે ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યાં છે. સીએમ ભૂપેન્દ્ર પટેલ સહિત તમામ ભાજપના દિગ્ગજ નેતાઓ ભાજપના કાર્યાલય કમલમ ખાતે પહોંચ્યા હતા.

### સરકાર 'પૂર્વોત્તર ક્ષેત્રમાં કાર્ય કરવા, ઝડપથી કાર્ય કરવા' માટે પ્રતિબદ્ધ છે : મોદી

# ઉત્તરપૂર્વીય રાજ્યો 'ભારતની અષ્ટલક્ષ્મી : વડાપ્રધાન

નવી દિલ્હી, તા.૨૮

સિક્કિમ સહિત પૂર્વોત્તર, ઓર્ગેનિક ખેતી જેવી પહેલ દ્વારા ભવિષ્યવાદી વિકાસ અને ટકાઉ વિકાસનું કેન્દ્ર બનવા માટે તૈયાર હોવાનું મોદીએ જણાવ્યું હતું . પોસ્ટ કરાયેલા એક વિડિઓમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સિક્કિમના ગંગટોકમાં પાલજોર સ્ટેડિયમ ખાતે સિક્કિમના ૫૦મા રાજ્ય સ્થાપના સમારોહના સમાપન સમારોહને સંબોધિત કરી રહ્યા હતા.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે પૂર્વોત્તર રાજ્યોને ભારતની 'અષ્ટલક્ષ્મી' તરીકે અનાવ્યા અને કહ્યું કે આ રાજ્યો દેશની સમૃદ્ધિ, સંપત્તિ અને શુભતાના બહુપક્ષીય સ્વભાવનું પ્રતિનિધિત્વ કરે છે અને તેમણે ખાતરી આપી હતી કે તેમની સરકાર આ ક્ષેત્રમાં વિકાસ કાર્યોને ઝડપી બનાવવા માટે પ્રતિબદ્ધ છે.

સિક્કિમ રાજ્યના સ્વર્ણિમ જયંતિની ઉજવણીના સમાપન સમારોહને સંબોધતા તેમણે કહ્યું કે, પ્રવાસન એ સિક્કિમના અર્થતંત્રનો મુખ્ય આધાર છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે તેમની સરકારનું ધ્યાન તેની કનેક્ટિવિટી વધારવા પર છે, જેનાથી પ્રવાસીઓનો પ્રવાહ વધશે. સરકાર સિક્કિમના માળખાગત સુવિધાઓને વધારવા માટે પ્રતિબદ્ધ છે, જેમાં પશ્ચિમ બંગાળના બાગડોગરાથી એક્સપ્રેસવે અને પ્રવાસીઓનો પ્રવાહ વધારવા માટે ગંગટોકમાં રિંગ રોડનો સમાવેશ થાય છે.

તેમણે એમ પણ કહ્યું કે રાજ્ય માટે રોપવે અને સ્કાયવે પ્રોજેક્ટ્સ આગળ વધી રહ્યા છે, જ્યારે નાથુલામાં વધુ પ્રવાસીઓ માટે એક એક્સપ્રેસવે બનાવવામાં આવશે. સિક્કિમ સહિત ઉત્તરપૂર્વ એ ભારતની 'અષ્ટલક્ષ્મી' છે. સરકાર પૂર્વ તરફ આગળ વધવા, ઝડપથી આગળ વધવા માટે પ્રતિબદ્ધ છે.

આ રાજ્યની જૈવવિવિધતા પર તેમણે કહ્યું કે, ''સિક્કિમમાં પ્રકૃતિ અને સંસ્કૃતિ બંને જીવંત છે. રાજ્યના રસ્તાઓની સ્વચ્છતા અને તેની હવા શુદ્ધતા દર્શાવે છે કે અહીંના લોકો પ્રકૃતિના સંરક્ષણ માટે સાચા બ્રાન્ડ-એમ્બેસેડર છે. મોદીએ જણાવ્યું હતું કે સિક્કિમ સહિતનો ઉત્તરપૂર્વ, ઓર્ગેનિક કૃષિ જેવી પહેલ દ્વારા ભવિષ્યના વિકાસ અને સ્થિર વિકાસનું કેન્દ્ર બનવા માટે તૈયાર છે. સિક્કિમમાં ઈકો-વેલનેસ ટુરિઝમમાં અપાર અવકાશ છે, જેને સરકાર પ્રોત્સાહન આપી રહી છે. ૧,૦૦૦ જેટલા હોમસ્ટે બનાવવામાં આવી રહ્યા છે, અને સાહસિક પ્રવાસનને માળખાગત સુવિધા મળી રહી છે. તેમણે કહ્યું કે સિક્કિમ ''એવા સમયે 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'નું પ્રતિબિંબ છે જ્યારે શ્રદ્ધા અને રાજકીય જોડાણના આધારે રાષ્ટ્રને વિભાજીત કરવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.'' સિક્કિમને પૂર્વનું સ્વર્ગ ગણાવતા, પ્રધાનમંત્રીએ પ્રવાસીઓને તેની કુદરતી સુંદરતા, ખાસ કરીને તેના વૈવિધ્યસભર ઓર્કિડ માટે રાજ્યની મુલાકાત લેવાની અપીલ કરી હતી.

ઉભરતી પ્રતિભાઓ સાથે ફૂટબોલ રમતા પ્રધાનમંત્રીએ કહ્યું કે, ''સરકાર સિક્કિમમાં રમતગમતના માળખાને વધારવા અને ખાસ કરીને ફૂટબોલ અને તીરંદાજીમાં પ્રતિભાઓને નિખારવા માટે તમામ પ્રયાસો કરી રહી છે. તેમણે સિક્કિમના વિકાસ પ્રોજેક્ટ્સને પાછળ રાખવાનો આરોપ લગાવતા, ક્રમિક કોંગ્રેસ સરકારોની ટીકા કરતા કહ્યું કે, કોંગ્રેસે સિક્કિમમાં આરોગ્ય સેવાઓની અવગણના કરી. વર્તમાન સરકાર આરોગ્ય માળખાને વધારવા અને લોકોને ગુણવત્તાયુક્ત અને સસ્તી સેવા પૂરી પાડવા માટે પ્રતિબદ્ધ છે.

# ઓવૈસીની પાર્ટીની ભુજમાં એન્ટ્રી

અમદાવાદ, તા. ૨૮

ગુજરાતની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં એકંદરે ભાજપે જે વિજય હાંસલ કર્યો છે તેનાથી વિપક્ષોમાં ફફડાટ મચી ગયો છે અનેકવિધ વિરોધના સુર સમગ્ર રાજ્યમાં જોવા મળ્યા હતા પરંતુ તેની સામે ભાજપે જે રીતે ડેમેજ કંટ્રોલ કર્યું તે સરહાનિયા છે . ત્યારે ભુજની વાત કરવામાં આવે તો અસાઉદ્દીન ઓવેસીની પાર્ટી એ ન્ટ્રી કરી છે જેનાથી રાજકારણમાં ભારે ગરમાવો જોવા મળ્યો છે.

ગુજરાતમાં ૧૫ નગર નિગમ, ૮૪ નગરપાલિકા, ૩૪ જિલ્લા પંચાયત અને ૨૬૦ તાલુકા પંચાયતોની ૯,૦૦૦ થી વધુ બેઠકો માટે યોજાયેલી ચૂંટણીના પરિણામો ધીરે-ધીરે સ્પષ્ટ થઈ રહ્યા છે. આ ચૂંટણીમાં ભાજપ, કોંગ્રેસ અને AAP ઉપરાંત ઓવૈસીની પાર્ટી અને અખિલેશ યાદવની સપાએ પણ પોતાની હાજરી નોંધાવી છે. કચ્છના ભુજમાં વોર્ડ નંબર-૧માં અસદુદ્દીન ઓવૈસીની પાર્ટી AIMIM એ જોરદાર એન્ટ્રી કરી છે. ભુજ નગરપાલિકામાં AIMIM ના ૩ ઉમેદવારોએ જીત પ્રાપ્ત કરી છે. મુસ્લિમ બહુમતી ધરાવતા વિસ્તારોમાં ઓવૈસીની પાર્ટીએ કોંગ્રેસના મતોમાં ગાબડું પાડ્યું હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

યુપીના પૂર્વ સીએમ અખિલેશ યાદવ માટે ગુજરાતમાંથી મોટા સમાચાર આવ્યા છે. ખેડા જિલ્લાની કઠલાલ નગરપાલિકાના વોર્ડ નંબર ૪ માં સમાજવાદી પાર્ટીના ઉમેદવારે જીત મેળવી છે. ગુજરાતના રાજકારણમાં



ખેડામાં અખિલેશ યાદવની સાયકલ દોડી

સપાની આ એન્ટ્રીએ વિશ્લેષકોને વિચારતા કરી દીધા છે. ભાજપે એકતરફી પ્રભુત્વ જાળવી રાખ્યું છે. મોટાભાગની જિલ્લા અને તાલુકા પંચાયતોમાં ભાજપના ઉમેદવારો આગળ ચાલી રહ્યા છે. આમ આદમી પાર્ટીએ પણ કેટલીક બેઠકો પર જીત મેળવીને પોતાની પકડ જાળવી રાખવાનો પ્રયાસ કર્યો છે, જ્યારે કોંગ્રેસનું પ્રદર્શન ભાજપની સરખામણીએ નબળું જણાઈ રહ્યું છે.

# બંગાળ સંગ્રામઃ બીજા તબક્કામાં હાઈવોલ્ટેજ બેઠકો પર જંગ

## મમતાએ 'ખેલા હોબે'ના નારા સાથે ભાજપને 'બહારી' પક્ષ ગણાવી બંગાળી અસ્મિતાનો મુદ્દો ઉછાળ્યો



કોલકાતા, તા.૨૮

પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીના રણમેદાનમાં આજે ૨૯મી એપ્રિલે બીજા તબક્કાનું મતદાન યોજાવા જઈ રહ્યું છે. પ્રથમ તબક્કાના ભારે મતદાન બાદ હવે સૌની નજર બીજા તબક્કા પર ટકેલી છે, જેમાં રાજ્યના અનેક દિગ્ગજ નેતાઓની પ્રતિષ્ઠા દાવ પર લાગી છે. ચૂંટણી પંચ દ્વારા સુરક્ષાના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે.

આ તબક્કામાં પશ્ચિમ બંગાળના મહત્વના જિલ્લાઓની બેઠકો પર મતદાન થશે. પ્રાપ્ત વિગતો મુજબ બીજા તબક્કામાં મુખ્ય બેઠકો પર મતદાન થવાનું છે. લાખો મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે. સંવેદનશીલ વિસ્તારોમાં વધારાના સુરક્ષા દળો સાથે હજારો બૂથ તૈયાર કરી દેવાયા છે.

આ તબક્કો રાજકીય દ્રષ્ટિએ અત્યંત મહત્વનો માનવામાં આવે છે કારણ કે અહીં સત્તારૂઢ તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી) અને મુખ્ય વિપક્ષ ભારતીય જનતા પાર્ટી વચ્ચે સીધી ટક્કર જોવા મળી રહી છે. સ્થાનિક મુદ્દાઓમાં બેરોજગારી, ભ્રષ્ટાચારના આરોપો અને કલ્યાણકારી યોજનાઓના અમલીકરણ જેવા મુદ્દાઓ આ તબક્કામાં કેન્દ્રસ્થાને હોવાનું કહેવાય છે. અનેક બેઠકો પર જ્ઞાતિ-જાતિના સમીકરણો અને ધાર્મિક ધ્રુવીકરણ નિર્ણાયક સાબિત થઈ શકે તેવું માનવામાં આવે છે. વડાપ્રધાન, કેન્દ્રીય મંત્રીઓ અને મુખ્યમંત્રી મમતા બેનર્જીએ આ વિસ્તારોમાં ઝંઝાવતી પ્રચાર કરીને મતદારોને રીઝવવા એડીચોટીનું જોર લગાવ્યું હોવાનું મનાય છે.ચૂંટણી દરમિયાન હિંસાની આશંકાને જોતા કેન્દ્રીય સુરક્ષા દળોની સેંકડો કંપનીઓ તૈનાત કરવામાં આવી છે.

સંવેદનશીલ વિસ્તારોમાં ડ્રોન કેમેરાથી સતત નજર રાખવામાં આવશે. ક્વિક રિસ્પોન્સ ટીમ (ચછ્ઠ): કોઈપણ અપ્રિય ઘટનાને રોકવા માટે ચછ્ઠ તૈનાત રહેશે. આ સિવાય રાજ્ય પોલીસની ભૂમિકાઃ કેન્દ્રીય દળોને મદદરૂપ થવા માટે સ્થાનિક પોલીસને પણ ખાસ સૂચનાઓ આપવામાં આવી છે.

ગરમીના પ્રકોપ છતાં મતદારોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. વહીવટી તંત્ર દ્વારા પીવાના પાણી, શેડ અને વરિષ્ઠ નાગરિકો માટે ખાસ સુવિધાઓ ઉભી કરવામાં આવી છે જેથી મતદાનની ટકાવારી ઊંચી રહે તેવો આશાવાદ સેવાઈ રહ્યો છે. અત્રે એ નોંધનીય છે કે, આજુ બીજા તબક્કાનું મતદાન બંગાળની સત્તાના સિંહાસન સુધી પહોંચવા માટેનો માર્ગ મોકળો કરશે. બંને પક્ષો પોતપોતાની જીતના દાવા કરી રહ્યા છે, પરંતુ જનતાનો જનાદેશ શું હશે તે તો પરિણામના દિવસે જ સ્પષ્ટ થશે.

પશ્ચિમ બંગાળના ચૂંટણી મેદાનમાં બીજા તબક્કાના મતદાન પૂર્વે પ્રચારના જે વંટોળ જોવા મળ્યા, તેણે સમગ્ર દેશનું ધ્યાન ખેંચ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહમંત્રી અમિત શાહ અને મુખ્યમંત્રી મમતા બેનર્જીએ બંગાળની ધરતી પર જે રીતે શક્તિપ્રદર્શન કર્યું છે, તે જોતા આ ચૂંટણી માત્ર સત્તા મેળવવાની નહીં પણ પ્રતિષ્ઠાની જંગ બની ગઈ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાની રેલીઓમાં સીધો પ્રહાર કરતા 'અસલ પરિવર્તન'નો નારો બુલંદ કર્યો છે. તેમણે કેન્દ્ર સરકારની યોજનાઓ બંગાળમાં અટકાવવા બદલ રાજ્ય સરકારની આકરી ટીકા કરી હતી. મોદીની સભાઓમાં ઉમટેલી જનમેદની ભાજપ માટે આશાનું કિરણ ગણાય છે, જ્યાં તેમણે ભ્રષ્ટાચાર મુક્ત શાસન અને રોજગારીના મુદ્દે મતદારોને રીઝવવાનો પ્રયાસ કર્યો છે.

# ચૂંટણી પંચના 'નિરીક્ષકો'એ TMC કાર્યકરોને આપી ધમકી

## ઓલ ઈન્ડિયા તૃણમૂલ કોંગ્રેસે ઉગ્ર વિરોધ કર્યો : ચૂંટણી પંચે 'મુશ્કેલી સર્જનારાઓ'ની નવી યાદી જારી કરી છે જેમાં TMC સાથે સંકળાયેલા હજારો લોકોના નામ

નવી દિલ્હી, તા.૨૮

પશ્ચિમ બંગાળમાં ચૂંટણી પંચ દ્વારા તૈનાત પોલીસ નિરીક્ષકો મતદારોને ધમકી આપીને વિવાદ ઉભો કરી રહ્યા છે, જ્યારે ચૂંટણી પંચે સોમવાર, ૨૭ એપ્રિલના રોજ ૧૪૨ મતવિસ્તારોમાં તૃણમૂલ કોંગ્રેસ સાથે સંકળાયેલા હજારો લોકોના નામ સાથે 'મુશ્કેલી સર્જનારાઓ'ની નવી યાદી જારી કરી હતી. ઊઈઈ એ કલકત્તા હાઈકોર્ટના આદેશને ટાંકીને નિવારક કાર્યવાહી/અટકાયતની માંગણી કરતી યાદીનું પરિભ્રમણ કર્યું હતું, જેમાં 'મુશ્કેલી સર્જનારાઓ' અંગેની તેની અગાઉની સલાહ પર સ્ટે મૂકવામાં આવ્યો હતો જેમાં શરત હતી કે જો સૂચિબદ્ધ લોકો દ્વારા ગુનો કરવામાં આવે તો કાર્યવાહી કરી શકાય છે.




વડાપ્રધાન મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ભારે પ્રચાર પછી રાજ્ય છોડીને ગયા હતા, જેમાં મોદીએ ભાજપ સરકારના શપથ ગ્રહણ માટે પાછા ફરવાનું વચન આપ્યું હતું અને ગૃહમંત્રીએ ખાતરી આપી હતી કે કેન્દ્રીય દળો ચૂંટણી પછી ૬૦ દિવસ સુધી બંગાળમાં રહેશે. તૃણમૂલ કોંગ્રેસે ફરિયાદ કરી હતી કે, ભાજપ સાથે સંકળાયેલા 'ગુંડાઓ' સામે રક્ષણ મેળવવા માટે છે અને શુક્રવારે તૃણમૂલ ઉમેદવાર મિતાલી બાગ પર થયેલા હુમલાનો ઉલ્લેખ કર્યો હતો. શાહનું વચન મતદાનના બીજા તબક્કા દરમિયાન ભાજપના પોતાના મતદારોને પણ નિરાશ કરી શકે છે કારણ કે તેને એવી કબૂલાત તરીકે જોવામાં આવે છે કે ભાજપ સરકાર બનાવવામાં નિષ્ફળ જશે.

આ દરમિયાન, રાજ્યમાં તૈનાત પોલીસ નિરીક્ષકો, ભાજપ શાસિત રાજ્યોના ઈડ્જ અધિકારીઓ, વિવાદમાં આવી રહ્યા છે. તૃણમૂલ કોંગ્રેસે અગાઉ ડાયમંડ હાર્બરની એક હોટલની લોબીમાં ભાજપના ઉમેદવારને મળતા નિરીક્ષકોમાંથી એકના ઈઈઝટ ફૂટેજનું પ્રસારણ કર્યું હતું. ઓછામાં ઓછા બે અન્ય ઈડ્જ અધિકારીઓ, એક ગ્ડ અને બીજો ઓડિશાના, કેમેરામાં તૃણમૂલ કાર્યકરોને ધમકી આપતા, મતદાનના દિવસે ઘરે રહેવાની સલાહ આપતા કેદ થયા છે. દક્ષિણ ૨૪-પરગણા જિલ્લામાં ચૂંટણી પંચ દ્વારા તૈનાત પોલીસ નિરીક્ષક અજય પાલ શર્મા કહે છે કે, જહાંગીર (તૃણમૂલ ઉમેદવાર) ના પરિવારના સભ્યો પણ અહીં છે; તેમને સીધું કહો કે જો તેમના કાર્યકરો દ્વારા ધમકીઓ આપવાની ફરિયાદો ચાલુ રહે છે, તો અમે તેમની સામે કાર્યવાહી કરીશું; તેમને પછીથી તેમના કૃત્યનો પસ્તાવો ન કરવો જોઈએ.

એક નિવૃત્ત ઈઅજ અધિકારીએ કહ્યું કે, ''મેં જુદા જુદા રાજ્યોમાં ત્રણ અલગ અલગ લોકસભા ચૂંટણીઓમાં ચૂંટણી નિરીક્ષક તરીકે સેવા આપી છે. અમારા માટે મુખ્ય નિયમ સરળ હતોઃ ચૂંટણી નિરીક્ષક ચૂંટણી પંચની આંખો અને કાન છે, પરંતુ તેણે પોતાનું મોં બંધ રાખવું જોઈએ. ઉત્તર પ્રદેશ કેડરના વિવાદાસ્પદ પોલીસ અધિકારી શર્મા, કેન્દ્રીય અર્ધલશ્કરી દળો દ્વારા ઘેરાયેલા જોઈ શકાય છે અને તેઓ મહિલાઓ સહિત ગ્રામજનોના જૂથને ધમકી આપતા જોવા મળે છે.

ઓલ ઈન્ડિયા તૃણમૂલ કોંગ્રેસે ઉગ્ર વિરોધ કર્યો છે, અને 'નિરીક્ષકો' ને કાયદાની મર્યાદામાં રહીને તેમની ફરજ બજાવવા ચેતવણી આપી છે. પાર્ટીએ સોશિયલ મીડિયા પર પોસ્ટ કર્યું કે ''યોગી આદિત્યનાથના એન્કાઉન્ટર સ્પેશિયાલિસ્ટ અજય પાલ શર્મા એ જ માણસ છે જેમનો સન્માનનો બેજ ''એન્કાઉન્ટર'' થી શરૂ થાય છે અને જેમની વાસ્તવિક વિશેષતા વ્યક્તિગત બદલો લેવા માટેનું સાધન છે. પોસ્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે જંઈઝ એ શર્મા સામે વિજિલન્સ તપાસની ભલામણ કરી હતી જેમના પર વિશ્વાસઘાત, ગુનાહિત કાવતરું અને પુરાવા ગાયબ કરવા માટે કેસ દાખલ કરવામાં આવ્યો હતો.

એક પોસ્ટમાં, તૃણમૂલ કોંગ્રેસના સાંસદ મહુઆ મોઈત્રાએ નાદિયા જિલ્લામાં નિરીક્ષક તરીકે પોસ્ટ કરાયેલા ઓડિશા કેડરના અન્ય ઈડ્જ અધિકારી, બટુલા ગંગાધરને સંબોધિત કર્યા. ''આ ઓડિશામાં બૌદ્ધ નથી જ્યાં તમે તમારા જુનિયરોને માર મારી શકો છો. પોલીસને અમારા કાર્યકરોને ધમકાવવા અને તેમને ઘરની અંદર રહેવા માટે કહેવાનું બંધ કરો. તે ગેરકાયદેસર છે. તમારે કાર્યવાહીનો સામનો કરવો પડશે.

તૃણમૂલ કોંગ્રેસના પ્રવક્તાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ''૨૦૨૪ની લોકસભા ચૂંટણી દરમિયાન, ચૂંટણી પંચે દેશભરના ૫૪૩ મતવિસ્તારોમાં ૩.૪ લાખ કેન્દ્રીય દળના કર્મચારીઓ, લગભગ ૩,૪૦૦ કંપનીઓ તૈનાત કરી હતી. છતાં, એકલા બંગાળમાં, આ ચૂંટણી માટે, તેમણે ૨,૪૦૦ કંપનીઓ, ૨.૪ લાખ કેન્દ્રીય દળના કર્મચારીઓ, ૯૫ પોલીસ નિરીક્ષકો સાથે તૈનાત કર્યા છે.'' તેઓ મધ્યરાત્રિએ દરોડા પાડી રહ્યા છે, સામાન્ય નાગરિકો અને તૃણમૂલ કોંગ્રેસના કાર્યકરોના ઘરોમાં ઘૂસી રહ્યા છે, પરિવારોને ડરાવી રહ્યા છે, મતદારોને ડરાવી રહ્યા છે, પતિની ગેરહાજરીમાં મહિલાઓ પર હુમલો કરી રહ્યા છે અને બાળકોને પણ છોડી રહ્યા નથી.

શું ચૂંટણી પંચ ૨૦૨૭ માં ઉત્તર પ્રદેશમાં ચૂંટણી યોજાશે ત્યારે 'નિરીક્ષકો' ને પણ આવી જ સ્વતંત્રતા આપશે?. શું પશ્ચિમ બંગાળના ઈડ્જ અધિકારીઓને ઉત્તર પ્રદેશમાં બજરંગ દળ અને છજ્જ કાર્યકરોને ધમકાવવાની મંજૂરી આપવામાં આવશે?. અને શું ત્યાં કેન્દ્રીય દળોની તૈનાતી એટલી જ વ્યાપક હશે?

# તે સિંઘમ, તો હું પુષ્પા : IPS અજય પાલ

## ઉત્તર પ્રદેશ-કેડરના IPS અધિકારીએ મતદારોને ધમકાવતા TMCનો ઉગ્ર વિરોધ

નવી દિલ્હી, તા.૨૮

પશ્ચિમ બંગાળના દક્ષિણ ૨૪ પરગણામાં મંગળવારે રાજકીય વિવાદ ત્યારે શરૂ થયો જ્યારે તૃણમૂલ કોંગ્રેસ (TMC) ના સમર્થકોએ વિરોધ પ્રદર્શન કર્યું હતું, જેમાં ચૂંટણી પંચ દ્વારા નિયુક્ત પોલીસ નિરીક્ષક અજય પાલ શર્મા પર બીજા તબક્કાના મતદાન પહેલા પાર્ટી કાર્યકરોને ''ધમકાવવા''નો આરોપ મૂકવામાં આવ્યો હતો.

ફાલ્ટામાં વિરોધ પ્રદર્શનમાં સમર્થકોએ ટીએમસી ઉમેદવાર જહાંગીર ખાનના નિવાસસ્થાન અને ચૂંટણી કાર્યાલયની બહાર પોલીસ વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા. પાર્ટીના વરિષ્ઠ નેતાઓ અને રાજ્ય મંત્રીઓએ આરોપ લગાવ્યો કે ઉત્તર પ્રદેશ-કેડરના IPS અધિકારી તેમની ભૂમિકાથી આગળ વધી રહ્યા છે.



બંગાળમાં ચૂંટણીમાં ચેતવણી અંગેનો વીડિયો વાયરલ થયા બાદ યુપીમાં ૫૦૦+ એન્કાઉન્ટર કરનાર ઈડ્જ અધિકારીએ આ વિસ્તારની મુલાકાત લીધી હતી. ચૂંટણી પંચને ફરિયાદ મળી હતી કે ખાનના સાથીઓ કથિત રીતે મતદાર ઓળખપત્ર એકત્રિત કરી રહ્યા છે અને મતદારોને ધમકાવી રહ્યા છે. મુલાકાત દરમિયાન, ઉત્તર પ્રદેશમાં તેમની કડક પોલીસ શૈલી માટે ''સિંઘમ'' તરીકે બિરુદ મેળવનારા શર્માએ ચેતવણી આપી હતી કે જો મતદારોને પ્રભાવિત કરવાનો કોઈ પ્રયાસ કરવામાં આવશે તો કડક કાર્યવાહી કરવામાં આવશે.

વાઈરલ થઈ રહેલા એક વીડિયોમાં, અજય પાલ શર્મા જહાંગીર ખાનના પરિવારને ચેતવણી આપતા જોવા મળ્યા હતા કેઃ ''તેમને કહો, જો તેના માણસો ધમકી આપતા રહેશે તો અમે તેની સાથે યોગ્ય રીતે વ્યવહાર કરીશું... તો રડશો નહીં કે પસ્તાશો નહીં.

આ અંગે તીવ્ર પ્રતિક્રિયા આપતા, ખાને અધિકારીનો સામનો કરવા લોકપ્રિય ફિલ્મ પાત્રોનો ઉપયોગ કર્યો. તેમણે કહ્યું કે, ''આ બંગાળ છે; જો તે 'સિંઘમ' છે, તો હું 'પુષ્પા' છું. ભાજપ દ્વારા નિયુક્ત પોલીસ અધિકારીઓ દ્વારા કોઈપણ પ્રકારની ધમકી કે બળજબરીને અહીં મંજૂરી આપવામાં આવશે નહીં. તેમણે આરોપ લગાવ્યો કે અધિકારી અને તેની સાથેના દળોએ તેમના અને તેમના સમર્થકો પર દબાણ કરવાનો પ્રયાસ કર્યો હતો.

ઈઅગજ સાથે વાત કરતા, ફાલ્ટા મતવિસ્તારના ઉમેદવારે કહ્યું કે, ''ગઈકાલે બપોરે ૩ વાગ્યાની આસપાસ, તે આવ્યો અને આ પાર્ટી કાર્યાલયમાં મારા સુરક્ષા કર્મચારીઓને ધમકાવવાનો પ્રયાસ કર્યો અને મારા પરિવારને ધમકાવવાનો પ્રયાસ કર્યો. શું આ પોલીસ નિરીક્ષકની ફરજ છે?

જો તેને કંઈક કહેવું હોય તો તેમણે SP અથવા IC ને કહેવું જોઈએ. ECI નો કોઈ નિયમ નથી કે પોલીસ નિરીક્ષક લોકો અને ઉમેદવારોને તેમના ઘરે જઈને ધમકાવી શકે. ભાજપને મદદ કરવા માટે આ લોકો ગેરકાયદેસર કામ કરી રહ્યા છે. તેઓ TMC કાર્યકરો અને નેતાઓને ધમકાવવાનો પ્રયાસ કરી રહ્યા છે કારણ કે તેઓ જાણે છે કે તેઓ જીતી શકશે નહીં, પરંતુ અમે ડરતા નથી.

TMC નેતાઓએ આ અધિકારીના વર્તન સામે વાંધો ઉઠાવ્યો હતો. રાજ્ય મંત્રી ચંદ્રિમા ભટ્ટાચાર્યએ પ્રશ્ન ઉઠાવ્યો કે શું નિરીક્ષકને પુરાવા વિના મોડી રાત્રે મુલાકાત લેવા અને ચેતવણી આપવાનો અધિકાર છે? અન્ય એક મંત્રી અરૂપ બિસ્વાસે જણાવ્યું હતું કે નિરીક્ષકો પાસેથી તટસ્થ રહેવાની અપેક્ષા રાખવામાં આવે છે અને બંધારણીય મર્યાદાઓથી આગળ વધીને કાર્ય કરવાના કોઈપણ પ્રયાસને કાયદેસર રીતે પડકારવામાં આવશે.

બીજા તબક્કામાં મુક્ત અને ન્યાયી મતદાન સુનિશ્ચિત કરવા માટે ચૂંટણી પંચ દ્વારા તૈનાત કરાયેલા ૯૫ નિરીક્ષકોમાં શર્માનો સમાવેશ થાય છે. ફાલ્તા ડાયમંડ હાર્બર લોકસભા મતવિસ્તાર હેઠળ આવે છે જેનું પ્રતિનિધિત્વ ટીએમસી સાંસદ અભિષેક બેનર્જી કરે છે.

# ૨.૪૦ લાખ મેટ્રિક ટન સાથે ગુજરાત ચીકુ ઉત્પાદનમાં અગ્રેસર

## નાણાકીય વર્ષ ૨૦૨૫ માં દક્ષિણ ગુજરાતની ઉપજ ૨૩૦ કરોડ રૂપિયા

ગાંધીનગર, તા. ૨૮

ગુજરાત આજે ચીકુ (સપોટા) ઉત્પાદનના અગ્રણી કેન્દ્ર તરીકે પોતાની આગવી ઓળખ સ્થાપિત કરી રહ્યું છે. રાજ્યના કુલ ચીકુ ઉત્પાદનમાં લગભગ ૫૦ ટકા ફાળો આપતો આ વિસ્તાર ગુજરાતની બાગાયતી પ્રગતિને મજબૂત આધાર પૂરો પાડી રહ્યો છે. તારીખ ૧ અને ૨ મે દરમિયાન સુરતની ઑરો યુનિવર્સિટી ખાતે યોજાનારી વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ (VGRC) દક્ષિણ ગુજરાતની કૃષિ સિદ્ધિઓને ઉજાગર કરવાની સાથે નવી રોકાણ તકોને પણ પ્રોત્સાહિત કરશે.

આ એવા સમયે આવ્યું છે, જ્યારે દક્ષિણ ગુજરાત પ્રદેશ ચીકુ ઉત્પાદનના એક અગ્રણી કેન્દ્ર તરીકે ઉભરી રહ્યો છે, જે રાજ્યની બાગાયતી સફળતાને આગળ ધપાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યો છે. નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન દક્ષિણ ગુજરાતે અંદાજે ૧.૧૫ લાખ મેટ્રિક ટનથી વધુ ચીકુનું ઉત્પાદન કર્યું હતું, જેનું બજાર મૂલ્ય ૨૩૦ કરોડ રૂપિયાથી વધુ છે. આ આંકડા દર્શાવે છે કે રાજ્યમાં ઉત્પાદિત દરેક બીજો ચીકુ દક્ષિણ ગુજરાતમાંથી આવે છે, જે આ પ્રદેશની ખેતી ક્ષમતાને પ્રદર્શિત કરે છે.

રાજ્ય સરકારના બાગાયત નિયામકના જણાવ્યા અનુસાર, ગુજરાત ચીકુ ઉત્પાદનમાં દેશનું બીજા ક્રમનું સૌથી મોટું ચીકુ ઉત્પાદક રાજ્ય છે. વર્ષ ૨૦૨૪-૨૫માં રાજ્યમાં ૨૫,૦૦૦ હેક્ટરથી વધુ વિસ્તારમાં ચીકુની ખેતી થઈ અને કુલ ઉત્પાદન ૨.૪૦ લાખ મેટ્રિક ટનથી વધુ નોંધાયું છે, જે દેશવ્યાપી સ્તરે ગુજરાતની મજબૂત હાજરી દર્શાવે છે.

ખેડૂતોને પ્રોત્સાહન આપવા રાજ્ય સરકારે સંકલિત બાગાયત વિકાસ કાર્યક્રમ હેઠળ મહત્વપૂર્ણ સહાય યોજનાઓ અમલમાં મૂકી છે. સપોટા પાક માટે વાવેતર સામગ્રી પર ૯૦ ટકા સુધીની સહાય આપવામાં આવે છે, જ્યારે ચીકુના ખેડૂતોને પ્રતિ હેક્ટર રૂ. ૨૨,૦૦૦ સુધીની આર્થિક સહાય આપવામાં આવી રહી છે. આ પહેલો ખેડૂતોની ઉત્પાદન ક્ષમતા વધારવા અને આવકમાં વૃદ્ધિ લાવવા માટે મહત્વપૂર્ણ સાબિત થઈ રહી છે.

આગામી VGRC (દક્ષિણ ગુજરાત) કોન્ફરન્સ બાગાયતી ક્ષેત્રમાં નવા અવસરો ઊભા કરવાની દિશામાં મહત્વપૂર્ણ મંચ બની રહેશે. ચીકુની ખેતીમાં પ્રોસેસિંગ, પેકેજિંગ, બ્રાન્ડિંગ અને નિકાસ દ્વારા મૂલ્યવર્ધન માટે વિશાળ સંભાવનાઓ છે. પરિષદમાં રોકાણકારો, ઉદ્યોગસાહસિકો, નિકાસકારો અને નીતિનિર્માતાઓ વચ્ચે સંવાદ દ્વારા કૃષિ મૂલ્ય શૃંખલાને મજબૂત બનાવવાના પ્રયત્નો કરવામાં આવશે.

તાજા અને પ્રોસેસ્ડ ફળોની વધતી માંગને ધ્યાનમાં રાખીને ગુજરાત કોલ્ડ ચેઇન ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ફૂડ પ્રોસેસિંગ યુનિટ્સ અને કૃષિ લોજિસ્ટિક્સ ક્ષેત્રમાં રોકાણ આકર્ષવા માટે સક્ષમ સ્થિતિમાં છે. મૂલ્યવર્ધન, વેરહાઉસિંગ, પાકવણી સુવિધાઓ અને ફાર્મ-ટુ-માર્કેટ કનેક્ટિવિટી જેવા ક્ષેત્રોમાં વિશાળ અવકાશ ઉપલબ્ધ છે.

દક્ષિણ ગુજરાતમાં ચીકુ ખેતીની સફળતા રાજ્યની કૃષિ વૈવિધ્યકરણ અને ખેડૂત સશક્તિકરણ પ્રત્યેની પ્રતિબદ્ધતાનું પ્રતિબિંબ છે. નીતિ આધાર, બજાર જોડાણ અને કુદરતી અનુકૂળતાઓને એકત્રિત કરીને ગુજરાત એક ટકાઉ અને વિકાસલક્ષી બાગાયતી ઈકોસિસ્ટમ ઊભું કરી રહ્યું છે. ચીકુ ઉત્પાદન ક્ષેત્રમાં મળેલી આ સિદ્ધિ માત્ર કૃષિ વિકાસનું નહીં, પરંતુ ગ્રામિણ આર્થિક વૃદ્ધિ અને રોકાણ તકોનું પણ મજબૂત ઉદાહરણ છે, જે ગુજરાતને બાગાયતી ક્ષેત્રમાં દેશના આગેવાન રાજ્ય તરીકે આગળ ધપાવી રહ્યું છે.

# કોલકાતાને 'ભવિષ્યનું શહેર' બનાવવાનું આહ્વાન : PM

## TMCએ ઘુસણખોરોને આપ્યો આશ્રય : કલકત્તાને લંડનમાં પરિવર્તિત કરવાનું TMCનું વચન પણ મતદારોને યાદ કરાવ્યું

નવી દિલ્હી, તા.૨૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોલકાતાના રહેવાસીઓને વિનંતી કરી કે તેઓ આનંદનું શહેર ભવિષ્યનું શહેર બને, આ અપીલ લોકોને ૨૯ એપ્રિલે બંગાળની ચૂંટણીના બીજા અને અંતિમ તબક્કામાં ભાજપને મત આપવાની અપીલના ભાગ રૂપે કરી હતી. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે તાજેતરમાં એક પ્રચાર રેલીમાં ડાબેરી મોરચા અને તૃણમૂલના કાર્યકાળ દરમિયાન કલકત્તા ઝૂંપડપટ્ટીના શહેરમાં ફેરવાઈ ગયું હતું તેવી ટિપ્પણીને પગલે કલકત્તા પર મોદીની આ ટિપ્પણી મહત્વપૂર્ણ છે. ઉત્તર ૨૪-પરગણાના બેરકપોરમાં તેમની છેલ્લી પ્રચાર રેલીને સંબોધતા, મોદીએ મતદારોને મુખ્યમંત્રી મમતા બેનર્જીના કલકત્તાને લંડનમાં રૂપાંતરિત કરવાના જૂના વચનની યાદ અપાવી. તેમણે દાવો કર્યો કે તેમની પાર્ટી, તૃણમૂલ કોંગ્રેસે શહેરમાં ઘૂસણખોરોને આશ્રય આપ્યો હતો.



તેમણે કહ્યું કે, ટીએમસીએ કલકત્તાને લંડનમાં પરિવર્તિત કરવાનું વચન આપ્યું હતું. પરંતુ છેલ્લા ૧૫ વર્ષોમાં, તેમણે કલકત્તાની ઓળખ બદલી નાખી છે. તેમણે શહેરમાં ઘુસણખોરોને આશ્રય આપ્યો છે. હું કલકત્તાના રહેવાસીઓને વિનંતી કરું છું કે, આપણે સાથે મળીને ખાતરી કરવી પડશે કે કલકત્તા એ ભવ્ય કલકત્તા જ રહે. આપણે કલકત્તાને તેની ઓળખ ગુમાવતા અટકાવવું પડશે. આપણે ખાતરી કરવી પડશે કે ૨૧ મી સદીમાં, આનંદનું શહેર ભવિષ્યનું શહેર બને.

૨૨ એપ્રિલના રોજ તેમની રેલીમાં અમિત શાહે કહ્યું હતું કે, દીદીના શાસન અને ડાબેરીઓના શાસન હેઠળ, આ આખું શહેર ઝૂંપડપટ્ટીના શહેરમાં ફેરવાઈ ગયું છે. દેશમાં ઘણા શહેરો છે જે ઝૂંપડપટ્ટી મુક્ત થવા લાગ્યા છે. પરંતુ દીદીને આવી પહેલ જરૂરી લાગી ન હતી. તેમણે તેમની વોટ બેંક સુરક્ષિત કરવા માટે ઝૂંપડપટ્ટીમાં ઘુસણખોરોને વસાવ્યા છે.

તૃણમૂલ કોંગ્રેસે આરોપ લગાવ્યો કે તેમણે આનંદ શહેર અને ભારતની સાંસ્કૃતિક રાજધાનીનું અપમાન કર્યું છે. તૃણમૂલ કોંગ્રેસે દલીલ કરી હતી કે આ ટિપ્પણી ભાજપ શહેરી ગરીબોને કેવી રીતે જુએ છે તે દર્શાવે છે. ઝૂંપડપટ્ટીની વસ્તીની દ્રષ્ટિએ, ભાજપ શાસિત મહારાષ્ટ્ર દેશમાં મોટા માર્જિનથી આગળ છે. મુંબઈનું ધારાવી વિશ્વની સૌથી મોટી ઝૂંપડપટ્ટીઓમાંનું એક છે. જો અમિત શાહ ઝૂંપડપટ્ટીઓ વિશે વાત કરવા માંગતા હોય, તો તેમણે તેમની પોતાની પાર્ટી દ્વારા શાસિત રાજ્યોથી શરૂઆત કરવી જોઈએ.

મમતાએ શાહની ટિપ્પણી પર પ્રહાર કરતા કહ્યું કે, શાહ કોણ છે જે કહે છે કે કલકત્તા ઝૂંપડપટ્ટીઓનું શહેર છે? તમારે પહેલા દિલ્હીની સંભાળ લેવી જોઈએ. સોમવારે મોદીએ એવું કહીને આ નુકસાનને સુધારવાનો પ્રયાસ કર્યો હતો કે ભાજપ શાસન વધુ સારું કલકત્તા બનાવશે.

મોદીએ બીજા તબક્કાના મતદાન પહેલા તેમના છેલ્લા પ્રચાર ભાષણમાં એ પણ સંકેત આપ્યો હતો કે રાજ્ય અને કલકત્તાના લોકો સરકારમાં પરિવર્તનની રાહ જોઈ રહ્યા છે.

બંગાળ છોડ્યા પછી, મોદીએ સોશિયલ મીડિયા પર એક પત્ર શેર કરીને બંગાળને ભાજપને મત આપવા અને પરિવર્તન લાવવા વિનંતી કરી હતી. તેમણે કહ્યું કે બંગાળના મતદારો, ખાસ કરીને યુવાનો, મહિલાઓ, ખેડૂતો, મજૂરો અને નાના વેપારીઓ વિકસિત બંગાળની તેમની આકાંક્ષામાં એક થયા છે અને ઝડપી વિકાસ, સારી સુરક્ષા અને વ્યાપક આર્થિક તકો ઇચ્છે છે.

તૃણમૂલ કોંગ્રેસે સોમવારે મોદીના એવા દાવાઓની ટીકા કરી કે કલકત્તાએ તેની ઓળખ ગુમાવી દીધી છે. તેઓ વારંવાર કલકત્તાને નીચું ગણે છે. પહેલા, અમિત શાહે તે કર્યું, અને હવે નરેન્દ્ર મોદી દાવો કરી રહ્યા છે કે કલકત્તાની ઓળખ બદલાઈ ગઈ છે.

હું તેમને યાદ અપાવવા માંગુ છું કે કલકત્તા દેશનું સૌથી સુરક્ષિત અને શ્રેષ્ઠ શહેર છે, અને તેથી જ યોગી આદિત્યનાથને ઉત્તર પ્રદેશમાં માળખાકીય વિકાસને પ્રોત્સાહન આપવા માટે આપણા શહેરના મા ફ્લાયઓવરનો ફોટોગ્રાફ વાપરવાની જરૂર પડે છે. કલકત્તા બધા શહેરોમાં શ્રેષ્ઠ છે, અને તેથી જ વડા પ્રધાન અહીં હુગલી પર હોડીની સવારીનો આનંદ માણી શકે છે. તેઓ દિલ્હીમાં યમુનામાં આવું કરી શકતા નથી. કોલકાતાની અગિયાર બેઠકો પર આજે ૨૯ એપ્રિલે મતદાન થશે, જેમાં છ જિલ્લાઓ - હાવડા, હુગલી, પૂર્વ બર્દવાન, નાદિયા, ઉત્તર ૨૪ -પરગણા અને દક્ષિણ ૨૪-પરગણા - ના ૧૩૫ અન્ય બેઠકો પર મતદાન થશે.

# મનપામાં ફરી ભાજપનું કેસરિયા શાસન

## વોર્ડ નં.૧૫માં મત ગણતરી પુર્વે બેલેટ પેપરનું રી કાઉન્ટીંગ કરાયા પછી ટેકનિકલ કારણોસર વિજેતા જાહેર કરાયેલા વશરામ સાગઠીયા પરાજીત થયા : મતદારો એ વધુ એક વખત ''આપ''નો સફાયો



રાજકોટ, તા ૨૮

રાજકોટ મહાનગરપાલિકાની ૭૨ બેઠક માટે ખેલાયેલા ચૂંટણી જંગ માટે આજે હાથ ધરાયેલી મત ગણતરીમાં ભાજપ કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી વચ્ચે ખેલાયેલા ત્રિપાંખીયા જંગમાં ભારતીય જનતા પાર્ટી એ ૬૪ બેઠક સાથે સ્પષ્ટ બહુમતિ મેળવીને ફરી એકવાર સત્તા હાંસલ કરી છે. જ્યારે કોંગ્રેસે વોર્ડ નં. ૧૫ અને ૧૬ ની સાત બેઠક સાથે સંતોષ માનવો પડ્યો છે. આજે મત ગણતરી દરમિયાન વોર્ડ નંબર ૧૫મા કોગ્રેસી ઉમેદવાર વશરામ સાગઠીયાનો વિજેતા જાહેર કરાયા બાદ ટેકનિકલ કારણોસર આ પરિણામ રદ કરી ભાજપના નિલેશ હેરભાને વિજેતા ઘોષિત કરવામાં આવતા સાગઠીયાના મોં સુધી આવેલો વિજયનો કોળિયો ઝુટવાઇ ગયો હતો

**વોર્ડ નં.૧૬માં જંગલેશ્વર નું ડિમોલિશન નડ્યું: ભાજપ પર મતદારોએ બુલડોઝર ફેરવીને કોંગ્રેસને વિજયમાળા પહેરાવી**

૨૦૨૧માં યોજાયેલી ચૂંટણીમાં ભાજપએ ૬૮ બેઠકો સાથે સ્પષ્ટ બહુમતી મેળવી કોંગ્રેસનો સફાયો કર્યો હતો. અને કોંગ્રેસે ચાર બેઠક સાથે આબરૂ જાળવી હતી. આ વર્ષે કોંગ્રેસે સાત બેઠકો પર વિજય મેળવી ગત ચૂંટણી કરતાં ત્રણ બેઠકનો ફાયદો મેળવ્યો છે. ભાજપ ૬૫ બેઠકની સ્પષ્ટ બહુમતી સાથે સત્તાના સૂત્રો સંભાળશે.

૨૦૨૧ બાદ પાંચ વર્ષે યોજાયેલી ચૂંટણીમાં પુર્વ શાસકોના વિવાદ, પ્રાથમિક સુવિધા મુદ્દે પ્રજાનો રોષ અને ઉમેદવારોની પસંદગી મુદ્દે ફેલાયેલા આંતરિક અસંતોષ વચ્ચે પણ ભાજપએ

ફરી એક વખત સ્પષ્ટ બહુમતી મેળવી મહાનગરપાલિકામાં વિજય પતાકા લહેરાવી છે.

આજે જાહેર થયેલા પરિણામોએ રાજકિય વિશેષજ્ઞોના તમામ અનુમાનો ખોટાં પાડ્યા હતા.

મહાનગરપાલિકાની ૭૨ બેઠકો માટે મંગળવારે સવારથી મત ગણતરી હાથ ધરવામાં આવી હતી. જેમાં વોર્ડ નં. ૧થી ૩ની મત ગણતરી પાંધી લો કોલેજ ચૌધરી હાઇસ્કૂલ કમ્પાઉન્ડ, વોર્ડ નં.૪ થી ૬ની ગણતરી એ. એસ. ચૌધરી હાઇસ્કૂલ વોર્ડ નં.૭ થી ૯ ની ગણતરી વિરાણી હાઇસ્કૂલ વોર્ડ નં. ૧૦ થી ૧૨ ની ગણતરી એવીપીટી વોર્ડ ન૧૩થી ૧૫ની ગણતરી જસાણી સ્કૂલ અને વોર્ડ નં. ૧૬ થી ૧૮ની ગણતરી રણછોડદાસજી કોમ્યુનિટી હોલ ખાતે સવારે નવ વાગ્યાથી શરૂ થઇ હતી. અને સૌથી પહેલું પરિણામ વોર્ડ નં.૭નું જાહેર થયું હતું આ વોર્ડમાં ભાજપની પેનલે વિજય મેળવીને ખાતું ખોલાવ્યું હતું

જ્યારે સૌની નજર વોર્ડ નંબર ૧૫ના પરિણામ પર હતી તેમાં આ વખતે અપસેટ સર્જાયો હતો. અને ભાજપના હારેલા ઉમેદવાર નિલેશ હેરભાને વિજેતા જાહેર કરવામાં આવ્યાં હતાં જ્યારે કોંગ્રેસના વિજેતા ઘોષિત કરવામાં આવેલા ઉમેદવાર વશરામ સાગઠીયાનો પરાજય ખમવો પડ્યો હતો.

બન્યું એવું કે, વોર્ડ નં.૧૫માંથી વશરામભાઇ સાગઠિયાને વિજેતા જાહેર કરવામાં આવ્યા બાદ ભાજપના ઉમેદવાર નિલશે હેરભાને વિજેતા ઘોષિત કરાયા હતા. આ વોર્ડમાં પ્રથમ બેઠક સ્ત્રી અનામત, બીજી બેઠક સ્ત્રી સામાન્ય, બેઠક ત્રીજી બેઠક ઓબીસી અનામત છે. આ બેઠક પર ભાજપના નિલેશ હેરભા અને મકબુલ દાઉદાણી વચ્ચે જંગ હતો તેમાં મકબુલ દાઉદાણી વિજેતા બન્યા હતા. ચોથી બેઠક સામાન્ય હતી તેમાં ચૂંટણી પંચના નિયમ મુજબ સરસાઇ જોવામાં આવે છે. અને તે આધારે ઉમેદવાર વિજેતા થાય છે . નિલેશ હેરભા પરાજિત થયા છતા સરસાઇમાં તેઓ ૨૦૦ મતે આગળ હતા . આથી વશરામ સાગઠીયાને વિજેતા જાહેર કરવામાં આવ્યાં બાદ આ ટેકનિકલ કારણોસર પરિણામ બદલવું પડ્યું હતું અને સાગઠીયાના સ્થાને ભાજપના ઉમેદવાર નિલેશ હેરભાને વિજેતા જાહેર કરવામાં આવ્યાં હતાં. વશરામ સાગઠિયાએ પોતાના પરાજયનો સ્વીકાર કર્યો હતો. આ વોર્ડમાં બે મહિલા ઉમેદવારો મનીશાબેન રોજાસરા, અને સુધાબેન વાઘેલા અને મકબુલ દાઉદાણી વિજેતા બન્યા છે. ગત ચૂંટણીમાં પેનલ જાળવી રાખનાર કોંગ્રેસની પેનલ આ વખતે તુટી છે.

મત ગણતરીમા સૌથી પહેલા વોર્ડ નંબર સાતનુ પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું. જેમાં ભાજપના નેહલ શુકલ અને તેની પેનલ વિજેતા જાહેર કરવામાં આવી હતી.

આ પછી એક પછી એક વોર્ડના પરિણામોમાં ભાજપનો વિજય થતો જતો હતો પણ, વોર્ડ નં.૧૬માં કોંગ્રેસે ભાજપનો વિજય રથ રોકી દીધો હતો. ચૂંટણી પહેલા આ વોર્ડમાં આવેલા જંગલેશ્વરમાં થયેલા મેગા ડિમોલિશનની નારાજગી મતદારોએ મતદાન થકી વ્યક્ત કરી હતી અને ભાજપના ઉમેદવારો પર બુલડોઝર ફેરવીને કોંગ્રેસના ઉમેદવારોને વિજયમાળા પહેરાવી હતી. રવિવારે મતદાન પુર્ણ થયા બાદ પરિણામો અંગે અને કોને કેટલી બેઠકો મળશે તેના રાજકિય સમીકરણો માંડવાનું શરૂ થઇ ગયું હતું. ભાજપના આંતરિક જૂથવાદ અને ઉમેદવારોની પસંદગી મુદ્દે થયેલા ડખ્ખાને કારણે ભાજપ વિરુદ્ધ ક્રોસ વોટિંગ થવાના અનુમાનો પણ થયા હતા.

૨૦૨૧ની ચૂંટણીમાં ચાર બેઠકમાં સમેટાયેલી કોંગ્રેસને આ વખતે ૨૦ થી ૨૨ બેઠકો, ભાજપને ૪૦ થી ૪૨ મળવાની અને આમ આદમી પાર્ટી સાત થી આઠ બેઠક સાથે ખાતું ખોલવશે તેવા ગણિત માંડવામાં આવ્યા હતા. પણ આ તમામ અનુમાનો અને ગણિત પણ મતદારોએ ફરી એકવાર ખોટા પાડ્યા છે . અલબત્ત કોંગ્રેસને સાત બેઠક સાથે ગત ચૂંટણી કરતાં ત્રણ બેઠકોનો ફાયદો થયો છે. પણ મતદારોએ આમ આદમી પાર્ટીનો સાવરણાંથી જ સફાયો કરી નાખ્યો હતો! સાથોસાથ રાજકિય ખેરખાંઓના તમામ અનુમાનો પણ ખોટાં પાડ્યા હતા.

કોંગ્રેસના ગઢ ગણતા વોર્ડ નં.૧૫ માં મત ગણતતરી દરમિયાન બેલેટ પેપરનું રી કાઉન્ટીંગ કરવામાં આવ્યું હતું આ વોર્ડનુ પરિણામ જાહેર કરી વશરામભાઇ સાગઠીયાને વિજેતા જાહેર કરવામાં આવ્યાં બાદ ટેકનિકલ કારણોસર ભાજપના નિલેશ હેરભાને વિજેતા ઘોષિત કરવામાં આવ્યા હતાં. સાગઠીયા જીતેલી બાજી હારી ગયા હતા.

ભાજપ દ્વારા પરિણામો બાદ વિજયોત્સવ મનાવવામાં આવ્યો હતો. પોલીસ કમિશનર દ્વારા જાહેરનામાં દ્વારા વિજયોત્સવ દરમિયાન આતશબાજી ઊપર પ્રતિબંધ મુકતો આદેશ કરવામાં આવ્યો હતો. આમછતાં આ આદેશનો ભંગ કરીને વોર્ડ નંબર ૪ માં આતશબાજી કરવામાં આવી હતી.

### – વોર્ડ નં.૭માં નેહલ શુક્લની પેનલે વિજયના શ્રી ગણેશ કર્યા

સવારે મત ગણતરી શરૂ થઇ એ પછી પહેલું પરિણામ વોર્ડ નં.૭નું જાહેર થયું હતું આ વોર્ડમાં ભાજપની આખી પેનલનો વિજય થયો હતો. છેલ્લી ઘડીએ ટિકિટ લઇ આવનાર નેહલ શુકલનો ૧૪,૦૨૫ મતની સરસાઇથી વિજય થયો હતો. જ્યારે વર્ષાબેન પાંધીને ૧૩,૩૮૪,તેમજ દર્શનભાઇ પેચ્ચાતરને ૧૩૨૧૪,અને ખ્યાતીબેન ગોહેલને ૧૪,૦૭૫ મતની સરસાઇથી વિજય થયો છે.

### – વોર્ડ નં.૧૦માં ભાજપની પેનલને જંગી લીડ :આરજે આભાની હાર

વોર્ડ નં.૧૦માં પણ ભાજપની પેનલના ઘનશ્યામ હેરભા ૧૪,૯૦૯, જ્યોત્સનાબેન ટીલાળા ૧૫,૮૬૨, નીતાબેન લાલ ૧૪,૪૨૭ અને અશ્વીનભાઇ ભોરાણીયા ૧૬૬૦૩ની સરસાઇ સાથે વિજેતા બન્યા છે. વોર્ડ નં.૧૦માં કોંગ્રેસના ઉમેદવાર આર.જે . આભા સહિતના ઉમેદવારોનો પરાજય થયો હતો. આ વોર્ડમાં ૫૦૨ મત નોટામાં પડ્યા હતા.

### – વોર્ડ નં.૧માં અલ્પનાબેન મોરજરીયા બીજીવાર વિજેતા

વોર્ડ નં.૧માં ભાજપ પેનલનના અલ્પનાબેન મોરજરીયા, સેજલબેન ચૌધરી, જયરાજસિંહ જાડેજા અને ડો. પરેશ ઠાકરનો વિજય થયો હતો.

### – વોર્ડ નં.૪માં બહુ ગાજેલા આમ આદમી પાર્ટીનો સફાયો

વોર્ડ નં.૪માં પણ ભાજપએ કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીનો સફાયો કરીને કેસરિયો લહેરાવ્યો છે. ભૂતપુર્વ મેયર નયનાબેન પેઢડિયાના આ વોર્ડમાં કંકુબેન ઉઘરેજાને ૧૫૬૨૩, રાજશ્રીબેન માલવીયાને ૧૪,૪૧૯, ભરતભાઇ લીંબાસીયાને ૧૪,૭૯૯ અને કાળુભાઇ કુગશીયા ૧૭,૨૪૪ મત મળ્યા હતો જ્યારે ૩૬૮ મત નોટામાં પડ્યા હતા.

### – વોર્ડ નં. ૫માં ભાજપની પેનલ વિજેતા

વોર્ડ નં.૫માં પણ ભાજપની પેનલ વિજેતા બની છે. આ વોર્ડમાંથી સંજયભાઇ ચાવડા ૧૧૯૧૩, દિલીપભાઇ લુણાગરીયા ૧૪૧૯૭, સ્મિતાબેન ગોહિલ ૧૧,૮૯૫ અને રસિલાબેન સાકરીયા ૧૨૪૫૯ મત સાથે વિજેતા જાહેર થયા છે.આ વોર્ડમાં કુલ ૪૦૮૦૭ મતદારોમાંથી ૨૪૨૪૫ મતદારોએ મતદાન ક્ર્યું હતું. ૩૫૦ મત નાટોમાં પડ્યા હતા.

### – વોર્ડ નં.૮માં ભાજપ વિજેતાઃ કોંગ્રેસના રણજીત મુંધવાનો પરાજય

વોર્ડ નં.૮માં પણ ભાજપની આખી પેનલ વિજેતા બની હતી. ભાજપના કિરણબેન માંકડિયાને ૧૬,૭૪૪, મનીશ રસિકભાઇ ભટ્ટને ૧૪,૬૪૪૨, પ્રવિણભાઇ સગલિયાને ૧૪,૩૫૭, અને રીટાબેન સખીયાને ૧૫,૫૪૬ મત મળ્યા હતા. આ વોર્ડમાં નોટામાં ૬૯૬ મત પડ્યા હતા.આ વોર્ડમાંથી ચૂંટણી લડતાં કોંગ્રેસના રણજીત મુંધવા સહિત કોંગ્રેસની પેનલનો સફાયો થયો હતો. રણજીત મુંધવાને ૭૯૫ મત મળ્યા હતા.

### – વોર્ડ નં.૧૧માં ભાજપની પેનલે કેસરિયો લહેરાવ્યો

વોર્ડ નં.૧૧માં ભાજપના મહેશભાઇ પીપરીયા ૩૦૨૩, રક્ષિત કલોલાને ૨૭૫૩, ભારતીબેન પાડલિયાને ૩૦૬૮ અને મીતલબેન લાઠીયા ૨૮૦૭ મત સાથે વિજેતા બન્યા હતા.

### – વોર્ડ નં.૧૩માં નીતિન રામાણીના હોબાળા વચ્ચે પણ ભાજપએ મેદાન માર્યું !

વોર્ડ નં.૧૩માં પણ ભાજપની પેનલ વિજેતા બની છે. આ વોર્ડમાં ભાજપના માધવીબેન બદ્રકિયાને ૧૧૯૫૪, સોનલબેન સેલારાને ૧૧૩૫૫, પંકજભાઇ લુણાગરીયાને૧૨,૮૪૮ અને મોહિત સિંહ જાડેજાને ૧૧૮૨૦ મતની સરસાઇ મળી છે. ઉલ્લેખનીય છે કે વોર્ડ નં.૧૩માં ૧૦૮ની છાપ ધરાવતા નીતિન રામાણીને ટિકિટ ન મળતાં તેમના કાર્યકરો અને સમર્થકોએ કમલમ ખાતે દેકારો મચાવ્યો હતો.

### – વોર્ડ નં.૧૪માં કોંગ્રસના અનીશ જોશીની હાર :ભાજપની પેનલ વિજેતા

વોર્ડ નં.૧૪માં પણ ભાજપની પેનલનો વિજય થયો હતો. આ વોર્ડમાં ભાજપના આયાતી ઉમેદવાર ડો. હિરેનભાઇ ખીમાણીયાને ૧૪૦૨૬, કેતન ઠુંમર (પટેલ)ને, ૧૫,૭૫૦, ચંદાબેન વાળાને ૧૫૨૦૭, અને અરૂણાબેન આડસરાને ૧૫,૯૩૩ મત મળ્યા હતા. આ વોર્ડમાં કોગ્રેસના અનીશ જોશી સહિતના ઉમેદવારોને પરાજય આપ્યો છે.વોર્ડના કુલ ૪૯,૨૭૧ મતદારોમાંથી ૨૬,૩૬૮ મતદારોએ મતદાન ક્ર્યું હતું. ૪૮૫ મતદારોએ નાટામાં મત નાખીને એકપણ ઉમેદવાર પસંદ ક્ર્યા નહોતા

### – જંગલેશ્વરનું ડિમોલિશન નડ્યું : વોર્ડ નં.૧૪માં ભાજપ પર બુલડોઝર ફર્યું

કોંગ્રેસના ગઢ ગણાતા વોર્ડ નં.૧૫ના પરિણામ જાહેર થાય એ પહેલા વોર્ડ નં.૧૬નું પરિણામ જાહેર થઇ ગયું હતું અને આ વોર્ડમાં કોંગ્રસની પેનલ વિજેતા બની હતી. ઉલ્લેખનીય છે કે ચૂંટણી પહેલા આ વોર્ડમાં આવતા જંગલેશ્વર વિસ્તારમાં મહાનગરપાલિકા દ્બારા મેગા ડિમોલિશન કરવામાં આવ્યું હતું. આ ડિમોલિશન ભાજપને નડી ગયું હોય તેમ મતદારોએ ભાજપ પર બુલડોઝર ફેરવીને કોંગ્રેસ તરફી મતદાન કરીને અર્જુન ચૌહાણ, ઈબ્રાહિમ સોરા, દિપ્તીબેન સોલંકી અને રસિલાબેન ગરૈયાના ગળામાં વિજયમાળા પહેરાવી હતી.

### – વોર્ડ નં.૬માં ભાજપની પેનલ બની વિજેતાઃ દેવુબેન જાદવની હાર

વોર્ડ નં.૬માં પણ ભાજપની પેનલ વિજેતા બની છે. આ વોર્ડના ભાજપના ઉમેદવાર ધર્મિષ્ઠાબેન પરમાર ૧૧૮૭૫, મત સાથે, પુનમબેન મોરવાડીયા ૧૧૭૦૩ મત સાથે પરેશભાઇ પીપળીયા ૧૨૩૨૯ મત સાથે અને અનિલભાઇ ચૌહાણ ૧૩૬૪૫ મતની સરસાઇ સાથે વિજેતા બન્યા છે. આવાસ યોજના કૌંભાડમાં ભાજપમાંથી સસ્પેન્ડ થયેલા દેવુબેન જાદવ આ વોર્ડમાં કોંગ્રેસના ઉમેદવાર તરીકે ચૂંટણી લડતા હતા તેઓનો પરાજય થયો છે.

### – વોર્ડ નં.૨માં ભાજપના ચારેય ઉમેદવારોની જીત નયનાબા જાડેજાની હાર–

વોર્ડ નં.૨માં ભાજપના ચારેય ઉમેદવારોનો વિજય થયો છે. આ વોર્ડમાં ભાજપના ધૈર્ય પારેખ, મીનાબા જાડેજા, દક્ષાબા વાઘેલા અને ડો. શૈલેશ વસાણીને મતદારોએ વિજય માળા પહેરાવી છે. આ વોર્ડમાંથી કોંગ્રસના ઉમેદવાર તરીકે ચૂંટણી લડતા ક્રિકેટર અજય જાડેજાના બહેન નયનાબા જાડેજા સહિત કોંગ્રસના ઉમેદવારોનો સફાયો થયો છે.

### – વોર્ડ નં.૧૭માં ભાજપનો દબદબો યથાવતઃ આખી પેનલ વિજેતા

વોર્ડ નં.૧૭માં ભાજપનો દબદબો યથાવત રહ્યો છે. આ વોર્ડમાં ભાજપની આખી પેનલ વિજેતા બની છે. ભાજપના ઉમેદવાર કિર્તિબા રાણાને ૧૪,૩૪૬, કૌશિકભાઇ ટાંકને ૧૩૫૦૬, ડો. રિંકલભાઇ મેઘાણીને ૧૨,૩૯૭ અને રસિલાબેન વૈષ્ણવને ૧૨,૬૯૩ મત મળ્યા છે.

# રાજકોટ જિલ્લાની ૧૧ તાલુકા પંચાયતની ૨૦૨ બેઠકો પર ભાજપનો ૧૫૫ પર વિજય

## આમ આદમી પાર્ટીને ૨૪ બેઠક જ્યારે કોંગ્રેસને ૨૩ બેઠક મળી, આમ આદમી પાર્ટી વિપક્ષ તરીકે મળશે જોવા

રાજકોટ, તા. ૨૮

રાજકોટ જિલ્લાની ૧૧ તાલુકા પંચાયતની ૨૦૨ બેઠકો માટેની ચૂંટણી યોજાઈ હતી જેમાં ભાજપે ૧૫૫ બેઠક ત્યારબાદ આમ આદમી પાર્ટીએ ૨૪ અને કોંગ્રેસે ૨૩ બેઠક પર જીત અંકે કરી છે. આશ્ચર્યની વાત એ છે કે તાલુકા પંચાયતમાં આમ આદમી પાર્ટી કોંગ્રેસથી પણ એક સીટ વધુ જીતી છે ત્યારે વિરોધ પક્ષ તરીકે આમ આદમી પાર્ટી હાલ રાજકોટ જિલ્લાની ૧૧ તાલુકા પંચાયતમાં જોવા મળશે.

વિગતવાર ૧૧ તાલુકા પંચાયતની ચર્ચા કરવામાં આવે તો ઉપલેટા બેઠક પર ભાજપ ૯, કોંગ્રેસ ૮ અને આમ આદમી પાર્ટી એક બેઠક પર જીતી છે. તેવી જ રીતે ધોરાજીમાં ભાજપ ૧૨, કોંગ્રેસ ૩ અને આમ આદમી પાર્ટી એક બેઠક પર જીત અંકે કરી શકી છે. જેતપુર બેઠકમાં ભાજપે ૧૩ સીટ પર કબજો કર્યો છે ત્યારબાદ આમ આદમી પાર્ટી ત્રણ બેઠક અને કોંગ્રેસ એક બેઠક જીતી છે. જામકંડોણા બેઠકની વાત કરવામાં આવે તો ૧૫ સીટ ભાજપે જ્યારે એક આમ આદમી પાર્ટી જીતી તો કોંગ્રેસને એક પણ સીટ મળી નથી. ગોંડલમાં ૧૮ બેઠકો પર ભાજપનો ભગવો લહેરાયો જ્યારે ચાર સીટ આમ આદમી પાર્ટીના ફાળે આવી છે અને કોંગ્રેસને પણ એક પણ બેઠક મળી નથી. કોટડા સાંગાણી ની વાત કરવામાં આવે તો ભાજપ



બહાર બેઠક પર વિજય થઈ છે અને સાથે આમ આદમી પાર્ટી ત્રણ બેઠક ઉપર અને કોંગ્રેસ એક બેઠક ઉપર જીત મેળવી છે.

લોધીકા બેઠકની વાત કરવામાં આવે તો ૧૧ બેઠક પર ભાજપ, ચાર આમ આદમી પાર્ટી અને એક કોંગ્રેસ જીતી છે. પડધરી બેઠકમાં બાર બેઠક ભાજપ-એન્કી કરી છે જ્યારે કોંગ્રેસે ચાર બેઠક અંગે કર્યું છે જેમાં આમ આદમી પાર્ટીને એક પણ સીટ મળી નથી. રાજકોટ તાલુકા ની વાત કરવામાં આવે તો ૨૧ બેઠકો પર ભાજપનો ભગવો લહેરાયો જ્યારે એક બેઠક આમ આદમી પાર્ટી જીતી હોવાનું પણ હાલ જાણવા મળ્યું છે. વાત કરવામાં આવે જસદણ બેઠકની તો ૧૫ બેઠકો પર ભાજપ, છ બેઠક પર આમ આદમી પાર્ટી અને એ જ બેઠક પર કોંગ્રેસ જીત્યું છે, વિછીયા બેઠકની વાત કરવામાં આવે તો ૧૪ બેઠક ભાજપ અને ચાર બેઠક કોંગ્રેસે જીતી છે.

મળતી માહિતી મુજબ લોધીકા તાલુકા પંચાયતમાં આમ આદમી પાર્ટી એ ખાતું ખોલાવ્યું છે. ભાજપનો ગઢ ગણાતી ચાંદલીની બેઠકમાં આમ આદમી પાર્ટીના રમાબેન બગડા ૬ મતે વિજય થયા જ્યારે બીજી સીટ ચીભડાની વાત કરવામાં આવે તો અહીં આમ આદમી પાર્ટીના ઉમેદવાર ૫૭૪ મતે વિજય થયા છે.

આટકોટ તાલુકા પંચાયતમાં પણ આમ આદમી પાર્ટીના મંજુલાબેન વાસાણી ૭ મતે જીતી ગયા છે. રાજકોટ તાલુકામાં આણંદપર ૧ અને ૨માં જીત અંગે કરી છે તો બામણબોર તાલુકા પંચાયત પણ ભાજપના ફાળે આવી છે. જામકંડોરણા તાલુકાની બરડીયા બેઠક ઉપર પણ ભાજપનો ૫૮૬ મતથી વિજય થયો છે. ટીંબડી તાલુકા પંચાયતની બેઠકમાં ભાજપનો ૮૨૫ મતે વિજય થયો છે.

બોરડી સમઢીયાળા તાલુકા પંચાયતમાં ભાજપની જીત તો મોટા ભાદરા તાલુકા પંચાયતમાં પણ ભાજપનો ભગવો લહેરાયો. ચાંપરાજપુર તાલુકા પંચાયતમાં પણ ભાજપે જીત મેળવી છે. રાજકોટ તાલુકાની બેડી બેઠક ઉપર પણ ભાજપનો ૧૮૭૫ મતે વિજય થયો છે

# રાજકોટ જિલ્લા પંચાયતની ૩૪ બેઠકો પર કમળ ખીલ્યું

**મોવિયા બેઠકથી આમ આદમી પાર્ટીની જિલ્લા પંચાયતમાં એન્ટ્રી, કોલકી બેઠક પર કોંગ્રેસે મારી બાજી**

રાજકોટ, તા. ૨૮

રાજકોટ જિલ્લા પંચાયતની ૩૬ બેઠકો પરનું પરિણામ જાહેર થઈ ચૂક્યું છે ત્યારે ૩૬ બેઠકોમાંથી ભાજપ એ ૩૪ પર કબજો કર્યો છે જ્યારે બે બેઠકોમાંથી એક કોંગ્રેસ અને એક આમ આદમી પાર્ટી જીતી છે. એટલે કહી શકાય કે આમ આદમી પાર્ટી એ પ્રથમ વખત જિલ્લા પંચાયતમાં પોતાનું ખાતું ખોલ્યું. જિલ્લા પંચાયતના પૂર્વ ઉપપ્રમુખ રાજેશ ડાંગરને મોવિયા બેઠક પરથી આમ આદમી પાર્ટીના ઉમેદવારે હરાવ્યા હોવાનું પડ્યું છે જે જિલ્લા પંચાયત અને ખાસ તો ભાજપ માટે સૌથી મોટો અપસેટ કહેવાય છે. જ્યારે બીજી કોલકી બેઠક પર સંગીતાબેન સોલંકીની હાર થઈ છે અને કોંગ્રેસ બાજી મારી ગઈ છે.

ત્યારે કહી શકાય કે ડુમિયાણી, પાનેલી મોટી, મોટીમારડ, સુપેડી, દડવી, જામકંડોણા, બોરડી સમઢીયાળા, પેઢલા, થાણાગાલોળ, વિરપુર, ચરખડી, દેરડી, કોલીથડ, શિવરાજગઢ, કોટડા સાંગાણી, વેરાવળ, લોધીકા, પારડી, આણંદપર, બેડી, બેડલા, કસ્તુરબાધામ, કુવાડવા, સરધાર, પડધરી, સરપદડ, આટકોટ, ભાડલા, કમળાપુર, સાણથલી, શિવરાજપુર, ભડલી, પીપરડી અને વિછીયા જિલ્લા પંચાયતમાં ભાજપે પોતાનો ભગવો લહેરાવ્યો છે.

હાલ ભાજપ રાજુ ડાંગરની હાર પચાવી શકી નથી તેવું સ્પષ્ટ ચિત્ર ઉપસીને આવ્યું છે કારણ કે પૂર્વ ઉપપ્રમુખ મોવિયા બેઠક પર સારું ધરાવતા હતા પરંતુ આમ આદમી પાર્ટીના ઉમેદવારે તેઓને મહાત આપતા રાજકારણાયું છે. જામકંડોરણા બેઠક પર ભાજપના પુષ્પાબેન રાદડિયા ૯૧૦૦ મતથી જીતા હોવાનું પણ માલુમ પડ્યું છે. આ વખતે જિલ્લા પંચાયતના પૂર્વ સત્તાધીશો દ્વારા ન કરેલા કામો ના વિરોધમાં એ વાતનો જુવાળ જોવા મળ્યો હતો કે કોંગ્રેસ ઘણી વધુ બેઠક અંકે કરી લેશે પરંતુ તેવું કાંઈ ન થયું ઊલટું ગ્રામ્ય મતદારોએ ભાજપને વિજય બનાવી વિકાસની રાજનીતિના મુદ્દે મતદાન કરી હોવાનું પણ રાજકીય તજજ્ઞ કરી રહ્યા છે.



**લોધિકા જિલ્લા પંચાયત બંને સીટો લોધીકાની તાલુકા પંચાયતની ૧૬ સીટમાંથી ૧૧ સીટમાં ભારતીય જનતા પાર્ટીનો વિજય થયેલ છે ચૂંટાયેલા ઉમેદવારોને ખૂબ ખૂબ અભિનંદન અને દેવ દુર્લભ કાર્યકર્તાઓને હૃદય પૂર્વકના અભિનંદન પાઠવતા પ્રભારી સતિષ ભીમજીયાણી**

### પાંચમી વખત અર્જુન ખાટરીયા વિજય

ચાર વખત કોંગ્રેસ પક્ષથી ચૂંટાયેલા અર્જુનભાઈ ભાજપમાં જોડાયા ત્યારબાદ ટિકિટ વહેચણીના અંતિમ સમયે તેઓને કોટડા સાંગાણી બેઠક પરથી ઉમેદવારી કરવાનો મેન્ડેડ પાર્ટીએ આપ્યું હતું અને પરિણામ સ્વરૂપે તેવો ૪૯૬૫ મતથી જીતી ને રેકોર્ડ સ્થાપિત કર્યો છે અને હવે તેઓ સતત પાંચ વખત જિલ્લા પંચાયતની ચૂંટણી જીતનાર ઉમેદવાર પણ બન્યા છે.

રાજકોટ મિરર
તંત્રીની કલમે

# વિરાટ વિજય

## રાજકોટમાં ભાજપનો ગઢ અકબંધ, વિપક્ષની દશા દયાજનક

રાજકોટ હંમેશાથી સૌરાષ્ટ્રની રાજનીતિનું એપી સેન્ટર રહ્યું છે. તાજેતરના પરિણામોએ ફરી એકવાર સાબિત કર્યું છે કે રાજકોટ ભાજપનો અભેદ્ય ગઢ છે. અહીં કેસરિયો રંગ વધુ ઘેરો બન્યો છે. અનેક પડકારો અને વિપરીત સંજોગો વચ્ચે પણ ભાજપે પોતાની પકડ જાળવી રાખી છે. આ જીત માત્ર આંકડાની નથી, પણ ભાજપના મજબૂત સંગઠન અને રણનીતિની છે.

આ વખતે મતદાનની ટકાવારીમાં ઘટાડો જોવા મળ્યો હતો. સામાન્ય રીતે ઓછું મતદાન સત્તાધારી પક્ષ માટે ચિંતાનો વિષય હોય છે. પરંતુ ભાજપે આ પડકારને તકમાં બદલી નાખ્યો. ભાજપનું પેજ કમિટીનું માળખું ખૂબ જ સક્રિય રહ્યું. પોતાના ચોક્કસ મતદારોને ઘરની બહાર કાઢી મતદાન મથક સુધી પહોંચાડવામાં ભાજપ સફળ રહ્યો. શિસ્તબદ્ધ કાર્યકરોએ છેલ્લી ઘડી સુધી મહેનત કરી. તેના પરિણામે ગઢ અકબંધ રહ્યો અને નવો ઈતિહાસ રચાયો.

બીજી તરફ વિપક્ષ માટે આ ચૂંટણી એક મોટી તક હતી. જનતામાં અમુક મુદ્દે નારાજગી હોવા છતાં વિપક્ષ તેનો લાભ લઈ શક્યો નહીં. કોંગ્રેસની રણનીતિ સાવ નિષ્ફળ સાબિત થઈ છે. કોંગ્રેસે કરેલા પ્રયોગો જનતાના ગળે ઉતર્યા નથી. જે મોટા દાવાઓ કરવામાં આવ્યા હતા, તે જમીની સ્તરે ક્યાંય દેખાયા નહીં. ખુદ વશરામ સાગઠિયા પરાજિત થયા છે.ઉપરાંત કોંગ્રેસના આર.જે. આભા જેવા પ્રયોગોના ફિયાસ્કા થયા છે. પક્ષના અગ્રણી નેતાઓ લોકવિશ્વાસ જીતવામાં સદંતર નિષ્ફળ રહ્યા છે

રાજકોટમાં આમ આદમી પાર્ટીએ પણ ખૂબ ઉછળકૂદ કરી હતી. સોશિયલ મીડિયા અને પ્રચારમાં પઆપપ સક્રિય દેખાતી હતી. જોકે, ચૂંટણીના પરિણામોએ બતાવી દીધું કે રાજકોટની જનતાને ત્રીજો વિકલ્પ સ્વીકારવામાં રસ નથી. લોકોએ પઆપપ ને સંપૂર્ણપણે નકારી કાઢી છે. માત્ર વાતો કરવાથી મત મળતા નથી તે અહીં સાબિત થયું છે. રાજકોટ અત્યારે સંપૂર્ણપણે કેસરિયા રંગે રંગાઈ ગયું છે. લોકોએ વિકાસ અને મજબૂત નેતૃત્વ પર મહોર મારી છે. વિપક્ષ પાસે કોઈ નક્કર મુદ્દો કે જનતાને આકર્ષે તેવી રણનીતિ નહોતી. જ્યારે ભાજપે પોતાના ગઢને સાચવવા માટે તમામ તાકાત લગાવી દીધી હતી. રાજકોટની જનતાએ ફરી એકવાર સાબિત કર્યું છે કે તેઓ પરિવર્તન કરતાં સ્થિરતા અને વિશ્વાસને વધુ મહત્વ આપે છે. આ વિજય ભાજપ માટે આગામી સમયમાં વધુ મજબૂતી લાવશે, જ્યારે વિપક્ષે હવે આત્મમંથન કરવાની જરૂર છે.

લોકોએ શાસકને ફરી તર આપીને ઉત્તમ શાસનની આપેક્ષા રાખી છે. વિપક્ષને એવો બોધ આપ્યો છે કે માત્ર ચૂંટણી સમયે જ નહિ, સતત સક્રિય રહો અને લોકહિતમાં નિર્ણાયક વિરોધ કરો.માત્ર નિવેદનિયા વિરોધથી મત નહિ મળે.

# ડિજિટલ એરેસ્ટ કેવી રીતે રોકાશે?

## સરકારે સુપ્રીમ કોર્ટમાં એક રિપોર્ટ રજૂ કર્યો. : ડિજિટલ એરેસ્ટના વધતા કિસ્સાઓ પર સરકારે અપનાવ્યું કડક વલણ



નવીદિલ્હી, તા. ૨૮

ડિજિટલ એરેસ્ટની વધતી સંખ્યા પર સરકારે કડક વલણ અપનાવ્યું છે. સોલિસિટર જનરલે ડિજિટલ ધરપકડ પર સુપ્રીમ કોર્ટમાં એક અહેવાલ રજૂ કર્યો છે. આ અહેવાલમાં, કેન્દ્ર સરકારે કોર્ટને આ મામલે લેવાયેલા પગલાં વિશે માહિતી આપી હતી. કેન્દ્ર સરકારે ₹૧૦ કરોડથી વધુની છેતરપિંડીના કેસોને CBIને સોંપવાની હાકલ કરી હતી અને છઈંઈ દ્વારા વળતર માળખું બનાવવા સહિત અન્ય વિવિધ પગલાં સૂચવ્યા હતા. આ વિગતવાર અહેવાલમાં, સરકારે સુપ્રીમ કોર્ટને અત્યાર સુધી લેવાયેલા પગલાં અને આગળ વધવા માટે લેવાના પગલાં વિશે માહિતી રજૂ કરી હતી. કેન્દ્રીય ગૃહ મંત્રાલય હેઠળના ભારતીય સાયબર ક્રાઈમ કોઓર્ડિનેશન સેન્ટર (I4C) દ્વારા દાખલ કરાયેલ આ અહેવાલમાં છેતરપિંડી અટકાવવા માટે નક્કર કાનૂની અને તકનીકી પગલાં સૂચવવામાં આવ્યા છે, જેમાં ટેલિકોમ કંપનીઓ, બેંકો અને ડિજિટલ પ્લેટફોર્મ માટે જવાબદારી નક્કી કરવાનો સમાવેશ થાય છે.

આ અહેવાલ ૯ ફેબ્રુઆરીના રોજ જારી કરાયેલા નિર્દેશોનું પાલન કરીને સુપ્રીમ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો, જેમાં કોર્ટને વિવિધ એજન્સીઓ વચ્ચે સંકલન વધારવા, સાયબર છેતરપિંડી શોધને મજબૂત બનાવવા અને પીડિતો માટે વળતર માળખા પર કામ કરવા વિશે માહિતી આપવામાં આવી હતી. ઈંજઈ રિપોર્ટમાં સૌથી મહત્વપૂર્ણ પ્રસ્તાવ બાયોમેટ્રિક વેરિફિકેશન સિસ્ટમ (BIVS) નો અમલ કરવાનો છે. આનાથી દેશમાં દરેક વ્યક્તિને જારી કરાયેલા દરેક સિમ કાર્ડનું રીઅલ-ટાઇમ ટ્રેકિંગ શક્ય બનશે. ટેલિકોમ્યુનિકેશન વિભાગને ત્રણ મહિનાની અંદર નિયમો સૂચિત કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. આ ટેકનિકલ સિસ્ટમ પણ છ મહિનાની અંદર લાગુ કરવાની યોજના છે. સરકાર ડિસેમ્બર ૨૦૨૬ સુધીમાં દેશભરમાં ક્રોસ-ઓપરેટર સિમ મોનિટરિંગ સિસ્ટમ લાગુ કરવાનો લક્ષ્યાંક ધરાવે છે. વધુમાં, વિવિધ કંપનીઓના બહુવિધ સિમને પ્રાથમિક સિમ સાથે લિંક કરવાની મંજૂરી આપવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે.આનો અર્થ એ છે કે તમારી પાસે એક પ્રાથમિક નંબર હશે, તેની સાથે નવા સિમ લિંક હશે, અને જો વ્યક્તિનું સરનામું અલગ હશે, તો પણ પ્રાથમિક નંબર પરથી સંપૂર્ણ માહિતી ઉપલબ્ધ થશે. ઈંજઈ રિપોર્ટ સ્પષ્ટ કરે છે કે ટેલિકોમ કંપનીઓ સિમ જારી કરનારા POS (પોઈન્ટ ઓફ સેલ) એજન્ટો માટે સીધી જવાબદાર રહેશે. નકલી સિમ જારી કરવા માટે કંપનીઓ જવાબદાર રહેશે. આ સૂચનાઓ ઙ્ઘજ એજન્ટોની ઓળખ અને ટ્રેકિંગને મજબૂત બનાવવા માટે બનાવવામાં આવી છે. સિમ સપ્લાય ચેઇનનો સંપૂર્ણ ડેટા ડિજિટલ ઇન્ટેલિજન્સ પ્લેટફોર્મ પર ફરજિયાત બનાવવામાં આવશે. કંપનીઓને અંઈ-આધારિત સિસ્ટમો દ્વારા શંકાસ્પદ કોલ પેટર્ન અને સિમના ઉપયોગ પર દેખરેખ વધારવા માટે પણ કહેવામાં આવ્યું છે.

SG તુષાર મહેતા દ્વારા સીલબંધ કવરમાં દાખલ કરાયેલ આ રિપોર્ટ, ડિજિટલ ધરપકડ દ્વારા છેતરપિંડી માટે WhatsApp અને અન્ય સોશિયલ નેટવર્કિંગ એપ્લિકેશનોના દુરુપયોગ પર સરકારના કડક વલણને પણ પ્રકાશિત કરે છે. રિપોર્ટ અનુસાર, WhatsApp એ કોર્ટને યુઝર ડેટાને સુરક્ષિત રાખવા માટે સરકાર દ્વારા લેવામાં આવેલા ઘણા મુખ્ય પગલાં વિશે માહિતી આપી છે. આમાં ડિલીટ કરાયેલ WhatsApp એકાઉન્ટ્સનો ડેટા ૧૮૦ દિવસ માટે સાચવવો, નકલી ડિવાઇસ ID ને બ્લોક કરવા માટે સિસ્ટમ વિકસાવવી, શંકાસ્પદ કોલ અથવા સંદેશાઓ વિશે વપરાશકર્તાઓને ચેતવણીઓ મોકલવી અને પોલીસ અથવા એજન્સીઓ દ્વારા દુરુપયોગ અટકાવવા માટે AI સિસ્ટમને મજબૂત બનાવવી શામેલ છે. સિમ બાઈન્ડિંગ ફીચર લાગુ કરવા માટે પણ કામ ચાલી રહ્યું છે, જે આગામી છ મહિનામાં અમલમાં મૂકવાની યોજના છે.

# ઉત્પાદનથી લઈને ખાણકામ સુધીની સફર



દરેક મોરચે સારા સમાચાર, વૃદ્ધિના આંકડામાં વધારો

નવીદિલ્હી, તા. ૨૮

મંગળવારે જાહેર કરાયેલા સત્તાવાર આંકડા મુજબ, મધ્ય પૂર્વ કટોકટી વચ્ચે ગયા વર્ષના સમાન સમયગાળાની તુલનામાં ઉત્પાદન વૃદ્ધિમાં સુધારો અને પાવર સેક્ટરમાં સુધારાને કારણે માર્ચમાં ભારતનો ઔદ્યોગિક ઉત્પાદન વૃદ્ધિ ૪.૧ ટકા વધીને ૪.૧ ટકા થયો છે. જોકે, આ IIP વૃદ્ધિ પાંચ મહિનાના નીચલા સ્તરે છે. એક સત્તાવાર નિવેદનમાં જણાવાયું છે કે ઔદ્યોગિક ઉત્પાદન સૂચકાંક (IIP) દ્વારા માપવામાં આવતા ફેક્ટરી ઉત્પાદનમાં માર્ચ ૨૦૨૫માં ૩.૯ ટકાનો વધારો થયો છે. આનો અર્થ એ થયો કે દેશનો IIP હાલમાં ગયા વર્ષની તુલનામાં વધ્યો છે. રાષ્ટ્રીય આંકડાકીય કાર્યાલય (NSO) એ ફેબ્રુઆરી ૨૦૨૬ માટે ઔદ્યોગિક ઉત્પાદન વૃદ્ધિમાં સુધારો કરીને ગયા મહિને જાહેર કરાયેલા ૫.૨ ટકાના કામચલાઉ અંદાજથી ૫.૧ ટકા કર્યો છે. IIP વૃદ્ધિ માટેનો અગાઉનો નીચો સ્તર ઓક્ટોબર ૨૦૨૫માં ૦.૫ ટકા નોંધાયો હતો. ચાલો આપણે સરકાર દ્વારા જાહેર કરાયેલા ડેટાને પણ સમજાવીએ.

ગજ્ઞ્ ડેટા એ પણ દર્શાવે છે કે ઉત્પાદન ક્ષેત્રનું ઉત્પાદન માર્ચ ૨૦૨૬માં ધીમું થઈને ૪.૩ ટકા થયું હતું, જે ગયા વર્ષના સમાન મહિનામાં ૪ ટકા હતું. ખાણકામ ઉત્પાદન વૃદ્ધિ એક વર્ષ અગાઉ નોંધાયેલા નજીવા ૧.૨ ટકાના વિકાસથી વધીને ૫.૫ ટકા થઈ છે. માર્ચમાં વીજળી ઉત્પાદનમાં નજીવો ૦.૮ ટકાનો વધારો થયો છે, જે ગયા વર્ષના સમાન સમયગાળામાં ૭.૫ ટકાનો વધારો હતો. નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં, દેશનો ઔદ્યોગિક ઉત્પાદન વૃદ્ધિ ૪.૧ ટકા પર લગભગ સ્થિર રહ્યો છે, જે એક વર્ષ અગાઉ ૪ ટકા હતો. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે ઉત્પાદન ક્ષેત્રમાં, ૨૩ ઉદ્યોગ જૂથોમાંથી ૧૪ એ માર્ચ ૨૦૨૫ ની સરખામણીમાં માર્ચ ૨૦૨૬ માં સકારાત્મક વૃદ્ધિ નોંધાવી હતી. માર્ચ ૨૦૨૬ માં ટોચના ત્રણ સકારાત્મક યોગદાન આપનારાઓમાં પમૂળભૂત ધાતુઓનું ઉત્પાદનપ (૮.૬ ટકા), પમોટર વાહનો, ટ્રેઈલર્સ અને સેમી-ટ્રેઈલર્સનું ઉત્પાદનપ (૧૮.૧ ટકા), અને પમશીનરી અને સાધનોનું ઉત્પાદન (અન્યત્ર વર્ગીકૃત નથી)થ (૧૧.૨ ટકા)નો સમાવેશ થાય છે. ગ્રાહક માલ ઉત્પાદનો અને ગ્રાહક બિન-ટકાઉ ઉત્પાદનો માટેના સૂચકાંકો અનુક્રમે ૧૪૬.૨ અને ૧૫૦.૬ છે. માર્ચ ૨૦૨૫ ની તુલનામાં, માર્ચ ૨૦૨૬ માં ઉપયોગ-આધારિત વર્ગીકરણ મુજબ IIP નો અનુરૂપ વૃદ્ધિ દર પ્રાથમિક ઉત્પાદનો માટે ૨.૨ ટકા, મૂડી માલ માટે ૧૪.૬ ટકા, મધ્યવર્તી માલ માટે ૩.૩ ટકા, મૂળભૂત માળખાકીય/બાંધકામ સામગ્રી માટે ૬.૭ ટકા, ગ્રાહક માલ ઉત્પાદનો માટે ૫.૩ ટકા અને ગ્રાહક બિન-ટકાઉ ઉત્પાદનો માટે ૧.૧ ટકા છે.

# બધા ધર્મો સમાન નથી

## સબરીમાલા મંદિર કેસમાં સુપ્રીમ કોર્ટે વકીલને શા માટે ઠપકો આપ્યો?



નવીદિલ્હી, તા. ૨૮

સુપ્રીમ કોર્ટ કેરળના સબરીમાલા મંદિર સહિત વિવિધ સંપ્રદાયોના ધાર્મિક સ્થળોએ મહિલાઓ સાથે થતા ભેદભાવ અંગેની અરજીઓની સુનાવણી કરી રહી છે. સબરીમાલા કેસની બહાર દલીલો રજૂ કરવા બદલ સુપ્રીમ કોર્ટે એક વકીલને ઠપકો આપ્યો છે. સબરીમાલા મંદિર પર સુનાવણી ૭ એપ્રિલથી શરૂ થઈ હતી. સુનાવણી દરમિયાન, કેન્દ્ર સરકારે મહિલાઓના પ્રવેશ સામે દલીલ કરી હતી. સરકારે જણાવ્યું હતું કે દેશના ઘણા દેવી મંદિરોમાં પુરુષોને પણ પ્રવેશવાની મનાઈ છે, અને તેથી, ધાર્મિક પરંપરાઓનું સન્માન કરવું જોઈએ.

મંગળવારે સુપ્રીમ કોર્ટની સુનાવણી દરમિયાન, નવ ન્યાયાધીશોની બેન્ચે વારંવાર વકીલ અશ્વિની ઉપાધ્યાયને તેમની દલીલો હાથ પરના મુદ્દાઓ સુધી મર્યાદિત રાખવા કહ્યું. તેમની દલીલો દરમિયાન, ઉપાધ્યાયે દલીલ કરી હતી કે ધર્મ સંપ્રદાય કરતાં શ્રેષ્ઠ છે, કારણ કે ધર્મ સંઘર્ષનું કારણ છે. તેમણે જણાવ્યું હતું કે સાંપ્રદાયિક સંઘર્ષો છેલ્લા ૨૦૦૦ વર્ષોમાં ભારતને ૨૫ ભાગોમાં વિભાજીત કરી ચૂક્યા છે, અને ભારત છેલ્લા ૨૦૦ વર્ષોમાં સાત દેશોમાં વિભાજિત થયું છે. દરેક ક્રિયાની પ્રતિક્રિયા હોય છે તેના પર ભાર મૂકતા, તેમણે કહ્યું કે બેન્ચે તેના નિર્ણયના પરિણામો પર વિચાર કરવો જોઈએ. વકીલ અશ્વિની ઉપાધ્યાય વારંવાર પૂછતા હતા કે, શું આપણે આગામી ૨૫ વર્ષમાં ચીન, સિંગાપોર કે જાપાન જેવા વૈજ્ઞાનિક રીતે સંકલિત દેશ બનીશું, કે પછી પાકિસ્તાન, અફઘાનિસ્તાન કે બાંગ્લાદેશ જેવા દેશ બનીશું? તેમના મતે, કલમ ૨૫ અને ૨૬ અત્યંત પ્રતિબંધિત રીતે લખાયેલા છે, અને તેમણે દાવો કર્યો હતો કે કલમ ૨૫ હેઠળ ધર્મનો પ્રચાર કરવાનો અધિકાર કેટલાક પશ્ચિમી બંધારણોમાં પણ માન્ય નથી, જેમાંથી ભારતીય બંધારણે કેટલાક પાસાઓ અપનાવ્યા છે.

સુપ્રીમ કોર્ટમાં સબરીમાલા કેસની સુનાવણી દરમિયાન, ઉપાધ્યાયે એમ પણ કહ્યું હતું કે સંસ્કૃતમાં અંગ્રેજી કરતાં વધુ અક્ષરો છે અને દાવો કર્યો હતો કે ડો. આંબેડકરે તેને સત્તાવાર ભાષા બનાવવા માટે બિલ રજૂ કર્યું હતું. તેમણે કહ્યું હતું કે અંગ્રેજીમાં બંધારણ માટે કોઈ યોગ્ય શબ્દ નથી. તેમના મતે, આ અંગ્રેજી ભાષાની મર્યાદાઓને કારણે છે, જેમાં ફક્ત ૨૬ અક્ષરો છે, જ્યારે સંસ્કૃતમાં ૫૨ અક્ષરો છે. તેમણે આગળ કહ્યું, નસ્ત્રતેથી, જ્યારે આપણે શબ્દોનો અંગ્રેજીમાં અનુવાદ કરીએ છીએ, ત્યારે તે ખૂબ મુશ્કેલ બની જાય છે. તેમણે એમ પણ કહ્યું હતું કે અંગ્રેજીમાં ધર્મ માટે કોઈ ચોક્કસ શબ્દ નથી. તેમણે સમજાવ્યું કે તેમણે પ્રાથમિક શાળાના શિક્ષણમાં ધર્મનો સમાવેશ કરવા માટે જાહેર હિતની અરજી દાખલ કરી છે.

તેમણે વધુમાં જણાવ્યું કે ન્યાયાધીશોને મહામહિમ તરીકે સંબોધવાની પરંપરા પંચ પરમેશ્વર ની પરંપરામાંથી આવે છે. ત્યારબાદ તેમણે દલીલ કરી કે બધા ધર્મો સમાન નથી. રામાયણ, વિષ્ણુ પુરાણ અને ભગવદ ગીતાની નકલો બેન્ચ સમક્ષ દર્શાવતા તેમણે કહ્યું કે આમાંથી કોઈ પણ ગ્રંથ એવું કહેતો નથી કે જે વ્યક્તિ તેમનું પાલન નહીં કરે તે નરકમાં જશે. ન્યાયાધીશ મહાદેવને દરમિયાનગીરી કરતા કહ્યું, તમે જે વિષય પર ચર્ચા કરી રહ્યા છીએ તેનાથી તમે ભટકાઈ રહ્યા છો. તમે કહ્યું હતું કે સંસ્કૃતમાં ૫૨ અક્ષરો છે; તેવી જ રીતે, તમિલમાં ૨૪૭ અક્ષરો છે. આ બધામાં ન જાવ. હાથ પરના મુદ્દા પર ધ્યાન કેન્દ્રિત કરો. એક રીતે, કોર્ટે વકીલને ઠપકો આપ્યો.

# શબ્દ બ્રહ્મ

## સદગુરૂ કૃપા હી કેવલમ્...

# ભિક્ષુક

## અનિકેત નાં મનમાં વૈરાગ્ય ભાવ ક્યારે ઉપસ્થિત થયો! અને પછી શું કામ ઓગળી ગયો?



આપણે ત્યાં ચૈત્ર માસ કથા મહાત્મ્ય ગાવાનો મહિનો કહેવાય છે, અને લોકો પોતાનાં વડવા કે પિતૃઓને હાર્દિક અંજલિ આપવા માટે કથાનું આયોજન કરતાં હોય છે! કોઈ કોઈ તો તીર્થમાં કથાનું આયોજન કરે છે, અને આમ આખો પરિવાર ભેગાં બેસીને ભગવત્ સ્મરણ તેમજ સત્સંગ કરે છે! જોકે એ વાત જુદી છે કે, આવાં સમારોહ પૂરાં થયાં પછી બધાં સ્નેહીજનો, આયોજન કેવું હતું, અને શું શું ખોટ હતી! જમવાનું સારુ હતું કે નહીં! કે પછી કોણે શું પહેર્યું, અને શું કહ્યું વગેરે જ યાદ રહે છે, જે સાંભળવાં ગયાં હતાં! એટલે કે ઈશ્વર પણ જ્યારે માનવ શરીર ધારણ કરીને જન્મ લે છે, ત્યારે એને પણ આવી સાંસારિક આદિ વ્યાધિ ઉપાધિ માંથી પસાર થવું પડે છે, માટે એવે સમયે ધીરજ રાખવી એ જ શ્રેષ્ઠ છે! મોહ માયા મમતા બધું જ પરમ તત્વથી દૂર લઈ જનાર છે, માટે ક્ષણે ક્ષણની જાગૃતિથી જેટલું બની શકે, એટલું અંતર રાખવું, પણ યોગ કરતાં ભોગનું પલ્લું ભારે હોવાથી યોગ કે ભક્તિમાં પ્રપંચ અથવા આડંબર પ્રવેશી જાય છે, અને એને કારણે ઉંમર વધવા છતાં વિષયોમાંથી નિવૃત્તિ થતી નથી, અને ધાર્યો વૈરાગ્ય આવતો નથી! છેક સુધી કાયાની આળપંપાળ છૂટતી નથી. તો સાંસારિક ભાવથી આવાં ક્ષણિક વૈરાગ્ય ભાવ આવી જતાં ભિક્ષુક થઈ જવાનો નિર્ણય લઈ નીકળી જતાં એક યુવાનનો કિસ્સો.

અનિકેતનાં મિત્ર સોહમએ પોતાના માતાપિતા પાછળ ભાગવત સપ્તાહનું આયોજન કર્યું હતું અને અનિકેતની પત્ની આરંભીનાં પપ્પાની તબિયત લથડતાં એ સપ્તાહમાં આવી શકી નહીં! એટલે અનિકેત એકલો જશે એવું નક્કી થયું. કેટલાંય વખતે બધાં મિત્રો આ રીતે ભેગા થશે! પાછું ઋષિકેશ એટલે નિર્મળ ગંગાનો તટ ! અને કુદરતી સૌંદર્ય પણ શહેર કરતાં વધુ હોય! અનિકેત મનોમન વિચારતો હતો કે શાસ્ત્રોમાં કહ્યાં મુજબ ગંગા સ્નાનથી પાપનો નાશ થાય છે! તો મને સવાર સાંજ ગંગા સ્નાન અને ગંગા આરતીનો લાભ મળશે, અને સાત જન્મનાં પાપ નાશ થશે! કારણ કે જાણે અજાણે પાપને નામે તો ખૂબ બધું થયું છે! અનિકેત અમદાવાદ મસુરી સુધી પ્લેન અને ત્યાંથી બાય રોડ ઋષિકેશ પહોંચી ગયો!

પ્રમાણમાં યંગ કહી શકાય એવા શુભાંષુ મહારાજ એ ભાગવતની કથામાં ખૂબ જમાવટ કરી, અને પ્રસંગને અનુરૂપ ઉદાહરણ આપી આપીને શ્રોતાઓને દૂધ જેમ તત્વ જ્ઞાન પીવરાવી દેતાં હતાં! કથામાં વિષય વૃત્તિ વૈરાગ્યની વાત આવી અને એમણે ભગવાન બુદ્ધની વાત કરી કે વૈરાગ્ય માટે ઉંમર વધવાની કે વૃદ્ધ થવાની રાહ જોવાની જરૂર નથી! રાજકુમાર સિદ્ધાર્થ ગૌતમ કે જે પાછળથી ભગવાન બુદ્ધ કહેવાયાં એને ભર યુવાનીમાં વૈરાગ્ય આવ્યો હતો! અને આત્મ અનુસંધાન માટે નીકળી પડ્યા હતાં. નિર્વાણ એવંમ મુક્તિ! અને એ મેળવવું એ મારો માત્ર અધિકાર નહીં પણ સંકલ્પ છે, એમ રાજપાટ, વૈભવ, પત્ની, પુત્ર, પરિવાર છોડીને નીકળી ગયાં!આ વાત અનિકેતના મગજમાં ઉતરી ગઈ અને એને થયું! શું રાખ્યું છે આ ખારાં સાગર જેવા સંસારમાં! ગમે તેટલું દોડી દોડીને એકઠું કરો !અંતે તો કંઈ જ સાથે આવવાનું નથી,અને સંબંધો પણ કહેવાનાં જ છે! હમણાં હું મહિને ઘરખર્ચનાં અને અન્ય મોજ શોખ કે વ્યવહાર માટે બે લાખ રૂપિયા આપવાનું બંધ કરી દઉં! તો કહેવાતાં આ પોતીકાં સંબંધોમાં તિરાડ પડ્યાં વગર રહે નહીં! આ લાગણી! આ દેખરેખ બધું જ રુપિયાને કારણે છે! બસ હવે બહુ થયું! જીંદગીનાં મહત્વનાં ૩૫ વર્ષ મેં વેડફી નાંખ્યા,પણ હવે એક ક્ષણ નહીં! અને અનિકેત પાક્કો નિર્ણય કરી લીધો! પણ એકવાર આરંભીને મળી રજા લઈ, અને બધા રુપિયાનો વહીવટ સમજાવી દઉં! એમ નક્કી કર્યું, અને આ વખતે પ્લેનની બદલે ટ્રેનની ટિકિટ હતી. વયની વિવિધતા અને પ્રાંતની વિવિધતા વાળા મુસાફરોથી એસી કોચ ભરાયેલો હતો! અનિકેતને નીચેની બર્થ મળી હતી, એટલે એક વયસ્ક માતાજી આવ્યાં અને પોતાને પગની તકલીફ છે, માટે નીચેની બર્થ આપવા વિનંતી કરી! વૈરાગ્ય ભાવથી લદબદ થતું હ્રદય તરત જ પીગળી ગયું અને એ માતાજીને ખુશી ખુશી બર્થ આપી દીધી અને સામાન પણ પોતે જ સિફ્ટ કરી દીધો. પોતે એ માતાજીની બર્થ ઉપર સૂઈ ગયો! અને ત્યાં કંઈક અવાજ સંભળાયો! આ તો બે પ્રેમીની વાતો છે! એને ખ્યાલ હતો કે નીચે બે મહિલાઓ જ છે, અને એટલે એણે સહજતાથી નીચે જોયું તો એક યુગલ નીચે બેઠું હતું અને લગભગ બધા સૂઈ ગયા હશે, એમ સમજી એ યુવક પોતાની પ્રેમિકા પાસે આવ્યો અને પ્રેમની અભિવ્યક્તિ રૂપે સહજ અડપલાં કરતો હતો, અને પ્રેમિકા લજ્જા સહિત ઈન્કાર કરતી હતી! કહેતી હતી કે ઘરે પહોંચવાની રાહ તો જુવો, આટલાં અધીરા શું કામ થાવ છો? એમ મીઠો છણકો કર્યો! અને એ યુવક પડદો બંધ છે એ ખાતરી કર્યા પછી વધુ નજીક સરક્યો અને... અનિકેતને આરંભીની યાદ આવી ગઈ! એ ઉષ્માભર્યો સ્પર્શ અને એનું મધમીઠું આલિંગન! એનું મોહક સ્મિત! એનું માદક રુપ! સ્વર્ગ સમી એ રાતોની વણજાર... માંડમાંડ એ યાદોની જંજીર માંથી છૂટ્યો ! અને સૂવાની કોશિશ કરી ત્યાં! સામેની બાજુની બર્થ વાળા કાકા એ એના પુત્રને ફોન લગાડ્યો અને શેર બજારમાં ગજબનો કડાકો બોલ્યો! શેર માર્કેટ તૂટી અને રુપિયા ત્રીસ લાખનું નુકસાન થયું! એણે વલોપાત કર્યો અને કહ્યું થોડું ધ્યાન આપતો જા ! બહું મહેનતે રુપિયા ભેગા થાય છે! આટલી મૂડી એકઠી થતાં તારાં બાપને ત્રીસ વર્ષ થયાં! હું કહેતો હતો કે સરકારી સ્કીમમાં રાખીએ વગેરે! અને એને પણ પોતાની ફિક્સ ડિપોઝિટ અને ઇન્વેસ્ટમેન્ટ યાદ આવ્યું! આરંભી તો આવાં એકપણ વ્યવહાર જાણતી નથી! અને ક્યાં સહી કરવી, કેવી કરવી, એ પણ મારે જ કહેવું પડે છે! ઓહ શું થશે આટલાં રુપિયાનું? કોઈ છેતરપિંડી કરી એને રસ્તા પર લાવી દેશે તો! રુપિયા ભલભલાના ઈમાન ડગાવી દે છે! સવારનાં વહેલા ઉતરવા વાળા નાં અવાજ કારણે કલાકમા તો નીંદર ઉડી ગઈ! બે દિકરીઓ ગઈકાલે આમથી તેમ કરી આખો કોચ ગજવી મૂક્યો હતો એ સૂતી હતી, ત્યાં એનાં પપ્પા એની સગર્ભા મમ્મીને કહેતાં હતાં આ વખતે જો દિકરો ન આવે તો પાછી આવતી નહીં! મારે મારો વંશ જોઈએ છે! પેલી પત્ની કરગરી ને કહેતી હતી કે દિકરી જન્મે એમાં મારો શું દોષ ? પોતાનાં લગ્નને પણ ત્રણ વર્ષ થયાં છે, આરંભીને તો મા બનવાની ક્યારની ઈચ્છા છે! અને પોતાના મમ્મી પપ્પા એ પણ કેટલીય વખત કહ્યું કે બેટા દિકરો દિકરી એવાં ભેદમાં અમે માનતા નથી! પણ હવે વંશ વિસ્તારનું વિચારો.. કેટલી સુંદર છે આ દિકરીઓ અને પેલા નીચે વાળા યુગલનો છ મહિનાનો દિકરો પોતાની સાથે જૂની ઓળખાણ હોય એમ તેડાય ગયો હતો? એનાં નાનાં નાનાં અને કૂણાં અંગોનો સ્પર્શ કેટલો આલ્હાદક હતો! મને વૈરાગ્ય ભાવ થયો પણ એમાં આરંભીનો શું દોષ? એ વગર વાંકે મા નહીં બની શકે! એ તો મહાપાપ છે, ઓહ વૈરાગ્ય આપણાં બસની વાત નથી! અને રાજકુમાર સિદ્ધાર્થ ને પણ ઘર સંસાર શરૂ કર્યા પછી આમ સંન્યાસ લેવાની જરૂર નહોતી! બસ તો આ છે આપણાં સૌની મનોસ્થિતિ કે જે ક્યારેય ભિક્ષુક બનાવે તો ક્યારેક ભોગ માટે ભિખારી!

લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

માંગ્યા મોઢે બાટલીના ભાવ લેવા અને તેમાં પણ પાછી કરવી બેઈમાની!

# વ્હીસ્કી-વોડકાના ધંધામાં બેઈમાનીઃ એક પકડાયો

## બ્રાન્ડેડ બોટલોમાં ગમે તેવી વ્હીસ્કી-વોડકા ભરી વેંચવાનું કારસ્તાનઃ ૧૫૦ રીંગ રોડ પ્રિયદર્શની સોસાયટીમાં એલસીબી ઝોન-૨ ટીમનો દરોડોઃ ૪૧ લાખના માલ સાથે એક પકડાયોઃ નામીચા બુટલેગરની શોધખોળ

રાજકોટ,તા.૨૮

ખોટા ધંધા કરવામાં પણ અમુક તો એવા હોય છે જે એમાં પણ ખોટુ કરી લોકોને છેતરતા હોય છે. ગેરકાયદેસર દારૂ વેંચતા બુટલેગરો મન ફાવે એવા બાટલીના ભાવ પ્યાસીઓ પાસે પડાવતાં હોય છે. જો કે આટલી મોટી રકમ ચુકવ્યા પછી પણ જે તે પ્યાસીના હાથમાં આવતો કહેવાતો બ્રાન્ડેડ દારૂ બ્રાન્ડેડ જ હશે તે કહેવું મુશ્કેલ છે. કારણ કે હવે ચીલચાલુ દારૂ-વહિસ્કી-વોડકાને સારી બ્રાન્ડની ખાલી બોટલોમાં ભરીને વેંચવાનું ચાલુ થયું છે. આવા એક કારસ્તાનનો એલસીબી ઝોન-૨ ટીમે પાડેલા દરોડાની સાથે પર્દાફાશ થયો છે. પોલીસે પ્રિયદર્શની સોસાયટીના મકાનમાંથી એક શખ્સને વ્હીસ્કી, વોડકાનાી બોટલો સાથે પકડ્યો હતો. સાથે સાથે અલગ અલગ બ્રાન્ડની ખાલી બોટલો, ઢાંકણા પણ મળતાં ગોલમાલ થઇ રહ્યાની પોલીસને ગંધ આવી હતી. આ દારૂનો જથ્થો એક નામીચા બુટલેગરે આપ્યાનું ખુલતાં તેની પણ શોધખોળ શરૂ કરવામાં આવી હતી.



વિગતો પર નજર કરીએ તો દારૂ વેંચીને ગુનો કરનારા ગરજના ભાવ મુજબ બાટલીઓ વેંચી તેમાં પણ છેતરપીંડી કરતાં હોવાનુ સામે આવ્યું છે. દોઢસો રીંગ રોડ ઓમનગર સર્કલ ૪૦ના રોડ પર આવેલી પ્રિયદર્શન સોસાયટીમાં એલસીબી ઝોન-૨ ટીમે દરોડો પાડી એક શખ્સને વ્હીસ્કી, વોડકાની ખાલી-ભરેલી બોટલો, ઢાંકણાઓ સાથે પકડી લીધો છે. આ દારૂનો જથ્થો તેણે વામ્બે આવાસમાં રહેતાં નામચીન શખ્સ પાસેથી મેળવ્યાનું ખુલતાં શોધખોળ થઇ રહી છે. પોલીસે ૪૧૧૪૧નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. ઝડપાયેલા શખ્સ દ્વારા બ્રાન્ડેડ વ્હીસ્કી, વોડકાની ખાલી બોટલોમાં ચીલાચાલુ દારૂ ભરીને મોંઘા ભાવે વેંચવાની પેરવી કરી હતી. જો કે આવો દારૂ તે બનાવે અને પ્યાસી-ગ્રાહક સુધી આ દારૂ પહોંચે એ પહેલા પોલીસ પહોંચી ગઇ હતી. દારૂ જૂગારની પ્રવૃતિ ડામવા એલસીબી ઝોન-૨ ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે એએસઆઇ હરપાલસિંહ જાડેજા, જે. વી. ગોહિલ, હેડકોન્સ. શક્તિસિંહ ઝાલા, કોન્સ. કુલદીપસિંહ રાણા, તાલુકાના કોન્સ. કીંજલબેન સહિતને બાતમી મળી હતી.

આ બાતમી એવી હતી કે બાલાજી હોલની સામેના રોડ પર પ્રિયદર્શની સોસાયટી-૧માં આવેલા ખનક બ્યુટી પાર્લરવાળા મકાનમાં દારૂનો જથ્થો ઉતારી હિતેષ નામનો શખ્સ વેંચાણ કરે છે. આ બાતમી પરથી દરોડો પાડવામાં આવતાં તે સાચી ઠરી હતી. ઘરમાંથી પોલીસને એન્ટીક્વીટી વ્હીસ્કીની ૭૫૦ એમએલની રૂા. ૩૬૭૫૦ની ૩૫ બોટલો, એબ્સોલ્યુટ વોડકાની ૭૫૦ એમએલની ૩ બોટલો રૂા. ૪૪૯૧નછી, એન્ટીક્વીટીની પાંચ ખાલી બોટલો, ૧૪ ઢાંકણા, બ્લેન્ડર્સ પ્રાઇડની ૧૦ ખાલી બોટલો અને ઢાંકણા મળી રૂા. ૪૧૨૪૧નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. અહિ હાજર શખ્સની પુછતાછ કરતાં તેણે પોતાનું નામ હિતેષ કાનજીભાઇ વાજા (રહે. ભોલેનાથ સોસાયટી-૪, ત્રિવેણીનગર પાસે અંકુર રોડ મવડી) જણાવ્યું હતું.

વધુ પુછતાછમાં તેણે કબુલ્યું હતું કે તે આ દારૂનો જથ્થો વામ્બે આવાસ ક્વાર્ટરમાં રહેતાં જીતેન્દ્રસિંહ પ્રવિણસિંહ રાણા પાસેથી લાવ્યો છે. પોલીસના કહેવા મુજબ જીતેન્દ્રસિંહ અનેક ગુનામાં અગાઉ સંડોવાઇ ચુક્યો છે. તેની શોધખોળ હાથ ધરવામાં આવી હતી. હિતેષે એવી પણ કબુલાત આપી હતી કે પોતે ડ્રાઇવીંગ કરી ગુજરાન ચલાવે છે. પરંતુ હાલમાં વાહન અકસ્માત નડ્યો હોઇ હાથમાં ફ્રેકચર હોઇ અને લિવરની બિમારી પણ હોઇ કામધંધો કરી શકતો ન હોઇ પોતાના બહેનનું આ મકાન હોઇ જીતેન્દ્રસિંહ પાસેથી દારૂ મેળવી અહિથી પોતે છુટક વેંચાણ કરવા માટે દારૂ લાવ્યો હતો.

ઘરમાંથી ભરેલી બોટલોની સાથે સાથે દારૂની ખાલી બોટલો, ઢાંકણા મળ્યા હોઇ પોલીસે વધુ તપાસ કરતાં એવી વિગત પણ ખુલી હતી કે બ્રાન્ડેડ બોટલોમાં ચીલાચાલુ બ્રાન્ડની વ્હીસ્કી, વોડકા ભરીને બ્રાન્ડેડના ભાવે વેંચવાનું કારસ્તાન આચરવામાં આવતું હોવાની પુરી શક્યતા છે. હિતેષની વધુ તપાસ યથાવત રખાઇ છે. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી ચૈતન્ય માંડલીક, ડીસીપી રાકેશ દેસાઇની સુચના અંતર્ગત પીએસઆઇ આર. એચ. ઝાલા અને ટીમે આ કામગીરી કરી હતી. આ ગોલમાલ કેટલા સમયથી ચાલતી હતી? તે સહિતની તપાસ હવે પછી કરવામાં આવશે. અગાઉ પણ શહેરમાં આવી રીતે ગોલમાલ કરીને દારૂ વેંચનારા પકડાયા હતાં. ત્યાં આ નવો ખેલાડી પોલીસના હાથમાં આવતાં તપાસ શરૂ થઇ છે.

---

ધંધામાં મંદી આવતા પગલું ભર્યું : પ્રોઢા-આધેડનું હાર્ટ એટેકથી મોત

# આર્થિક ભીંસથી કંટાળેલા યુવાનનો આપઘાત

રાજકોટ, તા.૨૮

શહેરમાં રેલનગરમાં આવેલ લાલબહાદુર શાસ્ત્રી ટાઉનશીપમાં રહેતા અને દરજી કામ કરતા યુવાને ધંધો નહિ ચાલતા આર્થિક ભીંસથી કંટાળી ઝેરી દવા પી આપઘાત કરી લીધો હતો. યુવકના મોતથી પરિવારમાં શોકની લાગણી પ્રસરી છે. આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ રેલનગરમાં આવેલ લાલબહાદુર શાસ્ત્રી ટાઉનશીપમાં રહેતા અને દરજીકામ કરતા તેજસભાઈ જીતેન્દ્રભાઈ જેઠવા (ઉ.વ.૩૫) એ બપોરના અરસામાં ઘરે ઝેરી દવા પી લીધી હતી. યુવકને ઝેરી અસર થતા તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.



જયાં તેનું સારવાર દરમ્યાન મોત નિપજતા પરિવારમાં શોક ફેલાયો છે. પ્રાથમિક તપાસમાં છેલ્લા થોડા સમયથી ધંધો બરાબર ચાલતો ન હોવાથી આર્થીક ભીંસના કારણે આત્મઘાતી પગલું ભર્યું હોવાનું જાણવા મળ્યું છે. આ ઉપરાંત બીજા બનાવમાં માલધારી ફાટક પાસે આવેલ ગુલાબનગરમાં રહેતી મનીષાબેન પપ્પુભાઈ ઠાકોર નામની ૨૮ વર્ષની પરણીતાએ ઘરકામ બાબતે પતિ સાથે બોલાચાલી થતા ફિનાઈલ પી લીધું હતું. પરિણીતાને ઝેરી અસર થતા સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી. ઉપરોક્ત બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

**પ્રોઢા-આધેડની જીંદગી છીનવતો હાર્ટ એટેક**

રસુલપરામાં બજરંગ સોસાયટીમાં રહેતા સમજુબેન જગદીશભાઈ નારોલા નામના ૫૩ વર્ષના પ્રોઢાને છાતીમાં દુઃખાવો ઉપડતા તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેમની સારવાર કારગત નિવડે તે પૂર્વે જ ફરજ પરના તબીબે જોઈ તપાસી સમજુબેનનું હૃદયરોગના હુમલાથી મોત નીપજયુ હોવાનું જાહેર કર્યું હતું. પ્રાથમિક પૂછપરછમાં પ્રોઢાને સંતાનમાં ત્રણ પુત્ર અને એક પુત્રી હોવાનું જાણવા મળ્યું છે. આ ઉપરાંત બીજા બનાવમાં પાંજરાપોળમાં રહેતા ધર્મેશભાઈ મોહનભાઈ ગોહેલ નામના ૫૭ વર્ષના આધેડ પોતાના ઘરે હતા ત્યારે સવારના અગિયારેક વાગ્યાના અરસામાં હદયરોગનો હુમલો આવતા તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા જ્યાં તેઓનું મૃત્યુ થયું હતું. મૃતક રમેશભાઈ ગોહેલ ઈમિટેશનનું કામ કરી પરિવારનું ગુજરાન ચલાવતા હતા અને તેમને સંતાનમાં એક પુત્ર અને બે પુત્રી હોવાનું જાણવા મળ્યું છે. પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

---

# ભાજપના ચૂંટાયેલા ઉમેદવારો આંકાક્ષાઓનો પ્રતિબિંબ

રાજકોટ, તા. ૨૮

ગુજરાત પ્રદેશ ભાજપના લીગલ સેલના સહ સંયોજક અનિલભાઈ દેસાઈ તથા રાજકોટ લીગલ સેલના કન્વીનર પિયુષભાઈ શાહ સહ કન્વીનર કમલેશભાઈ ડોડીયાએ એક યાદીમાં જણાવ્યું હતું કે, રાજકોટ મહાનગરપાલિકાની ચૂંટણીમાં ભાજપ દ્વારા સમાજના વિવિધ ક્ષેત્રોના અગ્રણીઓ તેમજ વિવિધ જ્ઞાતિ સમુદાયના અગ્રણીઓને ઉમેદવાર તરીકે પસંદ કરી સર્વક્ષેત્રીય; સર્વસમાવેશક સર્વ સમાજની લાગણી અને આંકાક્ષાઓનો પ્રતિબિંબ પાડેલ છે. આ ઉપરાંત અલ્પાબેન દવે તે રાજકોટના એડવોકેટ દિપકભાઇ દવેના પત્ની તેમજ આ વોર્ડના જનસંઘના સમયના વરિષ્ટ અગ્રણી સ્વ. જ્યેન્દ્રભાઈ ગોહેલના પુત્રવધૂ અને એડવોકેટ કિરીટભાઈ ગોહેલના પત્ની ખ્યાતિબેન ગોહેલ વોર્ડમાં ચૂંટણી લડી રહ્યા હતા આ તમામ ઉમેદવારો જંગી બહુમતીથી વિજયી બનેલા છે.

ગુજરાત પ્રદેશ ભાજપના લીગલ સેલના સહ સંયોજક અનિલભાઈ દેસાઈ રાજકોટ શહેર ભાજપના લીગલ સેલના કન્વીનર પિયુષભાઈ શાહ તથા સહ કન્વીનર કમલેશભાઈ ડોડીયાએ રાજકોટ મહાનગરપાલિકાની ચૂંટણીમાં ભાજપના ઉમેદવાર તરીકે વધુમાં વધુ એડવોકેટ ને ટીકીટ ફાળવવામાં આવતા અને તમામ એડવોકેટઓનો વિજય થતા વકીલ સમુદાયમાં આનંદની લાગણી અનુભવી રહ્યા છે.

ભાજપના લીગલ સેલ દ્વારા ગુજરાત પ્રદેશ ભાજપ ના પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્મા; ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ; નાયબ મુખ્યમંત્રી હર્ષભાઇ સંઘવી; ગુજરાત પ્રદેશ ભાજપના મહામંત્રી અને ધારાસભ્ય રાજકોટ શહેર ભાજપના પ્રભારી અનિરુદ્ધ ભાઈ દવે રાજકોટ જિલ્લાના પ્રભારી મંત્રી જીતુભાઇ વાઘાણી; રાજકોટ શહેર ભાજપના પ્રમુખ ડો. માધવભાઈ દવે; સાંસદ પરસોત્તમભાઈ રૂપાલા; સાંસદ રામભાઈ મોકરિયા ધારાસભ્ય સર્વ ઉદયભાઈ કાનગડ; ડો.દર્શીતાબેન શાહ; રમેશભાઈ ટીલારા; અને ભાનુબેન બાબરીયા સહિતના સૌ અગ્રણીઓ અને રાજકોટ શહેરના મતદારોનો જાહેર આભાર વ્યકત કરેલ છે. ગુજરાત પ્રદેશ ભાજપ દ્વારા બહાર પાડેલ ઉમેદવાર ની યાદી ઉપર પ્રથમ નજર નાંખતા જ નીચે મુજબના બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના એડવોકેટ યાદીમાં નોંધાયેલ જણાય છે.

(૧) ડો. પ્રદીપભાઈ ડવ, (૨) ડો. પરેશભાઈ ઠાકર, (૩) રક્ષિતભાઈ કલોલા, (૪) મનીષભાઈ ભટ્ટ, (૬) કિશનભાઈ ટીલવા, (૭) ઘનશ્યામભાઈ હેરભા, (૮) જયરાજસિંજી જાડેજા, (૯) કૌશિકભાઈ ટાંક

**ગુજરાત પ્રદેશ ભાજપના લીગલ સેલે તમામને પાઠવી શુભકામના**

---

# CGST ના સુપ્રિટેન્ડન્ટ ૨૦લાખની લાંચ લેતાં ઝડપાયા

## ACBએ રાજકોટ એસ.ટી.બસ પોર્ટ પાછળ ગોઠવ્યું છટકુ

રાજકોટ,તા.૨૮

રાજકોટ સહિત સમગ્ર રાજ્યમાં એન્ટી કરપ્શન બ્યુરોની ચાપતી નજર હેઠળ ગેરરીતિ ઉપર અંકુશ આવવા લાગ્યું હોવાનું સુત્રો જણાવી રહ્યાં છે. ત્યારે ગઈકાલે રાજકોટ ખાતે એસીબીને ખુબ મોટી સફળા મળી જેમાં સેન્ટ્રલ જીએસટીના સુપ્રીટેન્ડેન્ટ ડીવીઝન-૧ તથા રેન્જ-૫માં ફરજ બજાવનાર મુકેશકુમાર તથા ટેક્ષ કન્સલટન્ટ આકાશ કલોલીયા ૨૦ લાખ રૂપિયાની લાંચ લેતાં ઝડપાયા. બનાવની વિગતને ધ્યાને લેવામાં આવે તો ફરિયાદી વિરૂધ્ધ સેન્ટ્રલ જીએસટી કચેરીમાં જીએસટી ન ભરવા તથા ખોટા બીલ બનાવવા બાબતે અરજી કરવામાં આવી હતી. જેમાં સમાધાન કરવા તથા મોટો કેસ ન કરવા માટે સેન્ટ્રલ જીએસટીના સુપ્રીટેન્ડન્ટ મુકેશ કુમારે ૨૫ લાખ રૂપિયાની લાંચની માંગણી કરી હતી. જે બાદ તે રકમ ૨૦ લાખ સુધી પહોંચી અને તે રકમ ટેક્ષ કન્સલ્ટન્ટ આકાશ કલોલીયાને આપવા જણાવ્યું હતું. પરંતુ ફરિયાદી આ લાંચની રકમ દેવા ન માંગતા તેને એન્ટી કરપ્શન બ્યુરો ખાતે ફરિયાદ નોંધાવી હતી. જેમાં ઈન્ચાર્જ અધિકારી બલદેવસિંહ વાઘેલા કે જેઓ રાજકોટ એસીબીના નાયબ નિયામક છે. તેમની સાથે સુપર વીઝન અધિકારી જે. ડી.બેવાડા, રાજકોટ એકમ તથા ટ્રેપીંગ અધિકારી તરીકે એસીબી પોલીસ સ્ટેશન રાજકોટ શહેરના પીઆઈ એ.એ. ખોખર તથા મદદમાં રહેનાર પોલીસ ઈન્સ્પેકટર પી.એ. દેકાવાડીયા દ્વારા છટકુ ગોઠવવામાં આવ્યું હતું.

રાજકોટ એસ.ટી.બસ સ્ટેશન પાછળ આવેલા ક્રિએટીવ કોમ્પલેક્ષ ખાતે એસીબીના અધિકારીએ ટેક્ષ કન્સલ્ટન્ટ આકાશ કલોલીયાને ૨૦ લાખની લાંચ સ્વિકારતા ઝડપી પાડયો છે. સાથો સાથ સેન્ટ્રલ જીએસટીના સુપ્રીટેન્ડન્ટ મુકેશ કુમારને પણ ઝડપી લેવામાં આવ્યા છે અને ધોરણસરની કાર્યવાહી કરવામાં આવી છે.

---

# ચૂંટણીના પરિણામ બાદ છરી વડે હુમલો

## પારૂલ બગીચા નજીક ચૂંટણી સંદર્ભે ઈન્સ્ટાગ્રામ સ્ટોરી મુકવા બાબતે બબાલ

રાજકોટ,તા.૨૮

ગઈકાલે સમગ્રરાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનું પરિણામ જાહેર થયું વિજેતા પક્ષ દ્વારા ઠેર ઠેર ઉજવણી કરવામાં આવી હતી. તે દરમિયાન રાજકોટનાં પારૂલ બગીચા પાસે ચૂંટણી સંદર્ભે ઈન્સ્ટાગ્રામ સ્ટોરી મુકવા બાબતે હુમલો થયો હોવાની વાત વાયુવેગે ફેલાઈ છે. જેમાં આરોપી નિલેશ ચૌહાણ તથા અજય સોલંકીએ હાર્દિક પરમાર અને સંજય નામના યુવકને ઈન્સ્ટાગ્રામમમાં ચૂંટણી સંદર્ભે સ્ટોરી મુકવા બાબતે રકઝક કરી હતી. જે બાદ વાત સમાધાન સુધી પહોંચી પરંતુ અચાનક અજય સોલંકી નામના યુવાને હાર્દિક પરમારને છરી ઝીંકી હોવાનું માલુમ પડયું જેમાં હાર્દિક પરમારની સાથે સંજય તેમજ આરોપી નિલેશ ચૌહાણ પણ ઈજાગ્રસ્ત થયો હતો. હાલ આ સમગ્ર મામલે બી-ડીવીઝન પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે અને તપાસ શરૂ કરવામાં આવી છે.

---

# મત ગણતરીના કેન્દ્રો પર પોલીસની ચાંપતી નજર

## ખુદ પોલીસ કમિશનર, જોઈન્ટ પોલીસ કમિશનર, તમામ ડીસીપી, એસીપી વહેલી સવારથી બંદોબસ્તમાં સામેલ થયાઃ શાંતિપુર્વકર તમામ પ્રક્રિયા પુર્ણ

રાજકોટ,તા.૨૮

મહાનગર પાલિકાની ચુંટણીની મત ગણતરી મંગળવારે યોજાઇ હોઇ શહેરમાં સાત મત ગણતરી કેન્દ્રો ખાતે અને આસપાસના સ્થળોએ કાયદો વ્યવસ્થા જળવાઇ રહે અને આ પ્રક્રિયા શાંતિથી થાય તે માટે પોલીસ કમિશનર દ્વારા થ્રી લેયર બંદોબસ્ત ગોઠવાયો હતો. ખુદ પોલીસ કમિશનર અને તમામ ડીસીપી, એસીપી વહેલી સવારથી બંદોબસ્તમાં સામેલ થઇ ગયા હતાં. આ અધિકારીઓએ જાતે મત ગણતરી કેન્દ્રોની મુલાકાત લઇ ફરજ પરના અન્ય અધિકારીઓ સ્ટાફને જરૂરી તમામ સુચનાઓ આપી હતી.







મ્યુનિસિપલ કોર્પોરેશનની ચુંટણીની આજે મતગણતરી યજાઇ હોઇ આ પ્રક્રિયા શાંતિપુર્ણ માહોલમાં થાય એ માટે પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાએ જડબેસલાક બંદોબસત ગોઠવ્યો હતો. તેઓ પણ સવારથી અલગ અલગ મત ગણતરી કેન્દ્ર ખાતે રૂબરૂ પહોંચ્યા હતાં અને બંદોબસ્ત પર નજર રાખી હતી. દરમિયાન ડીસીપી ક્રાઇમ જગદીશ બાંગરવાએ બંદોબસ્તની વિગતો આપતાં જણાવ્યું હતું કે શહેરમાં કુલ ૭ સ્થળોએ મતગણતરી હાથ ધરવામાં આવી હતી. દરેક મતગણતરી કેન્દ્ર પર પોલીસ દ્વારા ત્રણ લેયરનું ચુસ્ત સુરક્ષા કવચ ગોઠવવામાં આવ્યું છે. જેમાં આંતરિક લેયરમાં હથીયારી એસઆરપી ગાર્ડ દ્વારા સુરક્ષા રાખવામાં આવી છે.

જ્યારે બહારના બે લેયરમાં સિવિલ પોલીસ, ટ્રાફિક પોલીસ દ્વારા કડક દેખરેખ રાખવામાં આવી હતી. તમામ મત ગણતરી કેન્દ્રો ખાત સાત એસીપી કક્ષાના અધિકારીઓની નિમણુંક કરવામાં આવી હતી. સમગ્ર પ્રકિયાનું સુપરવિઝન એડીશનલ પોલીસ કમિશનર ચૈતન્ય મંડલીક અને ડીસીપી ક્રાઇમ જગદીશ બાંગરવા દ્વારા કરવામાં આવ્યું હતું. ચુંટણીના પરિણામો બાદ ઉમેદવારો વિજય સરઘસ કાઢી શકે તે માટે પોલીસ દ્વારા સિંગલ વિન્ડો ટેબલની સુવિધા ભી કરવામાં આવી હતી.

જે ઉમેદવારો વિજયી બને તેમણે અહીંથી મંજૂરી મેળવીને પોલીસ બંદોબસ્ત સાથે સરઘસ કાઢવાનું રહેશે તેવી સુચના અપાઇ હતી.

પોલીસ કમિશનર દ્વારા જાહેરનામુ બહાર પાડી વિજય સરઘસ વખતે જાહેર રોડ પર ફટાકડા ફોડવા પર અને એક બીજા પર ફટાકડા ફેંકવા પર પ્રતિબંધ મુકાયો હતો. ડીસીપી જગદીશ બાંગરવાએ રાજકોટની જનતા અને ઉમેદવારોને અપીલ કરી હતી કે કાયદાની મર્યાદામાં રહીને અને સામાન્ય જનતાને અડચણ ન થાય તે રીતે વિજયની ઉજવણી કરવામાં આવે. સવારથી જ ઉચ્ચ અધિકારીઓની દેખરેખ હેઠળ મત ગણતરી કેન્દ્રો પર પોલીસે ચાંપતો બંદોબસ્ત જાળવ્યો હતો. આમ જડબેસલાક બંદોબસ્ત વચ્ચે મતગણતરી સંપન્ન થઇ હતી.

### મહામુલી જિંદગી ત્યજી દેવાની વધુ એક કરૂણ ઘટનાઃ કારણ પણ રહ્યું અકળ

# કોઈનો વાંક નથી...લખીને મહિલા ક્લાર્કે મોત મીઠુ કર્યું

## ડો. યાજ્ઞિક રોડ પર પીએન્ડબી કોલોનીમાં બનાવઃ આપઘાત કરનાર પરિણીતા માર્ગ મકાન વિભાગના ક્લાર્ક હતાંઃ લટકીને મોત વ્હાલુ કર્યુંઃ કારણ શોધવા પોલીસની તપાસઃ બીજી બે ઘટનામાં બેભાન થઇ ગયા બાદ યુવાન અને પ્રૌઢની જિંદગી ખતમ

રાજકોટ,તા.૨૮

અપમૃત્યુ, આપઘાતની ઘટનાઓનો કરૂણ સિલસિલો યથાવત રહ્યો હતો. વધુ એક વ્યક્તિએ અકળ કારણોસર મહામુલી જિંદગીને તરછોડી દીધી હતી. શહેરના ડો. યાજ્ઞિક રોડ માલવીયા ચોક નજીક આરએન્ડબી કોલોનીમાં રહેતાં માર્ગ મકાન વિભાગના મહિલા કલાર્કએ મારા આ પગલા પાછળ કોઇ જવાબદાર નથી, હું જાતે પગલુ ભરુ છું એવી સ્યુસાઇડ નોટ લખીને આત્મહત્યા કરી લેતાં અરેરાટી વ્યાપી ગઇ છે. બીજી બે ઘટનામાં એક યુવાન અને એક પ્રૌઢના બેભાન થઇ ગયા બાદ મૃત્યુ થયા હતાં.

વિગતો પર નજર કરીએ તો શહેરમાં આત્મહત્યાનો વધુ એક બનાવ બન્યો છે. જેમાં ડો. યાજ્ઞિક રોડ પર આવેલી આરએન્ડબી કોલોનીના ક્વાર્ટરમાં રહેતાં અને માર્ગ મકાન વિભાગમાં ક્લાર્ક તરીકે ફરજ બજાવતાં પરિણીતાએ ગળાફાંસો આપઘાત કરી લેતાં અરેરાટી વ્યાપી ગઇ હતી. તેણીએ લખેલી ચિઠ્ઠીમાં કોઇનો વાંક ન હોવાનો અને પોતાની જાતે પગલુ ભર્યાનો ઉલ્લેખ હોઇ પોલીસે આ ચિઠ્ઠી તેમજ તેણીનો મોબાઇલ ફોન તપાસ માટે કબ્જે કર્યા હતાં. વધુ માહિતી અનુસાર ડો. યાજ્ઞિક રોડ પર માલવીયા ચોક નજીક આવેલ આરએન્ડબી કોલોનીના ક્વાર્ટર નં. જી-૨માં રહેતાં ત્રી સ વર્ષના હીનાબેન સૌરભભાઇ ડોડીયા નામના પરિણીતાએ સાંજે સાડા પાંચેક વાગ્યે ઘરે છતના હુકમાં દુપટ્ટો બાંધી ગળાફાંસો ખાઇ લેતાં બેભાન હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં.

પરંતુ અહિ મૃત્યુ થતાં અરેરાટી વ્યાપી ગઇ હતી. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના મહેશભાઇ ગઢવી, ચિત્રેકતુસિંહ, ધર્મેન્દ્રભાઇ, યુવરાજસિંહ સહિતે જાણ કરતાં એ-ડિવીઝન પીએસઆઇ એચ. જે. સોલંકી સહિતે હોસ્પિટલે પહોંચી કાર્યવાહી કરી હતી. બાદમાં પોલીસે ઘટના સ્થળે જઇ પંચનામુ કર્યુ હતું. એ વખતે આપઘાત કરનાર હીનાબેન ડોડીયાએ લખેલી એક





ચિઠ્ઠી મળી આવી હતી.

જેમાં તેણીએ લખ્યું છે કે-હું રાજીખુશીથી મારી જાતે આ પગલુ ભરૂ છું, મારા મૃત્યુ પાછળ કોઇ જવાબદાર નથી. પોલીસે આ ચિઠ્ઠી કબ્જે કરી છે તેમજ મૃતકનો મોબાઇલ ફોન પણ તપાસ માટે જપ્ત કર્યો છે. જિંદગી તરછોડી દેનારા હીનાબેનના માવતર સુરેન્દ્રનગર રહે છે. પિતાનું નામ જયવંતભાઇ ચાવડા છે. પતિ સૌરભભાઇ જયેશકુમાર ડોડીયા કેમીકલ એન્જિનીયર તરીકે કંપનીમાં નોકરી કરે છે. હીનાબેન આરએન્ડબીમાં કલાર્ક તરીકે ફરજ બજાવતાં હતાં. તેણીના નણંદ નર્સ તરીકે નોકરી કરે છે.

નોકરી પરથી સાંજે નણંદ ઘરે આવ્યા ત્યારે આ ઘટનાની જાણ થઇ હતી. તેઓ ઘરનું દ્રશ્ય જોઇ અવાચક થઇ ગયા હતાં. બૂમાબૂમ કરી મુકતાં બીજા લોકો ભેગા થઇ ગયા હતાં. હીનાબેનને બેભાન હાલતમાં નીચે ઉતારી હોસ્પિટલે ખસેડાયા હતાં. પરંતુ જીવ બચ્યો નહોતો. દરમિયાન પતિ પણ નોકરીના સ્થળેથી પહોંચી ગયા હતાં. હાલમાં આપઘાત કરનાર હીનાબેનના સાસુ-સસરા અને માતા-પિતા એમ બધા સાથે કેદારનાથની યાત્રાએ ગયા હતાં. તેમને ઘટતનાની જાણ થતાં તેઓ ત્યાંથી પરત આવવા રવાના થયા હતાં. પત્નિએ શા માટે આપઘાત કર્યો તેની પતિને પણ જાણ ન હોઇ પોલીસે વિશેષ તપાસ યથાવત રાખી હતી.

અન્ય બે ઘટના જોઇએ તો બેભાન હાલતમાં એક યુવાન અને એક પ્રૌઢના મૃત્યુ થયા હતાં. કોઠારીયા રોડ બ્રહ્માણી હોલ નજીક જયરામ પાર્કમાં રહેતાં પાંત્રીસ વર્ષના જયેશભાઇ રઘુભાઇ શીંગાળા નામના યુવાન સાંજે ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે આજીડેમ પોલીસને જાણ કરી હતી. મૃત્યુ પામનાર જયેશભાઇ બે ભાઇ અને એક બહેનમાં નાના હતાં. સંતાનમાં એક પુત્ર છે. પોતે કેટરર્સનું કામ કરતાં હતાં. લિવરની બિમારી હોવાનું સગાએ જણાવ્યું હતું.

જ્યારે રૈયાધાર સ્લમ કવાર્ટરમાં રહેતાં સતાવન વર્ષના પ્રકાશભાઇ દ્વારકાદાસ નિમાવતને શ્વાસની તકલીફ હોઇ સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં ત્યાંથી અમદાવાદ રીફર કરતી વખતે રસ્તામાં ફરી તબીયત બગડતાં સિવિલમાં લાવવામાં આવ્યા હતાં. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. પ્રકાશભાઇ બે ભાઇ અને એક બહેનમાં મોટા હતાં. સંતાનમાં બે દિકરી છે. પોતે સિક્યુરીટી તરીકે નોકરી કરતાં હતાં. બનાવની જાણ થતાં યુનિવર્સિટી પોલીસે કાર્યવાહી કરી હતી. આમ ત્રણ અલગ અલગ ઘટનામાં પરિવારોએ સ્વજન ગુમાવી દીધા હતાં.

---

### ગમે તેમ કરીને લોકોને છેતરી લેવા મેદાને પડતાં ગઠીયાઓને સતત મળે છે સફળતા

# વિદેશના ટૂર પેકેજના નામે પોણા દસ લાખનું ફ્રોડ

## થાઈલેન્ડ ટૂરના નામે નાણા ઉઘરાવી એજન્ટ લાપતાઃ બીજી ઘટનામાં વિદેશ સ્થિત યુવતિનું વ્હોટ્સએપ હેક કરી એક લાખ પડાવાયાઃ ત્રીજી ઘટનામાં કડકાઇ દુર કરવા લૂંટ ચલાવી પણ એક પકડાઇ ગયોઃ બે થઇ ગયા ફરાર

રાજકોટ,તા.૨૮

અલગ અલગ રીતે લોકોને છેતરી લેવાની ઘટનાઓ રોજબરોજ સામે આવે છે. વધુ બે ઠગાઇ થઇ છે. જેમાં થાઇલેન્ડની ટૂરના નામે નવ લાખ એકોતેર હજારની ઠગાઇ થઇ છે. તો બીજી તરફ અમેરિકા રહેતી યુવતિનું વ્હોટ્સએપ હેક કરી એક લાખ પડાવી લેવામાં આવ્યા હતાં.

વિગતો પર નજર કરીએ તો વિદેશના વર્ક પરમીટ વિઝા કે પછી સસ્તામાં વિદેશની ટૂરના પેકેજના નામે ઠગાઇ સતત થતી રહે છે. વધુ એક આવી ઠગાઇમાં લેભાગુ એજન્ટો લાખો ઉસેડી ગયા છે. આને કારણે ફરવાના પ્લાન કરનારા લોકોને હેરાન થવાનો વારો આવ્યો હતો. શાહીબાગના રોહિત વછેટા પરિવાર સાથે થાઈલેન્ડ પ્રવાસ માટે ઓનલાઈન સર્ચ કરી રહ્યા હતા ત્યારે તેમનો સંપર્ક શિવરંજની પાસે આવેલી કે.સી. હોલી ડેઝ એજન્સી સાથે થયો હતો. એજન્સીના સંચાલક કિરણ ચંદ્રકાંત ચૌહાણ, તેમની પત્ની પારુલબેન અને કર્મચારી વિવેકે પરિવાર દીઠ ૭૫ હજારમાં રહેવા, જમવા અને વિઝાની ઓફર આપી હતી. રોહિતભાઈએ પરિવારની ૩ ટિકિટ માટે કુલ ૨,૧૦,૨૫૦ રૂપિયા ચૂકવ્યા હતા.



પાછળથી જાણવા મળ્યું કે, આરોપીઓએ અન્ય સભ્યો પાસેથી પણ ટૂરના નામે કુલ ૯.૭૧ લાખ રૂપિયા પડાવી લીધા છે. આ મામલે રોહિતભાઈએ સેટેલાઈટ પોલીસ સ્ટેશનમાં કિરણ ચૌહાણ અને તેમની ટીમ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. આ પ્રકારે અનેક કહેવાતા એજન્ટો વિદેશ જવા ઇચ્છુકોને કે વિદેશના ટૂર પેકેજ બૂક કરાવવા માંગતા લોકોને છેતરી રહ્યા છે. આ વધુ એક ગુનો તેમાં ઉમેરાઇ ગયો છે.

બીજી ઠગાઈની ઘટના જોઈએ તો અમદાવાદ થલતેજમાં રહેતા શીલ વ્યાસ સાથે વોટ્સએપ હેકિંગના માધ્યમથી છેતરપિંડીનો કિસ્સો સામે આવ્યો છે. શીલ વ્યાસને તેમના અમેરિકાના કેલિફોર્નિયા ખાતે રહેતા બહેનનો મેસેજ આવ્યો હતો, જેમાં પૈસાની જરૂર હોવાનું જણાવી એક એકાઉન્ટ નંબર મોકલવામાં આવ્યો હતો. વિશ્વાસમાં આવીને શીલ વ્યાસે એક લાખ રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા. બીજા દિવસે ફરી પૈસાની માંગણી થતા તેમને શંકા ગઈ અને તપાસ કરતા જાણવા મળ્યું કે સીમાબેનનું વોટ્સએપ કોઈએ હેક કરી લીધું છે અને હેકર્સ દ્વારા જ આ પૈસા પડાવવામાં આવ્યા છે. આ અંગે શીલ વ્યાસે બોડકદેવ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. આ નવતર ઠગાઇનો ભેદ ખોલવા પોલીસે મહેનત શરૂ કરી હતી.

ત્રીજી એક ઘટનામાં થલતેજ વિસ્તારમાં આવેલા રાજવંશી ગેસ્ટ હાઉસમાં ગત સોમવારે મેનેજર ગીરીરાજ મીણા અને દેવીલાલ હાજર હતા ત્યારે રૂમ ભાડે રાખવાના બહાને આવેલા લૂંટારાઓએ હુમલો કર્યો હતો. આરોપીઓએ ચપ્પુ બતાવી કાઉન્ટર અને લોકર તોડી બોંતેર હજાર રૂપિયા રોકડા, કમ્પ્યુટર મોનિટર, ટીવી અને મોબાઈલની લૂંટ ચલાવી હતી. એલસીબી પીએસઆઇ એચ. ડી.વાઘેલાની ટીમે સીસીટીવી ફૂટેજના આધારે ગાડી નંબર શોધી કાઢ્યો હતો. આ તપાસના આધારે પોલીસે રાજસ્થાનના વાલજી મીણા અને કાંતિ હરમોરને ઝડપી પાડી મુદ્દામાલ કબ્જે કર્યો હતો. પૂછપરછમાં સામે આવ્યું કે આરોપીઓ પાસે પૈસા ન હોવાથી પોતાની કડકાઇ દુર કરવા લૂંટનું પ્લાનિંગ કરી ગેસ્ટ હાઉસમાં ઘૂસ્યા હતા. આ ગુનામાં સંડોવાયેલા દિનેશ મીણા અને પ્રભુ મીણાની પોલીસ શોધખોળ યથાવત રાખી હતી.

---

# પોલીસને જોઇને ભાગેલી રીક્ષા પલટી ૩૩૬ બોટલ સાથે ચાલક પકડાયો

## દારુ, રીક્ષા મળી એક લાખથી વધુનો મુદ્દામાલ કબજે કરતી પોલીસ

રાજકોટ, તા.૨૮

કુવાડવા કુવાડવા જીઆઈડીસી પાસે બાતમીના આધારે ક્રાઈમ બ્રાન્ચના સ્ટાફે રીક્ષાનો પીછો કરતા પલટી ગયેલી રીક્ષામાંથી પોલીસેને ૫૪૫૭૬ની દારૂની ૩૩૬ બોટલ મળી આવી હતી. બીજુભાઈ ઈજાગ્રસ્ત રીક્ષાચાલક શાહરુખ ભુરાભાઈ સરવદીને સારવાર માટે દવાખાને ખસેડીને પોલીસે ચોટીલાથી દારુ ભરેલી રીક્ષા આપનાર ભગવતીનગરના આરીફ હાસમ જુણાચની શોધખોળ આદરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ ક્રાઈમ બ્રાન્ચના પી.એસ.આઇ વી.ડી.ડોડીયાના માર્ગદર્શન હેડ કોન્સ્ટેબલ ધારાભાઈ વનારીયા, જયરાજસિંહ કોટીલા, રાહુલભાઈ ગોહેલ સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. દરમિયાન એવી હકીકત મળી હતી કે જીજે ૩ બીટી ૯૪૦૨ નંબરની રીક્ષામાં દારુ ભરાઈને રાજકોટ તરફ આવી રહી છે. બાતમીના આધારે ક્રાઈમ બ્રાન્ચની ટીમે રાજકોટ-અમદાવાદ હાઈવે પર કુવાડવા જીઆઈડીસી પાસે ડાભી હોટલ સામે રોડ પર વોચ ગોઠવી હતી.

દરમિયાન શંકાસ્પદ રીક્ષા પસાર થતા તેને રોકવાનો પ્રયાસ કરતા રીક્ષા ચાલકે પોલીસને જોઈ રિક્ષા પૂરપાટ ઝડપે ભગાડી મૂકી હતી.

જો કે પોલીસે રીક્ષાનો ફિલ્મી ઢબે પીછો કરતા કુવાડવા જીઆઇડીસી વિસ્તારમાં વેણુ ઇન્ડસ્ટ્રીઝ કારખાના સામેના રોડ પર રીક્ષા ચાલકે કાબૂ ગુમાવતા રીક્ષા પલટી ખાઈ ગઈ હતી. બાદમાં પોલીસે અહીં પહોંચી રિક્ષાચાલકને રીક્ષાની બહાર કાઢી તેની પૂછતાછ કરતા તેણે પોતાનું નામ ભગવતી સોસાયટી, સાબુના કારખાનાવાળી શેરી, હૈદરી ચોક, દૂધની ડેરી પાસે રહેતો શાહરુખ ભુરાભાઈ સરવદી હોવાનું પોલીસને જણાવ્યું હતું.

પલટી ખાઈ ગયેલી રિક્ષાને પૂર્વવત કરી તપાસ કરવામાં આવતા તેમાંથી પોલીસને ૫૪,૫૭૬ ની દારૂની ૩૩૬ બોટલ હાથ લાગી હતી.

દારૂના જથ્થા બાબતે રીક્ષા ચાલક શાહરૂખની પૂછપરછ કરવામાં આવતે તેમણે ભગવતીપરામાં રહેતા આરીફ હાસમભાઈ જુણાચ નામના શખસે તેને ચોટીલા હાઈવે પર દારૂ ભરેલી રીક્ષા આપી હતી અને રાજકોટ પહોંચ્યા બાદ ચોકડી પાસે ઉભા રહેવાનું કહી પોતે પાછળ આવતો હોવાનું જણાવ્યું હતું.

જો કે દારુ પકડાઈ ગયો હોવાનું જાણી ગયેલો આરીફ બનાવ સ્થળે દેખાયો ન હતો. પોલીસે દારૂ, રીક્ષા સહીત ૧.૦૯ લાખનો મુદ્દામાલ કબજે કરીને ભગવતીપરાના આરીફને પકડી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

---

### કામ તો એવું કરીએ કે બધા દોડતા થઇ જાયઃ મોરબી રોડની સોસાયટીમાં રહેતાં કારીગરના ઘરે કામે આવેલા રાજસ્થાની મામા-ભાણેજે મોટો હાથ માર્યો

# કામે રહ્યાના પહેલા જ દિ'એ ૧૪ લાખની ચાંદી ચોરી

## પેડક રોડના વેપારીએ પોતાના કારીગર ગેરહાજર હોઇ મોરબી રોડના કારીગરને નવ કિલો ચાંદી પાયલ બનાવવા આપ્યું હતુંઃ આ કારીગરને ત્યાં આવેલા રાજસ્થાની કારીગર કારીગીરી કરી ગાયબઃ પોલીસની ટીમો રાજસ્થાન તરફ દોડી

રાજકોટ,તા.૨૮

શહેરમાં સોના ચાંદીના કારીગરો અવાર-નવાર જે તે વેપારીઓને છેતરીને લાખો કરોડોના સોના ચાંદી સાથે ગાયબ થઇ જતાં હોય છે. આવી વધુ એક ચોંકાવનારી ઘટના બની છે. જેમાં કામે આવ્યાના પહેલા જ દિવસે રાજસ્થાની મામો-ભાણેજ સામા કાંઠાના વેપારીનું ચૌદ લાખનું ચાંદી ચોરીને ભાગી જતાં દોડધામ મચી ગઇ છે. બી-ડિવીઝન પોલીસે એફઆઇઆર દાખલ કરતાં તપાસ શરૂ થઇ છે. એલસીબી-ક્રાઇમ બ્રાંચની ટીમો આ બંનેને પકડી લેવા રાજસ્થાન તરફ રવાના થઇ છે.

વિગતો પર નજર કરીએ તો શહેરના સામા કાંઠે પેડક રોડ પર રહેતાં અને ચાંદી-ઇમિટેશનના દાગીના બનાવી વેંચવાનું કામ કરતાં વેપારીએ પાયલ-જાંજર બનાવવા માટે રૂા. ચૌદ લાખનું ચાંદી પોતાનો કારીગર હાજર ન હોઇ પોતાના મિત્રના મોરબી રોડ પર રહેતાં કારીગરને આપતાં આ કારીગર એક પાયલનું સેમ્પલ બનાવી વેપારીને બતાવવા આવતાં પાછળ તેના ઘરે ગઇકાલે જ રાજસ્થાનથી કામ માટે આવેલા મામો-ભાણેજ એકલા હોઇ તે આ ૧૪ લાખની ચાંદી લઇ ભાગી જતાં પોલીસે બંનેને ઝડપી લેવા તપાસ હાથ ધરી છે.

દરમિયાન આરોપીનું પગેરૂ શોધતી ક્રાઇમ બ્રાંચ, એલસીબી ઝોન-૧ની ટીમો રાજસ્થાન તરફ રવાના થઇ હોઇ બંને હાથમાં આવી જવાની પોલીસને આશા જાગી છે. આ મામલે બી-ડિવીઝન પોલીસે પેડક રોડ બોમ્બે સુપર હાઇટ્સ ફ્લેટ નં. ૯૦૪માં રહેતાં અઠ્ઠાવીસ વર્ષના બ્રીજેશભાઇ હિતેષભાઇ ગજેરા નામના ચાંદી-ઇમિટેશનના વેપારીની ફરિયાદ પરથી રાજસ્થાનના રાજસમદ જીલ્લાના મૈસા કા ગુડા ગામના ભેરૂસિંહ રાજપૂત અને શંકરસિંહ રાજપૂત વિરૂધ્ધ ઘરેણા બનાવવા માટે ૧૪ લાખની ચાંદી લઇ જઇ પાછી ન આપી ચાંદી લઇ ભાગી જવાનો ગુનો દાખલ કર્યો હતો. બ્રીજેશભાઇએ જણાવ્યું છે કે હું પરિવાર સાથે રહુ છું અને પટેલનગર શેરી નં.-૦૨, ટીવીએસના શો રૂમ પાછળ



કુવાડવા રોડ ખાતે એમડી ક્રિએશન નામથી ચાંદી/ઇમીટેશનનાં દાગીના બનાવી વેપાર ધંધો કરૂ છું. મારી દુકાનમાં અલગ અલગ કામ માટે દશ કારીગરો કામ કરે છે.

ચાંદીના ઘરેણા બનાવવા માટે હું જોબવર્ક બહાર કરાવડાવું છું તે અનુસંધાને હું અલગ અલગ પાંચથી સાત કારીગરોને ચાંદીના ચોસલા તેમજ પડતર ચાંદી આપુ છું અને તે મને તે વજન બરાબરના ઘરેણા બનાવી આપે છે. સત્યાવીસમીએ સોમવારે અમારો રેગ્યુલર કારીગર હાજર ના હોઇ ઘરેણા બનાવવા માટે મેં મારા મિત્ર કે જે મારી જેમ ચાંદીનાં ઘરેણા બનાવડાવવાનો ધંધો કરે છે તે કિશનભાઈ સુરેશ ભાઈ રામાણી (રહે. ત્રિવેણી સોસાયટી ગેઇટ-૧)ના કહેવાથી તેમના નિયમિત કારીગર ભાવેશભાઇ શિવલાલ સોની (રહે. તિરૂપતિનગર શેરી નં.-૦૪, નિર્મલભાના મકાનમાં ભાડેથી મોરબી રોડ, મુળ વતન-બોરાણાગામ તા.રાયપુર જી.ભીલવાડા રાજસ્થાન)ને મેં ચાંદી આપ્યુ હતું.

ઘરેણા બનાવવા ૯,૧૯૦ કિ.ગ્રા. ૬૦ ટચની ચાંદીનાં કાસ્ટીંગ-ચેઇન-રેવા વજન કરીને મેં રાખતાં ભાવેશભાઇ અમારા કારખાને રૂબરૂ બપોરના બારેક વાગ્યાના અરસામાં લેવા આવતા મેં તેને ચાંદી આપી દીધી હતી. આ ચાંદીમાંથી પાયલ એટલે કે ઝાંઝર બનાવવાના હતાં. બાદમાં ભાવેશભાઇ મને સાંજે પાંચેક વાગ્યાની આસપાસ આ પાયલનું સેમ્પલ બતાવવા માટે આવ્યા હતાં અને કહ્યું હતું કે જો સેમ્પલ બરોબર હોય તો બાકીનો માલ ઘરે પડેલ છે, બેથી ત્રણ દિવસમાં તમને તૈયાર કરીને આપીશ. જેથી મેં હા પાડી હતી અને ભાવેશભાઇ ત્યાંથી નીકળી ગયલે. બાદ રાતના દશેક વાગ્યાની આસપાસ ભાવેશ મારી ઉપરોક્ત ઓફિસ ઉપર ગભરાયેલી હાલતમાં આવેલ હતો.

તેણે મને કહેલ હતું કે જે ચાંદી પાયલ બનાવવા માટે તમે મને આપેલ હતી તે ચાંદી સાંજના પાંચથી સાત વાગ્યાનાં અરસામાં મારી સાથે રહેતો ભેરૂસિંહ રાજપુત તેમજ શંકર રાજપુત બંને હું અહિ તમને સેમ્પલ બતાવવા આવ્યો ત્યારે બંને જણા લઇને મારા ઘરને તાળુ મારી ચાંદી લઇ નીકળી ગયા છે. ભાવેશભાઇએ વધુમાં મને જણાવેલ કે સોમવારે સવારે જ ભેરૂસિંહ અને તેનો ભાણો શંકરસિહ રાજકોટ આવ્યા હતાં. ભેરૂસિંહ મારા સંબંધી રામભાઇ સોનીના સંબંધી થાય છે અને રામભાઇના કહેવાથી હું તેને મારી સાથે કામ અર્થે અહિં લાવેલ હતો. હું સેમ્પલ બતાવી ઘરે પહોંચ્યો ત્યારે ઘરને તાળુ હતું.

મેં ભેરૂસિંહને ફોન કરતા ભેરૂસિંહે પાંચ મીનીટમા આવુ તેમ કહેલ પરંતુ વારંવાર ફોન કરવા છતા આવેલ નહિ અને બાદમાં ફોન બંધ કરી દીધો હતો. આ પછી મેં અને મિત્રએ તાળુ તોડી જોતાં ઘરમાં મેં રાખેલી ચાંદી ગૂમ હતી.

શોધખોળ કરવા છતાં આ મામો-ભાણેજ મળ્યા નથી. તેમ વધુમાં મને ભાવેશભાઇએ કહેતાં હું ભાવેશભાઇને સાથે લઇ બી-ડિવીઝન પોલીસ સ્ટેશને પહોંચ્યો હતો. ભેરૂસિંહ અને તેનો ભાણો સુરજસિંહ મેં ભાવેશભાઈ સોનીને આપેલુ લ ૯.૧૯૦ કિ.ગ્રા. ૬૦ ટચનું ચાંદી રૂા. ૧૪ લાખનું લઇ ભાગી ગયા હોઇ ફરિયાદ કરી હતી. તેમ વધુમાં બ્રિજેશભાઇએ જણાવતાં બી-ડિવીઝન પોલીસ ઇન્સપેકટર જી. આર. ચૌહાણે ગુનો નોંધી ડીસીપી હેતલ પટેલ, એસીપી બી. વી. જાધવની સુચના અનુસાર તપાસ હાથ ધરી છે. દરમિયાન આરોપીનું પગેરૂ શોધતી ક્રાઇમ બ્રાંચ, એલસીબી ઝોન-૨ની ટીમો રાજસ્થાન તરફ રવાના થઇ હતી. આરોપીઓ ઝડપથી પકડાઇ જવાની પોલીસે આશા રાખી હતી.

નહિ જેવી વાતે ઉકળી જતો માણસ ક્યારે લોહી તરસ્યો થઇ જાય તે નક્કી નહિ

# વાયરીંગ કામ અને જમવાના ડખ્ખામાં બે હત્યા

## મિત્ર સાથે ઈલેક્ટ્રીક કામે ગયેલા યુવાનને ગાળાગાળી થઇ અને ભોગ લેવાયોઃ જમવાની જફામાં પથ્થર ફટકારી યુવાનની હત્યાઃ આરોપી ઝડપાઇ ગયો

રાજકોટ,તા.૨૮

હત્યાની વધુ બે ઘટનાઓ ઘટી ગઇ છે. જેમાં એક ઘટનામાં વાયરીંગના કામ મામલે માથાકુટ થતાં હત્યા કરવામાં આવી હતી. તો બીજી ઘટનામાં જમવા મામલે થયેલી માથાકુટ વકરી જતાં પથ્થરના ઘા મારી યુવાનને પતાવી દેવાયો હતો. આ બંને કિસ્સામાં પોલીસે કાર્યવાહી કરી આરોપીઓને ઝડપી તજવીજ કરી હતી.

વિગતો પર નજર કરીએ તો હત્યાની પ્રથમ ઘટના સુરતના લિંબાયતમાં બની છે. જેમાં એક સામાન્ય વાયરિંગના કામ દરમિયાન અંગત અદાવતનો ખૂની અંજામ જોવા મળ્યો હતો. ફરિયાદી નસીમ બસરૂદ્દીન શેખ કે જે બત્રીસ વર્ષનો છે તે મૂળ ઉત્તર પ્રદેશનો વતની છે અને સુરતમાં રિક્ષા ડ્રાઇવર તરીકે કામ કરે છે. તેણે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેનો મિત્ર જેહરૂલા ઉર્ફે મીન્ટુ સાહબુદ્દીન શેખ કે જે પાંત્રીસ વર્ષનો છે તેની સાથે રહેતો હતો. રાત્રે સાડા આઠ વાગ્યે નસીમના મિત્ર સુધાકરભાઈની પત્નીનો ફોન આવ્યો કે તેમના ઘરે મીટર પાસેની સ્વીચ બગડી ગઈ છે અને કોઈ વાયરમેન/ઈલેક્ટ્રિશિયનને લઈને આવે.

આ પછી નસીમ અને તેનો મિત્ર જેહરૂલા રસ્તામાંથી એક ઈલેક્ટ્રિશિયનને શોધીને તેને સાથે લઈને સુધાકરભાઈના ઘરે આશાપુરી સોસાયટી, ભાગ્ય નગરમાં પહોંચ્યા હતા. ઈલેક્ટ્રિશિયન મીટરનું ચેકિંગ કરી રહ્યો હતો અને નસીમ ગેટ પાસે ઉભો રહીને મદદ કરી રહ્યો હતો. તે જ સમયે, જેહરૂલા ઘરની સામે આવેલ આદર્શ પ્રોવિઝન સ્ટોર પાસે રસ્તાની બાજુમાં પાર્ક કરેલી બાઈક પર બેઠો હતો. આ વખતે અચાનક ગાળાગાળીનો અવાજ આવવા લાગ્યો, નસીમે બહાર જઈને જોયું તો ચાર શખ્સો જેહરૂલાને પકડીને બેરહમીથી માર મારી રહ્યા હતા. હુમલાખોરોએ અચાનક કરેલા આ જીવલેણ હુમલામાં જેહરૂલા પોતાની જાતને બચાવી શક્યો ન હતો.

તે દોડીને નસીમ પાસે આવ્યો અને જમીન પર ઢળી પડ્યો. તેના ગળાના ભાગેથી લોહીની ધાર વહી રહી હતી અને તે માંડ માંડ ચપ્પુ માર્યુ એટલુ જ બોલ્યો હતો. બાદમાં તેને શ્વાસ લેવામાં ભારે તકલીફ પડી રહી હતી. નસીમે તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સને ફોન કર્યો અને સુધાકરભાઈની મદદથી જેહરૂલાને સ્મીમેર હોસ્પિટલ લઈ જવામાં આવ્યો, પરંતુ ત્યાં પહોંચતા જ ફરજ પરના તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. હોસ્પિટલમાં પહોંચ્યા બાદ આસપાસના લોકોની પૂછપરછ અને સુધાકરભાઈની માહિતીના આધારે હુમલાખોરોની ઓળખ થઈ હતી. જાણવા મળ્યું હતું કે, ત્યાં નજીકમાં જ રહેતા લક્ષ્મણ ઉર્ફે કાર્તિક, સુમિત બેડસે, કુણાલ અને રવિ ઉર્ફે મનિષ પાટીલ નામના શખ્સોએ કોઈ અંગત અદાવત કે અગમ્ય કારણોસર આ ઝઘડો શરૂ કર્યો હતો. જેમાં કુણાલ અને લક્ષ્મણ ઉર્ફે કાર્તિકે ચપ્પુ કાઢ્યું હતું અને લક્ષ્મણે જેહરૂલાના ગળાના વચ્ચેના ભાગે જીવલેણ ઘા ઝીંકી દીધો હતો. ઘટના બાદ ચારેય આરોપીઓ સ્થળ પરથી ફરાર થઈ ગયા હતા.



બીજી હત્યાની ઘટના સુરતના ઉધના દરવાજા વિસ્તારમાં બની હતી. જમવા જેવી નજીવી બાબતે થયેલા ઝઘડાની અદાવતમાં એક યુવકની પથ્થર મારીને હત્યા કરવામાં આવી છે. સાર કોમ્પ્લેક્ષના કમ્પાઉન્ડમાં નિદ્રાધીન યુવક પર પથ્થર ઝીંકી હુમલો કરનાર કચરો વીણતા શખ્સને સલાબતપુરા પોલીસે સીસીટીવી ફૂટેજ અને તેની ચાલવાની વિશિષ્ટ ઢબના આધારે ગણતરીના કલાકોમાં ઝડપી પાડ્યો હતો. આ ઘટના પાછળ રાત્રિના સમયે ભોગ બનનાર અને આરોપી વચ્ચે જમવા બાબતે થયેલી બોલાચાલી જવાબદાર હતી. ઝઘડો શાંત થયા બાદ બંને છૂટા પડ્યા હતા, પરંતુ આરોપી બબલુ ઉર્ફે બુલ્લુએ મનમાં ખાર રાખ્યો હતો. જ્યારે યુવક સાર કોમ્પ્લેક્ષના કમ્પાઉન્ડમાં સૂઈ રહ્યો હતો. ત્યારે આરોપીએ તેના માથા અને છાતીના ભાગે મોટો પથ્થર ઝીંકી દીધો હતો. હુમલો કરીને આરોપી અંધારાનો લાભ લઈ ફરાર થઈ ગયો હતો. ગંભીર રીતે ઘવાયેલા યુવકનું સારવાર દરમિયાન સિવિલ હોસ્પિટલમાં મોત નીપજ્યું હતું. રખડતું જીવન જીવતા અજાણ્યા હત્યારાને પકડવો પોલીસ માટે પડકાર હતો. સલાબતપુરા પોલીસે અલગ-અલગ ટીમો બનાવી વિસ્તારના ૫૦થી વધુ સીસીટીવી કેમેરા તપાસ્યા હતા. ફૂટેજમાં એક શંકાસ્પદ વ્યક્તિ કચરો વીણતો દેખાયો હતો. જોકે તેનો ચહેરો સ્પષ્ટ નહોતો, પરંતુ તેની ચાલવાની ચોક્કસ ઢબ અને પહેરવેશના આધારે પોલીસે ફોટોગ્રાફ્સ તૈયાર કરી સ્થાનિકોમાં વહેંચ્યા હતા. આ સઘન તપાસને અંતે પોલીસે આરોપીને કોર્ડન કરી ઝડપી લીધો હતો. આરોપીનું નામ બબલુ ઉર્ફે બુલ્લુ અશોક ભોલ છે. ૪૧ વર્ષીય આ આરોપી મૂળ ઓરિસ્સા રાજ્યના ગંજામ જિલ્લાના નારાયણપુર ગામનો વતની છે. રોજગારીની શોધમાં સુરત આવ્યો હતો. સલાબતપુરામાં રોકડીયા હનુમાન મંદિરની સામેના બ્રિજ નીચે રહેતો હતો અને શહેરમાં અલગ-અલગ જગ્યાઓએ ફૂટપાથ પર સૂઈ જતો હતો. રસ્તા પરથી ભંગાર, પ્લાસ્ટિકની ખાલી બોટલો અને પૂંઠાઓ વીણીને તે પોતાનું ગુજરાન ચલાવે છે.

અજબ ગજબના ગતકડાઓનો ઉપયોગ કરી ગઠીયા ભરે છે ગજવા

# જુના ગ્રાહકના નામે વેપારીને દીધો ૭ લાખનો ચૂનો

## કાવતરૂ ઘડી પેમેન્ટ ક્રેડીટ થયાનો મેસેજ મોકલી થોડા રૂપિયા ટ્રાન્સફર કરાવ્યાઃ પછી નાણા પરત કરવાના બહાને લિંક મોકલી છ લાખ અઠ્યોતેર હજાર ઉપાડી લીધાઃ બીજી તરફ ફ્લેટના સોદાના નામે બિલ્ડર છ લોકોના ખાઇ ગયો એક કરોડ

રાજકોટ,તા.૨૮

ગઠીયાઓ ગામને છેતરવા માટે જાતજાતના નુસ્ખાઓનો ઉપયોગ કરી આબાદ છેતરી જાય છે. વધુ એક ઓનલાઇન ફ્રોડમા ગઠીયાઓએ એક વેપારીને શિકાર બનાવી પોણા સાત લાખ ઉસેડી લીધા છે. હું તમારો જુનો ગ્રાહક છું તેવી ઓળખ આપી આ ગઠીયાએ બિલ્ડીંગ મટીરીયલ્યસના વેપારી પાસેથી રૂપિયા ટ્રાન્સફર કરાવી લીધા હતાં અને ચૂનો લગાવી દીધો હતો.




વિગતો પર નજર કરીએ તો વડોદરાના ભાયલી રોડ પર રહેતા અને માંડવી ચાર રસ્તા પાસે બિલ્ડિંગ મટેરીયલનો વ્યવસાય કરતા કપિલભાઈ શાહ સાથે પૂર્વ આયોજિત કાવતરું રચી ૬.૭૮ લાખની ઓનલાઇન છેતરપિંડી આચરવામાં આવી છે. આ અંગે સાયબર ક્રાઇમ પોલીસ મથકે વેપારીએ ફરિયાદ નોંધાવી છે. જેના આધારે તપાસ હાથ ધરવામાં આવી હતી. પોલીસે વિગતો આપતાં કહ્યું કે કપિલભાઈ પર એક અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો, જેમાં સામેની વ્યક્તિએ પોતાની ઓળખ તેમના જૂના ગ્રાહક શર્માજી તરીકે આપી હતી.

આ ઠગે વિશ્વાસ જીતવા માટે પેમેન્ટ ક્રેડિટ થયાના ખોટા મેસેજ મોકલી, સામેથી પૈસા મેળવવાના બહાને કપિલભાઈ પાસેથી અલગ-અલગ યુપીઆઇઆઈડી પર કુલ રૂ. ૯૧,૨૦૦ ટ્રાન્સફર કરાવી લીધા હતા. ત્યારબાદ, નાણાં પરત કરવાના બહાને ગઠિયાએ કપિલભાઈના એચડીએફસી બેંકના ડેબિટ અને ક્રેડિટ કાર્ડની વિગતો મેળવી લીધી હતી. લિંક જનરેટ કરી ઓટીપી માંગતા જ કપિલભાઈએ વિશ્વાસમાં આવી ઓટીપી શેર કર્યા હતા. આ ભૂલને કારણે તેમના ખાતામાંથી ટુકડે-ટુકડે કુલ રૂ. ૬,૭૮,૩૮૯ની માતબર રકમ ઉપડી ગઈ હતી.

છેતરપિંડીનો અહેસાસ થતા તેમણે સાયબર હેલ્પલાઈન પર ફરિયાદ નોંધાવી હતી, જેના આધારે પોલીસે તપાસ હાથ ધરી છે. ઓળખની ખાતરીં ફોન પર કોઈ જૂના પરિચિત તરીકે ઓળખ આપે તો તરત વિશ્વાસ ન કરો, પહેલા રૂબરૂ કે જાણીતા નંબર પર તપાસ કરો. બેંક કાર્ડના નંબર, સીવીવી, ઓટીપી ક્યારેય કોઈને ન આપો. યાદ રાખો, બેંક ક્યારેય આવી વિગતો માંગતી નથી. પૈસા મેળવવા માટે ક્યારેય ક્યુઆર કોડ સ્કેન કરવાની કે પિન નાખવાની જરૂર પડતી નથી. નાણાકીય છેતરપિંડીના કિસ્સામાં ગોલ્ડન અવરમાં જ ૧૯૩૦ પર કોલ કરી ટ્રાન્ઝેક્શન અટકાવવાનો પ્રયાસ કરો.

ઠગાઇની બીજી એક ઘટનામાં દમણમાં દરિયા કિનારે લેટ અપાવવાના નામે સુરતના બિલ્ડરે છ રોકાણકારો પાસેથી એક કરોડ રૂપિયાની રકમ પડાવી લેતા ખદોદરા પોલીસ મથકમાં તેની સામે ફરિયાદ કરાઇ છે. જેને લઇ આરોપી બિલ્ડરની ધરપકડ કરી પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી. સંઘ પ્રદેશ દમણમાં સ્ટાર હોટેલ અને લેટના નામે ૧૧ માળનું કોમ્પ્લેક્સનું આયોજન કરવાના સપના બતાવી સુરત સિટીલાઇટના બિલ્ડરે ૬ રોકાણકારો પાસેથી એક કરોડ સાત લાખ રૂપિયા પડાવી લીધા હતા. લેટનો કબજો ન આપી રૂપિયા પણ પરત ન કરતા બિલ્ડર સામે સુરતના ખટોદરા પોલીસ મથકમાં ફરિયાદ કરાઇ હતી.

આ ગુનામાં બિલ્ડર ભરત ઉર્ફે ભરત સિંધી મોહન ભારવાની ની મોનીલીઝા પાર્ક સિટીલાઇટ સુરતની ધરપકડ કરાઇ છે. આરોપી બિલ્ડરે તેના સાગરીતો સાથે મળી દમણના કથીરીયા ખાતે જમીનમાં સ્કાયડેક નામના પ્રોજેક્ટનું આયોજન કર્યું હતું. જેમાં છ લોકોએ લેટ લેવા માટે બિલ્ડરને ૧.૦૭ કરોડ ચૂકવ્યા હતા. લેટ ન આપી રૂપિયા ચાંઉ કરતા તેની સામે રોકાણકારોએ ફરિયાદ કરી હતી. દમણમાં કથીરીયા વિસ્તાર એરપોર્ટ વિસ્તારમાં હોવાથી અહીં ગ્રાઉન્ડ પ્લસ ટુ અથવા થ્રીની જ પરમિશન હોય છે. ત્યાં બિલ્ડરે રોકાણકારોને અગીયાર માળની બિલ્ડિંગના સપના બતાવ્યા હતા. કોઇપણ ચકાસણી વગર રૂપિયા ચૂકવી દેતા તેઓ અંતે છેતરાયા હતા.

સમસ્યા એ જીવનનો એક ભાગ છે તેનાથી ડરો નહિ, અનુભવો, શીખો, જિંદગીને જીવો

# કોમ્પ્યુટર એન્જિનીયર યુવાને જિંદગીને કહ્યું અલવીદા



ત્રીસ વર્ષના યુવાને ભાઇ-ભાભી સાથે છેલ્લુ ભોજન લીધુ પછી ઝેર પીધુંઃ વાવડીની કરૂણ ઘટનાઃ આત્મહત્યાનું કારણ શોધવા પોલીસ તપાસ યથાવત

રાજકોટ,તા.૨૮

લોકો અલગ અલગ કારણોસર મોતને વ્હાલુ કરી લેતાં હોય છે. અનેક એવા બનાવો હોય છે જેમાં આત્મહત્યાના કારણો પણ સામે આવતાં નથી. આવા લોકો પોતે તો આપઘાત કરીને કાયમને માટે સમસ્યાથી છુટકારો મેળવી લેતાં હોય છે. પરંતુ પોતાના આ પગલા પછી પોતાની પાછળના સ્વજનોની હાલત કેવી થશે તે વિચારતા હોતા નથી. આવી જ એક ઘટનામાં એક આશાસ્પદ એન્જિનીયર યુવાને જિંદગીને અલવીદા કહી દીધુ હતું.

વિગતો પર નજર કરીએ તો શહેરના વાવડીમાં રહેતાં મુળ જામકંડોરણાના રામપરના ત્રીસ વર્ષના કોમ્પ્યુટર એન્જિનીયર યુવાને ઝેરી દવા પી આપઘાત કરી લેતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ છે. આ યુવાન હાલ રાજકોટ ભાઇ-ભાભી સાથે રહેતો હતો. પોલીસ સુત્રોમાંથી મળેલી માહિતી અનુસાર વાવડીમાં આવેલા ઓજસઓરા સોસાયટીમાં રહેતાં પિયુષભાઇ ધનજીભાઇ કામાણી નામના ત્રીસ વર્ષના યુવાને રાતે ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કરતાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયો હતો.

પરંતુ સારવાર કારગત ન નીવડતાં તેનું મૃત્યુ થયું હતું. બનાવની જાણ તાલુકા પોલીસને હોસ્પિટલ મારફત થતાં હેડકોન્સ. કિશનભાઇ અજાગીયા સહિતે પહોંચી કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં ખુલ્યા મુજબ પિયુષભાઇ બે ભાઇમાં નાનો હતો. તેણે કોમ્પ્યુટર એન્જિનીયરીંગનો અભ્યાસ કર્યો હતો. હાલ તે રાજકોટ વાવડીમાં ભાઇ-ભાભી સાથે રહેતો હતો અને ઓનલાઇન બિઝનેસ કરતો હતો. સાંજે તેણે ભાઇ-ભાભી સાથે જમ્યા બાદ પોતાના રૂમમાં જઇ ઝેર પી લીધુ હતું. ઉલ્ટીઓ કરવા માંડતા મોટા ભાઇએ તપાસ કરતાં તેણે દવા પી લીધાનું જણાતાં તુરત જ સારવાર માટે ખસેડ્યો હતો. પરંતુ જીવ બચી શક્યો નહોતો. આ બનાવથી પરિવારમાં કલ્પાંત સર્જાયો છે. પોલીસે આપઘાતનું કારણ બહાર ન આવતાં અંતિમવિધી બાદ પોલીસ મૃતકના સ્વજનો, મિત્રો સહિતની પાસેથી કારણ જાણવા વિગતો મેળવવા પ્રયાસ કરશે.

વ્યાજંકવાદના ઉંડા મુળીયાઃ હવે વ્યાજખોરીને કારણે લોહી રેડાયુંઃ કોથળામાંથી મળેલી લાશનો ભેદ ખુલ્યો

# વ્યાજખોર આધેડને પતાવી લાશ પેક કરી ફેંકી દેવાઈ’તી!

## ત્રણ લાખ વ્યાજે લેનારે આટલી જ રકમ અને વ્યાજ ચુકવ્યું છતાં મૃતક વધુ ને વધુ નાણા માંગી હેરાન કરતો હોઇ પૈસા લઇ જવાના બહાને બોલાવી ગળાટુંપો દઇ પતાવી લાશ કોથળામાં પેક કરી ફેંકી દીધી હતીઃ પોલીસની ટીમોએ મર્ડર મિસ્ટ્રી ઉકેલી હત્યારાને દબોચ્યો

રાજકોટ,તા.૨૮

વ્યાજંકવાદના દૂષણને ડામવા પોલીસ સતત કાર્યરત રહે છે. પરંતુ આ દુષણ કેમેય કરીને નાબુદ થતું નથી તે પણ હકિકત છે. વ્યાજખોરીમાં ફસાયેલા લોકો ઘણીવાર આપઘાત કરી લેતાં હોય છે. વ્યાજની ઉઘરાણી મામલે મારામારી પણ થતી હોય છે. તો ઘણીવાર વાત હત્યા સુધી પણ પહોંચી જતી હોય છે. આવી જ એક ઘટના સામે આવી છે જેમાં વ્યાજખોરની હત્યા કરવામાં આવી છે. તાજેતરમાં એક આધેડની હત્યા કરી લાશ કોથળામાં પેક કરી ફેંકી દેવામાં આવી હતી. આ હત્યાનો ભેદ ખુલવા સાથે ચોંકાવનારી વિગતો સામે આવી છે. હત્યાનો ભોગ બનનારે વ્યાજે ત્રણ લાખથી વધુની રકમ દીધી હતી, તેની સામે આટલી જ રકમ અને વધારાનું વ્યાજ વસુલી લીધુ હતું. આમ છતાં આ આધેડ સતત વધુ વ્યાજ માંગી નાણા લેનારને હેરાન પરેશાન કરતાં હોઇ વ્યાજમાં ફસાયેલા શખ્સે આ આધેડને પતાવી દેવાનો પ્લાન ઘડી તેની હત્યા નીપજાવ્યાનું ખુલ્યું છે.

ખળભળાટ મચાવતી આ ઘટનાની વિગતો પર નજર કરીએ તો વડોદરા જિલ્લાના કરજણ પાસે કુરાલીથી કોઠાવ જતી કેનાલ રોડ પર થયેલી આધેડના હત્યા કેસનો ભેદ ઉકેલાઈ ગયો છે. આરોપી રતિલાલએ વ્યાજે લીધેલા ૩.૫ લાખ રૂપિયા વ્યાજ સાથે પરત કર્યા બાદ પણ મૃતક કનકસિંહે વધુ રકમની માંગણી કરીને માનસિક આપ્યો હતો, જેથી કંટાળીને આરોપીએ હત્યાનો પ્લાન બનાવ્યો હતો. પોલીસે આરોપી રતિલાલ વસાવાની ધરપકડ કરીને વધુ તપાસ શરૂ કરી હતી. ગત તા. ૨૩/૦૪/૨૦૨૬ના રોજ બપોરના સમયે કેનાલ રોડની નીચે ઝાંડી-ઝાંખરામાં એક અજાણ્યા આધેડની લાશ પ્લાસ્ટિકના કોથળામાં ભરેલી હાલતમાં મળી આવી હતી.




પ્રાથમિક તપાસમાં કોઈ અજાણ્યા ઈસમ દ્વારા હત્યા કરી પુરાવા નષ્ટ કરવા લાશ છુપાવવાનો પ્રયાસ કરાયો હોવાનું સામે આવ્યું હતું. આ બનાવ અંગે કરજણ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા આરોપી સામે હત્યાનો ગુનો નોંધાયો હતો. ઘટનાની ગંભીરતા ધ્યાનમાં રાખીને વડોદરા જિલ્લા પોલીસ વડા સુશિલ અગ્રવાલના માર્ગદર્શન હેઠળ ઓપરેશન હાથ ધરાયું હતું. નાયબ પોલીસ અધિક્ષક પી.એન. પટેલની આગેવાનીમાં એલ.સી.બી., એસ. ઓ.જી. અને કરજણ પોલીસની સંયુક્ત ટીમો બનાવી તપાસ શરૂ કરવામાં આવી હતી. ન્દગ પીઆઇ પી.જે.ખરસાણ, ગ્રામ્ય એલસીબી પીઆઇ પી. કે. સોઢા અને કરજણ પોલીસ સ્ટેશનના પીઆઇ બી.એમ.પટેલ તપાસમાં જોડાયા હતા.

આ ટીમોની તપાસ દરમિયાન મૃતકની ઓળખ કનકસિંહ માનસિંહ ચૌહાણ તરીકે થઇ હતી. જે વ્યાજે નાણા આપવાનો ધંધો કરતા હતા. પોલીસે નાણાકીય લેવડદેવડ તથા અંગત અદાવતના દિશામાં તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન મૃતકની બાઈક ધાવટ ગામ નજીક મળી આવી હતી. હ્યુમન અને ટેકનીકલ સોર્સની મદદથી તપાસ કરતાં જાણવા મળ્યું હતું કે, કનકસિંહ પાસેથી ગામના જ રહેવાસી રતિલાલ અમરસંગ વસાવાએ વ્યાજે રૂપિયા લીધા હતા અને ઉઘરાણીને લઈને બંને વચ્ચે મનદુઃખ હતું.

બાદમાં પોલીસે રતિલાલ વસાવાને કસ્ટડીમાં લઈને પૂછપરછ કરતા શરૂઆતમાં ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કર્યો હતો. શરૂઆતમાં તો પોતે આ બનાવ વિશે કંઇ જાણતો નથી એવો કક્કો ઘુંટ્યો હતો. પરંતુ પોલીસને પુરી શંકા હોઇ કડક પૂછપરછમાં તે ભાંગી પડ્યો હતો. આરોપીએ કબૂલાત કરી કે વર્ષો પહેલા લીધેલા ૩.૫ લાખ રૂપિયા વ્યાજ સહિત ચૂકવી દીધા હોવા છતાં કનકસિંહ વધુ રકમની માંગણી કરી માનસિક ત્રાસ આપતા હતા. જેના કારણે કંટાળી જઈ તેણે તેને પતાવી દેવાનો પ્લાન ઘડ્યો હતો. આ પ્લાન મુજબ અઢારમીના રોજ સવારે કુરાલી બસ સ્ટેન્ડ પાસે મળ્યા બાદ આરોપીએ કનકસિંહને બપોરે પૈસા આપવાના બહાને કેનાલ રોડ પર એકાંત જગ્યાએ બોલાવ્યા હતા.

ત્યાં ગળામાં દોરી વડે ટૂંપો આપી તેમની હત્યા કરી લાશને કોથળામાં ભરી ઝાડીઓમાં ફેંકી દીધી હતી. ત્યારબાદ મૃતકની બાઈક અન્ય સ્થળે મૂકી આરોપી ફરાર થઈ ગયો હતો. પોલીસે આરોપી રતિલાલ અમરસંગ વસાવાને ઝડપી પાડી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. આમ વ્યાજખોરીના આ કિસ્સામાં વાત હત્યા સુધી પહોંચી ગઇ હતી. જે રકમ વ્યાજે લીધી હતી તેના કરતાં પણ વધુ ચુકવી દીધી હતી અને વ્યાજ પણ ભર્યુ હતું. છતાં અહિ વ્યાજખોર દ્વારા સતત વધુ રૂપિયાની ઉઘરાણી થતી હોઇ વ્યાજે નાણા લેનાર હેરાન પરેશાન થઇ ગયો હતો અને તેણે હત્યા કરવા સુધીનું પગલુ ભરી લીધુ હતું.

### અસંતોષનો બોમ્બ સૂરસૂરિયું થઈ ગયોઃ ઓછા મતદાનમાં પણ ધીંગો વિજયઃ આદર્શ શાસનની અપેક્ષા

# રંગીલુ નહીં, ભગવું રાજકોટ

## ૬૫ બેઠકો પર પ્રચંડ વિજયઃ વિપરીત સ્થિતિમાં પણ ભાજપે વિપક્ષને મ્હાત આપીઃ કોંગ્રેસને ૭,આપ સાફ

રાજકોટ, તા. ૨૮

રાજકોટ મહાનગરપાલિકાની ચૂંટણીના પરિણામોએ સ્પષ્ટ કરી દીધું છે કે સૌરાષ્ટ્રના રાજકારણમાં ભાજપનો દબદબો અકબંધ છે. 'રંગીલું રાજકોટ' હવે કેસરી રંગના પ્રચંડ જુવાળમાં 'ભગવું' બની ગયું છે. કુલ ૭૨ બેઠકોમાંથી ૬૫ બેઠકો પર ભાજપે ભવ્ય વિજય મેળવ્યો છે. આ પરિણામો માત્ર એક પક્ષની જીત નથી, પરંતુ વિપક્ષો માટે ગંભીર આત્મમંથન અને સત્તાધારી પક્ષ માટે જવાબદારીનો નવો અધ્યાય છે.

ચૂંટણી પહેલાંનું ચિત્ર ભાજપ માટે પડકારજનક લાગતું હતું. મોંઘવારી, સ્થાનિક સ્તરે એન્ટી-ઈન્કમ્બન્સી અને ખાસ કરીને ટિકિટ વિતરણ બાદ જાગેલો આંતરિક રોષ એક મોટો ખતરો હતો. રાજકીય પંડિતો અનુમાન લગાવી રહ્યા હતા કે અસંતોષનો આ બોમ્બ ભાજપના ગઢમાં ગાબડું પાડશે. જોકે, ભાજપના મોવડીમંડળે રણનીતિ પૂર્વક જે રીતે ડેમેજ કન્ટ્રોલ કર્યું તે કાબિલેદાદ છે. નારાજ નેતાઓને મનાવી લેવામાં આવ્યા અને સંગઠનની શક્તિને કામે લગાડી દેવાઈ. પરિણામે, જે અસંતોષ ફાટી નીકળવાની શક્યતા હતી, તે સાવ સૂરસૂરિયું થઈ ગયો. ભાજપે પોતાની આંતરિક જૂથબંધી પર કાબૂ મેળવીને ફરી એકવાર સાબિત કર્યું કે ચૂંટણી જીતવાની કળામાં તેમની કોઈ તોલે આવી શકે તેમ નથી.



આ ચૂંટણીમાં વિપક્ષ પાસે જનતાનો અવાજ બનીને ઉભરવાની અને ભાજપને ટક્કર આપવાની પૂરતી તક હતી, પરંતુ વિપક્ષી નેતાઓમાં આ તકનો લાભ લેવાની આવડતનો અભાવ સ્પષ્ટ દેખાયો. કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી જો મળીને લડ્યા હોત, તો કદાચ ભાજપ માટે આટલો મોટો આંકડો મેળવવો મુશ્કેલ બન્યો હોત. આંકડાકીય વિશ્લેષણ મુજબ, વિપક્ષના મતોનું વિભાજન ભાજપ માટે આશીર્વાદરૂપ સાબિત થયું. વિપક્ષો જનતાના પાયાના પ્રશ્નોને મજબૂત રીતે ચૂંટણીના મેદાનમાં લાવી શક્યા નહીં, જેના કારણે મતદારોએ ફરીથી જૂના અને જાણીતા ભાજપ પર જ ભરોસો મૂક્યો. કોંગ્રેસ ભલે પરાજિત થઈ હોય, પરંતુ તેણે ૭ બેઠકો મેળવીને રાજકોટમાં પોતાનું અસ્તિત્વ જાળવી રાખ્યું છે. આ સાત બેઠકો એ આશાનું કિરણ છે કે જો કોંગ્રેસ પોતાનું સંગઠન પાયાના સ્તરથી મજબૂત બનાવે, તો તે હજુ પણ પ્રભાવી બની શકે છે. કોંગ્રેસે હવે માત્ર આક્ષેપો કરવાને બદલે નિર્ણાયક વિરોધની નક્કર રણનીતિ ઘડવી પડશે. લોકશાહીમાં વિપક્ષની ભૂમિકા ખૂબ જ મહત્વની હોય છે; તે શાસક પક્ષને બેફામ બનતા અટકાવે છે. કોંગ્રેસે જનતાના પ્રશ્નો માટે રસ્તા પર ઉતરીને સંઘર્ષ કરવો પડશે અને લોકોનો વિશ્વાસ ફરીથી સંપાદિત કરવો પડશે.

બીજી તરફ, આમ આદમી પાર્ટી (આપ) નો આ ચૂંટણીમાં સફાયો થયો છે. 'આપ' એ ગુજરાતના અન્ય શહેરોમાં જે રીતે દેખાવ કર્યો હતો, તેવું રાજકોટમાં પુનરાવર્તન થયું નથી. આ પરિણામ 'આપ' માટે શીખવા જેવું છે. તેમણે ગંભીરતાથી કાર્ય કરીને લોકોના દિલમાં મજબૂત સ્થાન બનાવવું જરૂરી છે. માત્ર સોશિયલ મીડિયા કે જાહેરાતોથી નહીં, પરંતુ જમીની સ્તરે કાર્યકર્તાઓનું નેટવર્ક ઉભું કરીને જ ભાજપ જેવી મશીનરી સામે ટકી શકાય છે. લોકોના રોજબરોજના પ્રશ્નોમાં સહભાગી થઈને 'આપ' એ પોતાનો પાયો નાખવો પડશે.

રાજકોટની જનતાએ આ વખતે મતદાનમાં થોડી ઉદાસીનતા દાખવી હતી, જે ઓછા મતદાનની ટકાવારીમાં પ્રતિબિંબિત થાય છે. આમ છતાં, ભાજપના મતદારોએ બૂથ સુધી પહોંચીને પક્ષને પ્રચંડ બહુમતી અપાવી. આ વિજય ભાજપ માટે જેટલો આનંદદાયક છે, તેટલો જ જવાબદારીપૂર્વકનો પણ છે. લોકોએ ફરી એકવાર સત્તા સોંપી છે, ત્યારે હવે આદર્શ શાસનની અપેક્ષા રાખવી અસ્થાને નથી.

રાજકોટના નવનિર્વાચિત પ્રતિનિધિઓ પાસે જનતાને ઘણી આશાઓ છે. આંતરિક જૂથવાદ અને સત્તાના ખેંચતાણથી દૂર રહીને નેતાઓ શહેરના વિકાસ પર ધ્યાન આપે તે જરૂરી છે. પાણીની સમસ્યા, ટ્રાફિકનું આયોજન અને સ્માર્ટ સિટી પ્રોજેક્ટ્સને વેગ આપવો એ પ્રાથમિકતા હોવી જોઈએ. જો ભાજપ આ વિશ્વાસને સાર્થક કરશે, તો જ આ ભગવો રંગ ભવિષ્યમાં પણ અકબંધ રહેશે. એક મજબૂત શાસક અને એક સજાગ વિપક્ષ એ જ રાજકોટના ઉજ્જ્વળ ભવિષ્યની ચાવી છે. લોકશાહીમાં હાર-જીત તો ચાલ્યા કરે, પરંતુ જનહિત સર્વોપરી રહેવું જોઈએ.

### વોર્ડ નં. ૧

| ભાજપ | કોંગ્રેસ | AAP | વિજેતા |
|---|---|---|---|
| અંજના મોરજરીયા<br>૧૮૧૬૮ | જલ્પાબેન ગોહેલ<br>૪૫૭૬ | ગૌરી પાંખણીયા<br>૩૫૪૦ | ભાજપ |
| સેજલ ચૌધરી<br>૧૫૭૧૧ | સોનિયા રાવલ<br>૩૬૮૧ | રાજલ ગઢવી<br>૨૪૨૭ | ભાજપ |
| જયરાજસિંહ જાડેજા<br>૧૬૩૦૩ | હિતેન્દ્રસિંહ ચુડાસમા<br>૩૩૯૫ | મહેશ બાંભવા<br>૨૫૬૯ | ભાજપ |
| પરેશ ઠાકર<br>૧૫૮૭૯ | રમેશ જુંજા<br>૩૯૩૯ | વાલજીભાઈ<br>૩૦૭૫ | ભાજપ |

### વોર્ડ નં. ૨

| ભાજપ | કોંગ્રેસ | AAP | વિજેતા |
|---|---|---|---|
| દક્ષાબેન વાઘેલા<br>૧૧૭૮૯ | ગીતાબેન પરમાર<br>૬૦૬૭ | ચિંતન દવે<br>૧૭૪૩ | ભાજપ |
| ધૈર્ય પારેખ<br>૧૧૯૫૩ | નયનાબા જાડેજા<br>૬૩૪૬ | હેતલ મકવાણા<br>૧૧૧૪ | ભાજપ |
| મીનાબા જાડેજા<br>૧૧૪૪૮ | ભાવેશ વાઘેલા<br>૫૫૪૪ | હંસાબેન ધમ્મર<br>૮૪૨ | ભાજપ |
| શૈલેષ વસાણી<br>૧૦૯૯૮ | સલીમ કારીયાણીયા<br>૫૩૦૯ | – | ભાજપ |

### વોર્ડ નં. 3

| ભાજપ | કોંગ્રેસ | AAP | વિજેતા |
|---|---|---|---|
| અજય મજેઠીયા<br>૨૨૪૮૫ | અતુલ રાજાણી<br>૧૨૫૦૯ | અખતર બ્લોચ<br>૨૩૪૮ | ભાજપ |
| અલ્પાબેન દવે<br>૨૨૪૧૪ | આરતી આસવાણી<br>૮૬૯૫ | ગીતાબા જાડેજા<br>૧૮૧૩ | ભાજપ |
| નરેન્દ્રસિંહ જાડેજા<br>૨૨૨૦૮ | ગાયત્રીબા વાઘેલા<br>૯૪૧૦ | જ્યોતીબેન પરમાર<br>૧૩૬૪ | ભાજપ |
| હિના બેલાણી<br>૨૦૮૫૬ | દિનેશ મકવાણા<br>૮૫૫૮ | પરેશ દુલાણી<br>૨૦૨૭ | ભાજપ |

### વોર્ડ નં. ૪

| ભાજપ | કોંગ્રેસ | AAP | વિજેતા |
|---|---|---|---|
| કંકુબેન ઉઘરેજા<br>૧૫૬૨૩ | શિતલબેન પરમાર<br>૪૭૬૧ | અવનીબેન જાગાણી<br>૧૦૪૬૯ | ભાજપ |
| રાજેશ્વરીબેન માલવીયા<br>૧૪૪૧૯ | કલ્પનાબેન ગૌસ્વામી<br>૫૮૩૬ | રિધ્ધીબેન મેતરીયા<br>૧૦૧૪૧ | ભાજપ |
| ભરતભાઈ લીંબાસીયા<br>૧૪૭૯૯ | ઠાકરશી ગજેરા<br>૫૪૯૬ | હાર્દિક રાબડિયા<br>૧૦૦૮૮ | ભાજપ |
| કાળુભાઈ કુંગશીયા<br>૧૭૨૪૪ | દિપક મકવાણા<br>૫૨૫૬ | રાહુલ ભુવા<br>૧૧૯૨૮ | ભાજપ |

### વોર્ડ નં. ૫

| ભાજપ | કોંગ્રેસ | AAP | વિજેતા |
|---|---|---|---|
| રસિલાબેન સાકરીયા<br>૧૨૪૫૯ | મનીષાબેન મુંગલપરા<br>૩૩૩૨ | નિતાબેન અજાણી<br>૪૩૭૦ | ભાજપ |
| સ્મીતાબેન ગોહિલ<br>૧૧૮૯૫ | હંસાબેન સોનારા<br>૨૯૪૯ | કિંજલબેન ભરવાડ<br>૪૨૦૩ | ભાજપ |
| સંજય ચાવડા<br>૧૧૯૧૩ | રૈયાભાઈ બાંભવા<br>૩૫૬૫ | અશોક દુધાગરા<br>૪૯૧૨ | ભાજપ |
| દિલીપ લુણાગરીયા<br>૧૪૧૯૭ | જીતેન્દ્ર રૈયાણી<br>૩૮૬૨ | જયદીપ ભડાણીયા<br>૪૨૧૭ | ભાજપ |

### વોર્ડ નં. ૬

| ભાજપ | કોંગ્રેસ | AAP | વિજેતા |
|---|---|---|---|
| ધર્મિષ્ઠાબેન પરમાર<br>૧૧૮૭૫ | દક્ષાબેન મકવાણા<br>૫૬૯૭ | રેખાબેન ડાંગર<br>૨૭૦૩ | ભાજપ |
| પૂનમબેન મોરવાડીયા<br>૧૧૭૦૩ | હેવુબેન જાદવ<br>૫૭૧૧ | મંજુલાબેન પારઘી<br>૨૭૩૩ | ભાજપ |
| અનિલ ચૌહાણ<br>૧૩૬૪૫ | શૈલેષ સાકરીયા<br>૫૨૧૩ | કુલદીપ રામાણી<br>૩૬૨૮ | ભાજપ |
| પરેશ પીપળીયા<br>૧૨૩૨૯ | ઉકેશ રબારી<br>૬૨૨૫ | નરેન્દ્ર જાગાણી<br>૩૨૧૯ | ભાજપ |

### વોર્ડ નં. ૭

| ભાજપ | કોંગ્રેસ | AAP | વિજેતા |
|---|---|---|---|
| ખ્યાતીબેન ગોહેલ<br>૧૪૦૭૫ | જીજ્ઞેશ વાગડીયા<br>૫૦૦૮ | ચેતનાબેન અમરેલીયા<br>૧૪૩૧ | ભાજપ |
| દર્શન પેંગ્યાતર<br>૧૩૨૧૪ | રચના જોષી<br>૪૩૦૫ | દિપક મુલીયાણા<br>૧૨૩૨ | ભાજપ |
| નેહલ શુકલ<br>૧૪૦૨૪ | રણજીત પરમાર<br>૩૬૬૦ | દિપાલી મહેતા<br>૧૩૪૨ | ભાજપ |
| વર્ષાબેન પાંધી<br>૧૩૩૮૪ | હંસાબેન ગુજરીયા<br>૩૬૩૬ | પરેશ શિંગાળા<br>૧૬૩૭ | ભાજપ |

### વોર્ડ નં. ૮

| ભાજપ | કોંગ્રેસ | AAP | વિજેતા |
|---|---|---|---|
| કિરણબેન માકડીયા<br>૧૬૭૪૪ | પુષ્પાબેન કટારીયા<br>૩૪૬૨ | દિનેશ જોષી<br>૪૨૬૬ | ભાજપ |
| પ્રવિણ સેગલીયા<br>૧૪૩૫૭ | પ્રતિબેન દેસાઈ<br>૨૯૮૪ | મોસ્મીબેન કલ્યાણી<br>૩૫૫૪ | ભાજપ |
| મનિષ ભટ્ટ<br>૧૪૬૪૪ | મેહુલ મકવાણા<br>૩૦૫૨ | શારદાબેન ભલાણી<br>૩૭૨૨ | ભાજપ |
| રીટાબેન સખીયા<br>૧૫૫૪૬ | રણજીત મુંધવા<br>3013 | શિવલાલ બારસીયા<br>5030 | ભાજપ |

### વોર્ડ નં. ૯

| ભાજપ | કોંગ્રેસ | AAP | વિજેતા |
|---|---|---|---|
| જયસુખ કાથરોટીયા<br>૨૦૦૮૧ | ગીરીશ ઘરસંડીયા<br>૪૦૫૫ | અંજનાબેન વાછાણી<br>૩૪૪૨ | ભાજપ |
| જાનકીબેન કાટોડીયા<br>૧૮૫૨૪ | જલ્પેશ વાઘેલા<br>૩૧૮૬ | જગદીશ મારૂ<br>૨૭૯૨ | ભાજપ |
| દક્ષાબેન વસાણી<br>૧૮૬૦૨ | દિપુબેન રવીયા<br>૨૯૮૩ | નિતાબેન મહેતા<br>૨૮૯૬ | ભાજપ |
| રાજુ અઘેરા<br>૧૭૮30 | યોગીતાબેન વાડોલીયા<br>૩૧૭૯ | લાલજી ચૌહાણ<br>૨૧૬૪ | ભાજપ |

### વોર્ડ નં. ૧૦

| ભાજપ | કોંગ્રેસ | AAP | વિજેતા |
|---|---|---|---|
| અશ્વિન ભોરણીયા<br>૧૬૬૦૩ | આર.જે.આભા દેસાઈ<br>૪૨૬૯ | જયદીપ નિમ્બાર્ક<br>૧૪૯૪ | ભાજપ |
| ઘનશ્યામ હેરભા<br>૧૪૯૦૯ | ભાર્ગવીબા ગોહિલ<br>૩૯૩૩ | ભાવનાબેન ગજેરા<br>૧૮૨૮ | ભાજપ |
| જ્યોત્સનાબેન ટીલાળા<br>૧૫૮૬૨ | ભાવેશ ચૌહાણ<br>૨૮૪૮ | ભાવનાબેન પરમાર<br>૧૨૪૭ | ભાજપ |
| નિતાબેન લાલ<br>૧૪૪૨૭ | ડો.રતિલાલ ડોબરીયા<br>૩૧૬૧ | મૌલીક દેલવાડીયા<br>૧૪૦૦ | ભાજપ |

### વોર્ડ નં. ૧૧

| ભાજપ | કોંગ્રેસ | AAP | વિજેતા |
|---|---|---|---|
| ભારતીબેન પાડલીયા<br>૨૩૮૨૭ | અશ્મિતાબેન ઉમરેટીયા<br>૫૩૩૨ | કિરણ ગોહેલ<br>૮૬૯૦ | ભાજપ |
| મહેશ પીપળીયા<br>૨૨૯૫૧ | કેતન તાળા<br>૫૫૩૫ | પિયુષ ભંડેરી<br>૯૭૭૫ | ભાજપ |
| મીતલબેન લાઠીયા<br>૨૧૩૭૪ | મથુરભાઈ માલવી<br>૪૬૦૩ | મંજુલાબેન શિંગાળા<br>૯૪૦૭ | ભાજપ |
| રક્ષીત કલોલા<br>૨૧૦૩૯ | શોભનાબેન પરમાર<br>૪૦૮૮ | રૂપલબેન વાછાણી<br>૯૪૯૬ | ભાજપ |

### વોર્ડ નં. ૧૨

| ભાજપ | કોંગ્રેસ | AAP | વિજેતા |
|---|---|---|---|
| કિરણબેન હરસોડા<br>૧૭૫૬૦ | ઉર્વશીબા જાડેજા<br>૫૮૨૬ | આરિતબેન પાંભર<br>૪૩૨૬ | ભાજપ |
| કિશન ટીલવા<br>૧૬૧૯૦ | કમલેશ કોઠીવાળ<br>૫૦૩૧ | દક્ષાબેન ગોજારીયા<br>૪૦૪૧ | ભાજપ |
| જયશ્રીબા જાડેજા<br>૧૫૫૪૧ | કોમલબેન પટેલ<br>૫૧૬૫ | મહેશ રાઠોડ<br>૩૬૭૨ | ભાજપ |
| ડો.પ્રદિપ ડવ<br>૧૭૩૨૨ | સંજય અજુડીયા<br>૫૬૨૬ | મિલન સોજીત્રા<br>૪૨૨૧ | ભાજપ |

### વોર્ડ નં. ૧૩

| ભાજપ | કોંગ્રેસ | AAP | વિજેતા |
|---|---|---|---|
| પંકજ લુણાગરીયા<br>૧૨૯૬૮ | શાંતાબેન મકવાણા<br>૪૦૨૬ | દિવ્યાબેન દવે<br>૩૬૭૦ | ભાજપ |
| માધવીબેન બક્રકીયા<br>૧૧૯૭૧ | સુનિલ ચાવડીયા<br>૪૧૬૪ | નિરવ પરસાણા<br>૩૭૫૮ | ભાજપ |
| મોહિતસિંહ જાડેજા<br>૧૧૮૪૧ | સુર્યકાંત કણસાગરા<br>૩૯૧૬ | સંજયસિંહ વાઘેલા<br>૪૨૬૮ | ભાજપ |
| સોનલબેન સેલારા<br>૧૧૩૭૨ | હેમાંગીબેન ગોંડલીયા<br>૩૮૮૮ | હંસાબેન કારેથા<br>૩૨૯૧ | ભાજપ |

### વોર્ડ નં. ૧૪

| ભાજપ | કોંગ્રેસ | AAP | વિજેતા |
|---|---|---|---|
| અરૂણાબેન આડેસરા<br>૧૫૯૩૩ | અનિષ જોષી<br>૭૩૯૨ | જયદીપ નકુમ<br>૧૬૦૧ | ભાજપ |
| કેતન કુંમ્મર<br>૧૫૭૫૦ | પ્રિતેશ ચાવડીયા<br>૬૯૯૭ | નૈમીષ પાટડીયા<br>૧૮૫૪ | ભાજપ |
| ચંદ્રાબેન વાળા<br>૧૫૨૦૯ | મંજુલાબેન દેવડા<br>૫૭૮૧ | શિતલ ગોહેલ<br>૧૫૦૬ | ભાજપ |
| હિરેન ખીમાણીયા<br>૧૪૦૨૬ | સરીયુબેન શિયાણી<br>૫૭૫૭ | સોનલબેન વિરાણી<br>૧૩૭૨ | ભાજપ |

### વોર્ડ નં. ૧૫

| ભાજપ | કોંગ્રેસ | AAP | વિજેતા |
|---|---|---|---|
| નિલેશ હેરભા<br>૧૧૫૨૯ | વશરામ સાગઠીયા<br>૧૧૩૭૫ | જાગૃતિબેન હુંબલ<br>૨૩૫૦ | ભાજપ |
| પુજાબેન સોલંકી<br>૧૦૩૮૪ | મનીષાબેન રોજાસરા<br>૧૦૭૯૬ | સાયરા જોખીયા<br>૧૪૩૨ | કોંગ્રેસ |
| મૌલીક પરમાર<br>૧૦૭૮૬ | મકબુલ દાઉદાણી<br>૧૧૯૦૯ | – | કોંગ્રેસ |
| હેતલબેન કુમારખાણીયા<br>૧૦૨૦૬ | સુધાબા વાઘેલા<br>૧૦૯૦૨ | – | કોંગ્રેસ |

### વોર્ડ નં. ૧૬

| ભાજપ | કોંગ્રેસ | AAP | વિજેતા |
|---|---|---|---|
| ઉમેશ વાઘેલા<br>૮૮૨૨ | અર્જુનભાઈ ચૌહાણ<br>૧૦૪૧૩ | ખેરૂનબેન ભુવડ<br>૧૮૬૩ | કોંગ્રેસ |
| જયાબેન હુંબલ<br>૮૩૫૧ | ઈબ્રાહીમ સોરા<br>૧૦૨૩૯ | જય દાફડા<br>૧૨૭૮ | કોંગ્રેસ |
| રાજેશ લીલા<br>૮૩૧૬ | દિપ્તીબેન સોલંકી<br>૯૨૯૫ | દિવ્યાબેન ગોહેલ<br>૧૫૧૭ | કોંગ્રેસ |
| રૂચિતાબેન જોષી<br>૮૦૮૯ | રસિલાબેન ગરીયા<br>૧૧૦૧૭ | વિવેક લીંબાસીયા<br>૧૪૭૧ | કોંગ્રેસ |

### વોર્ડ નં. ૧૭

| ભાજપ | કોંગ્રેસ | AAP | વિજેતા |
|---|---|---|---|
| કિર્તીબા રાણા<br>૧૪૩૪૮ | ગાયત્રીબેન ભટ્ટ<br>૫૮૭૦ | જયોતીબેન કાચા<br>૨૫૯૩ | ભાજપ |
| કૌશિક ટાંક<br>૧૩૫૦૬ | યોગીતાબા જાડેજા<br>૫૭૦૦ | પ્રણવ નૈયા<br>૨૦૬૯ | ભાજપ |
| રસિલાબેન વૈષ્ણવ<br>૧૨૬૯૫ | શૈલેન્દ્ર ટાંક<br>૫૨૯૨ | વિનોદ પીપળીયા<br>૨૨૭૮ | ભાજપ |
| ડો.રિંકલ મેઘાણી<br>૧૨૩૯૯ | શૈલેષ રૂપાપરા<br>૫૨૮૫ | સરોજબેન ખુંટ<br>૨૧૦૬ | ભાજપ |

### વોર્ડ નં. ૧૮

| ભાજપ | કોંગ્રેસ | AAP | વિજેતા |
|---|---|---|---|
| દક્ષાબેન વાઘેલા<br>૧૫૪૯૯ | નિતીન ભંડેરી<br>૫૭૧૩ | રાજેશ ડાંગરીયા<br>૪૫૪૭ | ભાજપ |
| ભારતીબેન પરસાણા<br>૧૪૬૪૫ | ભાનુબેન મારૂ<br>૫૫૧૭ | રિટાબેન ખાટરીયા<br>૪૦૧૮ | ભાજપ |
| સંજય સાગઠીયા<br>૧૩૯૨૦ | માનસીબેન બુટાણી<br>૫૦૭૦ | સુરજ બગડા<br>૩૯૯૧ | ભાજપ |
| સંજયસિંહ રાણા<br>૧૩૯૯૧ | રવિ જીતિયા<br>૪૦૦૮ | સોનલબેન સાવલીયા<br>૫૦૯૨ | ભાજપ |